અમદાવાદ એક્સપ્રેસ

Ahmedabad Express Ahmedabad RNI No.GUJGUJ/2011/40654



પેજ-08
એક કમેન્ટથી મારું જીવન બદલાયું, મને ટોણો માર્યો...'



પેજ-09
પંત અને ગિલ પુણે ટેસ્ટ માટે ઉપલબ્ધ રહેશે

| હવામાન | | |
|---|---|---|
| શહેર | મહત્તમ | લઘુત્તમ |
| અમદાવાદ | 36.00 | 22.00 |
| વડોદરા | 35.00 | 22.00 |
| સુરત | 34.00 | 23.00 |

પેજ 5



હિંડનબર્ગના આરોપો જુઠ્ઠાં, SEBI પ્રમુખ માધબી બુચે કશું ખોટું કર્યું નથી

24 OCTOBER-2024 THURSDAY

શું શેખ હસીના હજુ પણ બાંગ્લાદેશના વડાપ્રધાન છે? રાષ્ટ્રપતિ...



પેજ 10

| શેરબજાર | | |
|---|---|---|
| સેન્સેક્સ | 80081.98 ▼ | 138.74 |
| નિફ્ટી | 24435.50 ▼ | 036.60 |
| સોનું | 78250.00 ▼ | 610.00 |
| ચાંદી | 97470.00 ▼ | 2710.00 |

વર્ષ-13 । અંક-339 । વિક્રમ સંવત-2079 । આસો વદ-08 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ▪ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક

## અનેક લોકોના મોતની આશંકા, પહેલા બોમ્બબ્લાસ્ટ થયો, પછી મહિલા સહિત 2 હુમલાખોરે ગોળીબાર કર્યો

# તુર્કીની રાજધાની અંકારામાં મોટો આતંકી હુમલો

(એજન્સી) અંકારા । તા.23

તુર્કીની રાજધાની અંકારામાં એરોસ્પેસ અને ડિફેન્સ કંપની TUSAS પર બુધવારે આતંકી હુમલો કરવામાં આવ્યો હતો. આ હુમલામાં અનેક લોકોનાં મોત થયાં છે. ઘણા ઘાયલ પણ થયા છે. આ હુમલો ભારતીય સમય અનુસાર સાંજે 6:30 વાગ્યે થયો હતો. તુર્કીના ગૃહમંત્રી અલી યેર્લિકાયાએ X પર પોસ્ટ કર્યું છે કે આ હુમલો રાજધાની અંકારાથી 40 કિમી દૂર કહરામંકજાનમાં થયો હતો, જોકે હજુ સુધી એ સ્પષ્ટ થયું નથી કે આ હુમલા પાછળ કોનો હાથ હતો. હુમલાખોરો ટેક્સીમાં આવ્યા હતા. અહીં પહોંચ્યા પછી તેમણે બોમ્બબ્લાસ્ટ કર્યો અને ફાયરિંગ શરૂ કર્યું. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, ટેક્સીમાં કુલ 3 લોકો સવાર હતા. તેમની વચ્ચે એક મહિલા પણ હતી. તેમાંથી એક આત્મઘાતી બોમ્બર હતો, જેણે પોતાની જાતને બોમ્બથી ઉડાવી દીધી હતી. બાકીના 2 લોકોએ લોકો પર ગોળીબાર શરૂ કર્યો. હાલમાં સુરક્ષા દળો, એમ્બ્યુલન્સ અને ફાયરબ્રિગેડના જવાનોને ઘટનાસ્થળે મોકલવામાં આવ્યાં છે. સ્થાનિક મીડિયા અનુસાર, આ કંપનીમાં લગભગ 15 હજાર લોકો કામ કરે છે. જોકે, અલી



યેર્લિકાયાની રાજધાનીના બહારના વિસ્તારમાં સ્થિત તૂર્કી એરોસ્પેસ ઈન્ડસ્ટ્રીઝ હુમલા અંગે વધુ માહિતી આપવામાં આવી નથી. તૂર્કીની ટોચની સંરક્ષણ કંપની જૂના F-16 ફાઈટર જેટ્સના મેઈન્ટેનન્સનું કામ કરે છે. આ કંપની પોતાના TF-X પ્રોગ્રામ હેઠળ લશ્કરી એરક્રાફ્ટ સહિતના અને સંરક્ષણના સિસ્ટમોનું ઉત્પાદન કરે છે. આ કંપનીએ આ વર્ષે આંતરરાષ્ટ્રીય એર શોમાં અત્યાધુનિક મલ્ટિરોલ હેલિકોપ્ટર પણ રજૂ કર્યું હતું.



### તૂર્કીની ટોચની સંરક્ષણ કંપનીમાં હુમલો કરાયો

તૂર્કી સરકારના ગૃહમંત્રી અલી યર્લિકાયાએ સોશિયલ મીડિયા પર એક પોસ્ટ કરીને કહ્યું કે, 'આતંકવાદીઓએ દેશની ટોચની સંરક્ષણ કંપનીમાં ફાયરિંગ કર્યું છે, જેના અનેક લોકોના મોત થયા છે. આતંકીઓએ અંકારામાં આવેલી સંરક્ષણ કંપની તૂર્કી એરોસ્પેસ ઈન્ડસ્ટ્રી ઈન્ક.માં હુમલો કરતા અનેક લોકોના મોત અને ઘણાં લોકો ઈજાગ્રસ્ત થયા છે.' નોંધનીય છે કે હુમલાખોરો ટેક્સીમાં આવ્યા હતા અને પહેલા બ્લાસ્ટ કરી પછી અંધાધૂંધ ફાયરિંગ કરી તબાહી મચાવી હતી. ઘટનાના સીસીટીવી પણ સામે આવ્યા છે.

# 5 વર્ષ બાદ મોદી-જિનપિંગ વચ્ચે દ્વિપક્ષીય મંત્રણા

## બંને નેતાઓએ 50 મિનિટ ચર્ચા કરી; PMએ કહ્યું- પરસ્પર વિશ્વાસ અને સન્માન જરૂરી




**પીએમ મોદીએ કહ્યુ કે અમે 5 વર્ષ પછી ઔપચારિક રીતે મળી રહ્યા છીએ. છેલ્લા 4 વર્ષમાં સરહદ પર ઉભી થયેલી સમસ્યાઓ પર જે સર્વસંમતિ બની છે તેનું અમે સ્વાગત કરીએ છીએ. સરહદ પર શાંતિ જાળવવી એ અમારી પ્રાથમિકતા હોવી જોઈએ**

(એજન્સી) કઝાન । તા.23

બુધવારના રોજ 5 વર્ષ બાદ રશિયાના કઝાન શહેરમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ વચ્ચે દ્વિપક્ષીય મંત્રણા થઈ. બંને નેતાઓએ સરહદ વિવાદનો શક્ય તેટલો જલ્દી ઉકેલ લાવવા, પરસ્પર સહયોગ અને પરસ્પર વિશ્વાસ જાળવી રાખવા પર ભાર મૂક્યો હતો. 2020માં ગલવાન અથડામણ બાદ બંને નેતાઓ વચ્ચે આ પ્રથમ દ્વિપક્ષીય બેઠક હતી. 50 મિનિટની વાતચીતમાં PM મોદીએ કહ્યું, 'સરહદ પર શાંતિ અને સ્થિરતા જાળવવી એ અમારી પ્રાથમિકતા હોવી જોઈએ. પરસ્પર વિશ્વાસ, પરસ્પર આદર અને પરસ્પર સંવેદનશીલતા આપણા સંબંધોનો પાયો રહેવો જોઈએ. મને વિશ્વાસ છે કે અમે ખુલ્લા મનથી વાત કરીશું અને અમારી ચર્ચા રચનાત્મક રહેશે.' આ પહેલાં ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગે કહ્યું હતું કે, 'બંને દેશોએ પોતાના મતભેદોને યોગ્ય રીતે હેન્ડલ કરવા જોઈએ. આપણે આપણા વિકાસના સપનાઓને સાકાર કરવા માટે સંચાર અને પરસ્પર સહયોગને મજબૂત બનાવવો જોઈએ.

1 ભારત અને ચીને તેમના સંબંધોને સ્થિર રાખવા માટે સાથે મળીને કામ કરવું જોઈએ, જે બંને દેશોના વિકાસ લક્ષ્યોને પ્રાપ્ત કરવામાં મદદ કરી શકે છે.' હવે આગળ શું? સરહદ વિવાદના ઉકેલ માટે બંને દેશોના વિશેષ પ્રતિનિધિઓ ટૂંક સમયમાં મળશે.

2 ભારત તરફથી NSA અજીત ડોભાલ અને ચીન તરફથી વિદેશ મંત્રી વાંગ યી સામેલ થશે. ભારત અને ચીન વચ્ચે પેટ્રોલિંગ પર કરાર ભારતના વિદેશ સચિવ વિક્રમ મિસરીએ 21 ઓક્ટોબરે કહ્યું હતું કે પૂર્વી લદ્દાખમાં LAC પર પેટ્રોલિંગને લઈને ભારત અને ચીન વચ્ચે સમજૂતી થઈ છે.

**પંજાબ-હરિયાણા સરકારને ફટકાર લગાવી**

# દિલ્હીમાં ઝેરીલી થઈ હવા, ભડકી સુપ્રીમ

## સુપ્રીમે કહ્યું- કડક આદેશ આપવા મજબુર ન કરો, ખોટી માહિતી આપવા બદલ પંજાબ સરકારની ઝાટકણી કાઢી

(એજન્સી) નવી દિલ્હી । તા.23

દિલ્હીમાં વધી રહેલા વાયુ પ્રદૂષણ મામલે બુધવારે સુપ્રીમ કોર્ટમાં સુનાવણી હાથ ધરવામાં આવી હતી. પંજાબ અને હરિયાણાના મુખ્ય સચિવો કોર્ટમાં હાજર રહ્યા હતા. સુપ્રીમ કોર્ટે ખોટી માહિતી આપવા બદલ પંજાબ સરકારની ઝાટકણી કાઢી. સુપ્રીમ કોર્ટ પણ હરિયાણા સરકારની કાર્યવાહીથી સંતુષ્ટ નથી. કોર્ટે કહ્યું કે અમને કડક આદેશ આપવા મજબુર ન કરો. જસ્ટિસ અભય એસ ઓકા, જસ્ટિસ એ અમાનુલ્લાહ અને જસ્ટિસ એજી મસીહની ખંડપીઠે પંજાબ અને હરિયાણા સરકારના ખેતરોમાં પરાલી સળગાવા અંગેના રોકવાના પ્રયાસોને માત્ર દેખાડો ગણાવ્યા હતા. કોર્ટે કહ્યું કે જો આ સરકારો ખરેખર કાયદો લાગુ કરવામાં રસ ધરાવતી હોય તો ઓછામાં ઓછો એક કેસ ચલાવવો જોઈએ. સુપ્રીમ કોર્ટે તો ત્યાં સુધી કહ્યું કે હવે કેન્દ્ર, પંજાબ અને હરિયાણા સરકારોને યાદ અપાવવાનો સમય આવી ગયો છે કે પ્રદૂષણ મુક્ત વાતાવરણમાં જીવવું એ



નાગરિકોનો મૂળભૂત અધિકાર છે. પ્રદૂષણમાં જીવવું એ કલમ 21 હેઠળના મૂળભૂત અધિકારોનું ઘોર ઉલ્લંઘન છે. કેન્દ્ર સરકારે બે અઠવાડિયાનો સમય આપ્યો છે સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકારને વાયુ પ્રદૂષણ અંગે પર્યાવરણ સુરક્ષા અધિનિયમ (EPA) હેઠળ નિયમો બનાવવા અને જવાબદાર અધિકારીઓની નિમણૂક કરવા માટે બે અઠવાડિયાનો સમય આપ્યો છે.

# બિહારમાં વધુ એક ટ્રેન ઉથલાવવાનું કાવતરું, ડ્રાઈવરની સૂઝબૂઝથી હજારોના જીવ બચ્યા

(એજન્સી) પૂર્ણિયા । તા.23

બિહારના પૂર્ણિયામાં ડ્રાઈવરની સૂઝબૂઝથી ટ્રેન ઉથલાવવાનો પ્રયત્ન નિષ્ફળ થયો. અસામાજિક તત્ત્વોએ ટ્રેનના પાટા પર સળિયા મૂકી દીધા હતા, પરંતુ ડ્રાઈવરે સૂઝબૂઝ દાખવીને સમયસર ટ્રેન રોકી દેતાં હજારોના જીવ બચી ગયા હતા. ત્યાર બાદ ટ્રેનના કર્મચારીઓએ સળિયાને હટાવી દીધા હતા. આ મામલાને ગંભીરતાથી લઈને તપાસ શરુ કરાઈ છે અને રેલવેએ દોષિતો સામે કડક કાર્યવાહીની ખાતરી આપી છે. બિહારમાં પૂર્ણિયા-કટિહાર રેલવે બોર્ડ પર રાનીપતરા રેલવે સ્ટેશનથી આગળ અસામાજિક તત્ત્વોએ પાટા પર 10 એમએમના બે સળિયા મૂકી દીધા હતા. આ સળિયા પર કટિહારથી જોગબની જઈ રહેલી ડીએમયુ ટ્રેનના પૈડા ફસાઈ ગયા. ત્યારે ડ્રાઈવરની નજર અચાનક સળિયા પર પડી ગઈ. સ્ટેશન નજીક ટ્રેનની ગતિ પણ ધીમી હતી. આ કારણે ટ્રેન તાત્કાલિક રોકાઈ પણ ગઈ. ત્યારબાદ રેલવે કર્મચારીઓએ આ વિશે જાણકારી આપી.

# વિમાન ધમકીઓ મામલે સરકારનો X-મેટાને સવાલ

## ખતરનાક અફવાઓને રોકવા માટે તમે શું કર્યું, આ તો ગુનાને પ્રોત્સાહન આપવા જેવું છે

(એજન્સી) નવી દિલ્હી । તા.23

બુધવારે આઈટી મંત્રાલયે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X, મેટા અને એરલાઈન કંપનીઓ સાથે વિમાનોને બોમ્બની ધમકીઓ અંગે વર્ચ્યુઅલ બેઠક યોજી હતી. સરકારે પૂછ્યું કે આ ખતરનાક અફવાઓને ફેલાતી રોકવા માટે તમે શું કર્યું. સંજોગો સ્પષ્ટ કરે છે કે તમે ગુનાને પ્રોત્સાહન આપી રહ્યા હતા.

સૂત્રોના હવાલાથી મીડિયા રિપોર્ટ્સમાં આ બેઠકની માહિતી આપવામાં આવી છે. છેલ્લા 9 દિવસમાં જ 170થી વધુ વિમાનોને ખતરો છે. અહેવાલો અનુસાર, ધમકીઓને કારણે ઉડ્ડયન ક્ષેત્રને લગભગ 600 કરોડ રૂપિયાનું નુકસાન થયું છે.

દેશમાં પેસેન્જર પ્લેન દ્વારા ધમકીઓનો સિલસિલો ચાલુ છે. મંગળવારે પણ 50થી વધુ ફ્લાઈટને બોમ્બની ધમકી મળી હતી, જેમાં એર ઈન્ડિયા અને ઈન્ડિગોની 13-13 ફ્લાઈટ્સ, અકાસા એરની 12થી વધુ ફ્લાઈટ્સ અને વિસ્તારાની 11 ફ્લાઈટને ધમકીઓ મળી હતી. બોમ્બની ચેતવણી મળતાં જ ફ્લાઈટને નજીકના એરપોર્ટ પર લેન્ડ કરવામાં આવે છે પ્લેનમાં બોમ્બ હોવાની માહિતી મળતાં જ ફ્લાઈટને તેના નિર્ધારિત એરપોર્ટને બદલે નજીકના એરપોર્ટ પર લેન્ડ કરવામાં આવે છે. આનાથી માત્ર વધુ ઈંધણનો વપરાશ થતો નથી, એરક્રાફ્ટને ફરીથી તપાસવા, મુસાફરોને હોટલમાં બેસાડવા અને તેમને તેમના ગંતવ્ય સ્થાન પર લઈ જવાની વ્યવસ્થા પણ કરવી પડે છે. એની કિંમત પ્રતિ ફ્લાઈટ લગભગ 3 કરોડ રૂપિયા છે. મુંબઈ અને કોચીમાંથી 2ની ધરપકડ: મુંબઈ પોલીસે એક વ્યક્તિની ધરપકડ કરી છે. આ સિવાય છત્તીસગઢના રાજનાંદગાંવમાંથી એક સગીરની અટકાયત કરવામાં આવી. બંનેએ ઈન્ડિગો ફ્લાઈટમાં બોમ્બની ધમકી આપી હતી. એ જ સમયે, સોમવારે કેરળના કોચી એરપોર્ટ પર બોમ્બની ધમકી આપવાના આરોપમાં એક મુસાફરની અટકાયત કરવામાં આવી હતી.

# બોમ્બે હાઈકોર્ટે છોટા રાજનના જામીન મંજૂર કર્યા

## આજીવન કારાવાસની સજા ભોગવી રહ્યો હતો



(એજન્સી) મુંબઈ । તા.23

બોમ્બે હાઈકોર્ટે ગેંગસ્ટર છોટા રાજનના શરતી જામીન મંજૂર કર્યા છે. 2001માં જયા શેટ્ટી હત્યા કેસમાં દોષિત છોટા રાજનને આજીવન કારાવાસની સજા ફટકારવામાં આવી હતી. જસ્ટિસ રેવતી મોહિત ડેરે અને જસ્ટિસ પૃથ્વીરાજ ચવ્હાણની ડિવિઝનલ બેન્ચે રૂ. 1 લાખના બોન્ડ પર રાજનના જામીન મંજૂર કર્યા છે. અંડરવર્લ્ડ ડૉન છોટા રાજને 2001માં હોટલ માલિક જય શેટ્ટીની હત્યાકાંડમાં સજા રદ કરવા અને જામીનની માંગ કરતા બોમ્બે હાઈકોર્ટનો દરવાજો ખખડાવ્યો હતો.

# શ્રીકૃષ્ણ જન્મભૂમિ-શાહી ઈદગાહ વિવાદીત કેસ મામલે હાઈકોર્ટે મુસ્લિમ પક્ષને આપ્યો ઝટકો

(એજન્સી) મથુરા । તા.23

શ્રી કૃષ્ણ જન્મભૂમિ - મથુરાના શાહી ઈદગાહ વિવાદ મામલે અલાહાબાદ હાઈકોર્ટે બુધવારે મુસ્લિમ પક્ષના રિકોલ પર કોર્ટે ચુકાદો આપ્યો હતો અને રિકોલ અરજી ફગાવી દીધી. મુસ્લિમ પક્ષે 11 જાન્યુઆરી, 2024ના આદેશને પડકારતી રિકોલ અરજી દાખલ કરી હતી.15 અરજીઓ પર રિકોલ અરજી દાખલ કરવામાં આવી હતી. આ પહેલા 16 ઓક્ટોબરે અલ્હાબાદ હાઈકોર્ટે આ કેસની સુનાવણી કરતાં પોતાનો નિર્ણય સુરક્ષિત રાખ્યો હતો.

બુધવારે અલ્હાબાદ હાઈકોર્ટના જસ્ટિસ મયંક કુમાર જૈનની સિંગલ બેન્ચે ચુકાદો આપતાં કહ્યું કે, હાઈકોર્ટ તમામ 15 કેસની એકસાથે સુનાવણી કરશે. જ્યારે તમામ દાવાઓને અલગથી સાંભળવાની મુસ્લિમ પક્ષની માંગને હાઈકોર્ટે ફગાવી દીધી હતી. હિંદુ પક્ષ તરફથી દાખલ કરવામાં આવી હતી અરજી આ કેસ મુગલ બાદશાહ ઔરંગઝેબના જમાનાની શાહી ઈદગાહ મસ્જિદ સાથે સંબંધિત છે. આરોપ એવો છે કે, ભગવાન શ્રી કૃષ્ણના જન્મસ્થળ પર બનેલા મંદિરને તોડીને શાહી ઈદગાહ મસ્જિદ બનાવવામાં આવી છે. અલ્હાબાદ હાઈકોર્ટમાં હિન્દુ પક્ષ તરફથી અરજી દાખલ કરવામાં આવી હતી. આ અરજીમાં શાહી ઈદગાહ મસ્જિદની જમીન હિન્દુઓનો અધિકાર હોવાનું જણાવવામાં આવ્યું હતું. અરજીમાં શાહી ઈદગાહ મસ્જિદની જમીન પર પૂજા કરવાની મંજૂરી આપવાની માંગ કરવામાં આવી છે. મુસ્લિમ પક્ષે વકફ એક્ટનો ઉલ્લેખ કર્યો છે. મુસ્લિમ પક્ષે હિંદુ પક્ષની અરજીને ફગાવી દેવા માટે કોર્ટને અપીલ કરી છે. હાઈકોર્ટે આ કેસની સુનાવણી કરતાં કહ્યું હતું કે, હિંદુ પક્ષની અરજીઓ ઈદગાહમાં માલિકી હક્કોને લઈને સુનાવણી યોગ્ય છે. કોર્ટે કહ્યું કે, આ મામલે સુનાવણી ચાલુ રહેશે. કોર્ટે મુસ્લિમ પક્ષની રિકોલ પિટિશનને સંપૂર્ણપણે ફગાવી દીધી હતી. હાઈકોર્ટના નિર્ણય બાદ હવે આ કેસમાં ટ્રાયલ શરુ થશે. હિન્દુ પક્ષનું કહેવું છે કે ઈદગાહનો અઢી એકર જગ્યા

## ઓડિશામાં 288 રાહત ટીમ તહેનાત: 6,000 રાહત શિબિર બનાવી, 348 ટ્રેન રદ, 25મીએ દરિયાકાંઠે ટકરાશે

# ચક્રવાત દાના: 10 લાખ લોકોનું સ્થળાંતર કરાયું



(એજન્સી) પુરી । તા.23

આંદામાન સમુદ્રમાંથી ઉદભવેલું ચક્રવાતી તોફાન 'દાના' ઝડપથી બંગાળની ખાડી તરફ આગળ વધી રહ્યું છે. ચક્રવાતનો બહારનો ભાગ ઓડિશાના દરિયાકાંઠે પહોંચી ગયો છે, જેના કારણે ભદ્રક જિલ્લામાં વરસાદ શરૂ થયો છે. હવામાન વિભાગ (IMD) અનુસાર, આ વાવાઝોડાની સૌથી વધુ અસર ઓડિશા પર પડશે. એની અસર લગભગ અડધા રાજ્યમાં જોવા મળશે. વાવાઝોડું હાલમાં 500 કિમી દૂર છે, પરંતુ એ 13 કિમી પ્રતિ કલાકની ઝડપે આગળ વધી રહ્યું છે. IMDએ આગાહી કરી છે કે 24 ઓક્ટોબરની સવાર સુધીમાં બંગાળની ખાડીમાં દાના એક ગંભીર ચક્રવાતી વાવાઝોડામાં ફેરવાઈ જશે. એ ઓડિશાના પુરી જિલ્લા અને પશ્ચિમ બંગાળના સાગર ટાપુ (સાઉથ 24 પરગણા જિલ્લામાં) વચ્ચે 24 ઓક્ટોબરની રાતથી 25 ઓક્ટોબરની સવાર સુધી ગમે ત્યારે અથડાઈ શકે છે. આ સમયગાળા દરમિયાન પવનની ઝડપ 120 કિમી પ્રતિ કલાક સુધી પહોંચી શકે છે. પુરીમાં 3,000થી વધુ પ્રવાસીઓને ઘરે મોકલવામાં આવ્યા છે. ચાર દિવસથી હોટલ બુકિંગ બંધ કરી દેવામાં આવ્યું છે. વાવાઝોડાની ગંભીર અસરની સંભાવના હોય એવા 14 જિલ્લાઓની તમામ શાળા-કોલેજો 25મી સુધી બંધ કરી દેવામાં આવી છે. એ જ સમયે સરકારી કર્મચારીઓની રજાઓ રદ કરવામાં આવી છે. ઓડિશામાં લગભગ 10 લાખ લોકોનું સ્થળાંતર કરવામાં આવી રહ્યું છે. પુરીના જગન્નાથ મંદિરના પૂજારી રામકૃષ્ણ પ્રતિહારીના જણાવ્યા અનુસાર, આ સમયગાળા દરમિયાન મંદિરમાં થનારી તમામ પૂજા વિધિ સમયસર થશે, પરંતુ ભક્તોને 25 ઓક્ટોબર સુધી ન આવવા વિનંતી કરવામાં આવી છે.

## ગુજરાતની ઊર્જાવાન ઊર્જા ટીમમાં વધુ ૩૯૪ નવા જુનિયર ઈજનેરો જોડાયા

# ઊર્જાવાન ગુજરાત માટે ઊર્જાકર્મીઓની કાર્યકુશળતાની ઊર્જાનું મહત્વપૂર્ણ યોગદાન : મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ

### મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ઊર્જા વિભાગની વિવિધ કંપનીઓના નવનિયુક્ત ઈજનેરોને નિમણૂક પત્રો એનાયત કર્યા

ગાંધીનગર । તા.23

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યના ઊર્જા વિભાગની ચાર વીજ વિતરણ કંપનીઓમાં નવી નિમણૂક પામેલા ૩૯૪ જુનિયર ઈજનેરોને ઊર્જા મંત્રી શ્રી કનુભાઈ દેસાઈની પ્રેરક ઉપસ્થિતિમાં ગાંધીનગરમાં નિમણૂક પત્રો એનાયત કર્યા હતા. મુખ્યમંત્રીશ્રીએ રાજ્યની ઊર્જા ટીમમાં નવી નિમણૂક પામી રહેલા આ યુવા ઈજનેરોની કાર્યકુશળતાથી ઊર્જા ક્ષેત્ર વધુ દીપી ઉઠશે તેવી અપેક્ષા આ તકે વ્યક્ત કરી હતી. એમણે કહ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ટ્રાન્સપેરન્સીથી ભરતી માટેની એક સિસ્ટમ ઊભી કરી છે. આના પરિણામે નાનામાં નાના, છેવાડાના, યોગ્ય લાયકાત ધરાવતા વ્યક્તિને સરળતાથી સરકારી સેવામાં જોડાવાની તક મળે છે. ઊર્જા સેક્ટર જેવા સમાજના અગત્યના ક્ષેત્રમાં વિઝનરી નેતૃત્વ કેવો બદલાવ લાવી શકે છે તેનું દ્રષ્ટાંત શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જ્યોતિગ્રામ યોજના, સોલાર પાર્ક, સોલાર રૂફટોપ, કિસાન સૂર્યોદય, પી.એમ. સૂર્યઘર મુફ્ત વીજળી યોજના જેવી યોજનાઓના સફળ અમલથી પૂરું પાડ્યું છે એની ભૂમિકા મુખ્યમંત્રીશ્રીએ આપી હતી. મુખ્યમંત્રીશ્રીએ નવનિયુક્ત યુવા ઈજનેરોને પ્રેરણા આપતા ઉમેર્યું કે, લોકોની પાયાની જરૂરિયાત એવી વીજળી-ઊર્જા સાથે સંકળાઈને જે જનસેવાની તક તમને મળી છે તેને તમારી વીજ કંપનીના કાર્યદક્ષ વ્યાપથી વધુ વિસ્તારજો. રાષ્ટ્ર હિત, રાજ્ય હિત હૈયે રાખીને કાર્યરત રહેવા સાથે ઊર્જા કર્મીઓ વાવાઝોડા, વરસાદ, પૂર જેવી કપરી સ્થિતિમાં જીવના જોખમે ખડે પગે રહીને લોકોના ઘરોમાં અજવાળું પાથરે છે તે માટે તેમણે સમગ્ર ઊર્જા ટીમને અભિનંદન પાઠવ્યા હતા.

ભૂપેન્દ્ર પટેલે કહ્યું કે, આવી ટીમની કાર્યકુશળ ઊર્જા અને જનસેવા પ્રતિબદ્ધતાથી જ ગુજરાત ઊર્જાવાન બન્યું છે. આપણે સૌએ સાથે મળીને કર્તવ્યરત રહી ૨૦૪૭ના વિકસિત ભારત માટે વિકસિત ઊર્જાવાન ગુજરાતનું નિર્માણ કરવાનું છે તેવું આહવાન પણ તેમણે નવનિયુક્ત યુવા ઈજનેરોને શુભેચ્છાઓ પાઠવતા કર્યુ હતું. આ કાર્યક્રમ દરમિયાન મુખ્યમંત્રીશ્રીના હસ્તે PGVCLની નવનિર્મિત આટકોટ સબ-ડિવિઝન ઑફિસ, રાજકોટ ખાતે GETCOના વાજડી ટ્રેનિંગ સેન્ટર, SLDCના નવા રિન્યુએબલ એનર્જી મેનેજમેન્ટ બિલ્ડિંગ તેમજ GETCOના ૭ નવા સબ-સ્ટેશનનું લોકાર્પણ કરવામાં આવ્યા હતા.




## વડાપ્રધાન નરેન્દ્ર મોદી નર્મદા ઘાટે દિપ પ્રાગટ્ય કરી મહા આરતીમાં સહભાગી થશે

- ચૂંટાયેલા જનપ્રતિનિધી, સંગઠનના લોકો પણ આરતીમાં ઉત્સાહભેર ભાગ લેશે
- રાષ્ટ્રીય એકતા દિવસની પૂર્વ સંધ્યાએ નર્મદા ઘાટ ખાતે સાંધ્ય નર્મદા મૈયા આરતીમાં દોઢ લાખ દિવડા પ્રગટાવાશે, રેવાનો ઘાટ રોશનીથી ઝળહળી ઉઠશે

ભરત શાહ દ્વારા - રાજપીપળા



આગામી ૩૧મી ઓક્ટોબર-૨૦૨૪ના રોજ સરદાર પટેલ સાહેબની ૧૪૯મી જન્મજયંતિ પ્રસંગે નર્મદા જિલ્લાના એકતાનગર - કેવડિયા ખાતે પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીની ઉપસ્થિતિમાં રાષ્ટ્રીય એકતા પરેડ કાર્યક્રમ યોજાશે. શૂલપાણેશ્વર મહાદેવ મંદિર નજીક ગોરા નર્મદા ઘાટ ખાતે રાષ્ટ્રીય એકતા દિવસની પૂર્વ સંધ્યાએ દિપોત્સવી પ્રાગટ્ય પર્વ-૨૦૨૪ કાર્યક્રમ ૩૦મી ઓક્ટોબરે નર્મદા ઘાટ ઉપર સાંધ્ય આરતી-આતશબાજી-દિપ પ્રાગટ્યનો કાર્યક્રમ યોજાશે. જેમાં પ્રધાનમંત્રીશ્રી સાંધ્ય નર્મદા મહા આરતીમાં દિપ પ્રાગટ્ય કરીને આરતીનો પ્રારંભ કરાવશે. જેમાં ચૂંટાયેલા જન પ્રતિનિધિઓ અને રાજ્યના વરિષ્ઠ ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહીને આરતીમાં ભક્તિભાવ અને પૂર્ણ શ્રદ્ધા આસ્થા સાથે આ આરતીમાં સામેલ બનશે. અને ૧.૫૦ લાખથી વધુ દિવડાઓ પ્રગટાવી માં રેવાનો આ પવિત્ર ઘાટ રોશનીથી ઝળહળી ઉઠશે. અને નર્મદા ઘાટને સુશોભિત કરી ફૂલોથી શણગારવામાં આવશે. તા.૨૩મી ઓક્ટોબરે સાંજે કલેક્ટર કચેરી ખાતેના સભાખંડ ખાતે યોજાયેલી બેઠકમાં જિલ્લા પોલીસ વડા પ્રશાંત સુંબે, SoUADTGAના અધિક કલેક્ટર નારાયણ માધુ, નિવાસી અધિક કલેક્ટર સી.કે.ઉંધાડ, જિલ્લા ગ્રામવિકાસ એજન્સીના નિયામક જે.કે.જાદવ, નાયબ કલેક્ટર દર્શક વિઠલાણી, નાયબ કલેક્ટર પ્રોટોકોલ એન.એફ.વસાવા, પ્રાંત અધિકારી ડો.કિશનદાન ગઢવી સહિત ઈવેન્ટ મેનેજમેન્ટ એજન્સીના પ્રતિનિધિઓ અને સંબંધિત અધિકારીઓ બેઠકમાં ઉપસ્થિત રહ્યા હતા.

## શિક્ષણ સમિતિનાં અધ્યક્ષ દ્વારા આહવા તાલુકાનાં બિલમાળ - હાંડી પર્વત દેવબારી સુધીનો ડામર રસ્તો મંજૂર કરવા માંગ

સુશીલ પવાર, ડાંગ

ડાંગ જિલ્લાનાં આહવા તાલુકાનાં બિલમાળ - કામદ ગામ મુખ્ય રસ્તા વાઘદેવબારીથી હાંડી પર્વત દેવબારી સુધી ડામર સપાટીનો 7 કિલોમીટરનો રસ્તો મંજૂર કરવામાં આવે તેવી માંગ સાથે ડાંગ જિલ્લા પંચાયતના શિક્ષણ સમિતિના અધ્યક્ષએ મુખ્યમંત્રીને આવેદનપત્ર પાઠવ્યુ હતુ.ડાંગ જિલ્લાનાં આહવા તાલુકામાં આવેલ બિલમાળ-કામદ ગામ મુખ્ય રસ્તા વાઘદેવબારીથી હાંડી પર્વત દેવબારી સુધીનો 7 કિલોમીટરનો નવો રસ્તો ડાંગ જિલ્લા પંચાયત મા+મ વિભાગ દ્વારા બનાવવામા આવે તો યાત્રાળુઓ તથા પર્યટકો અને ગુજરાત રાજ્યના ડાંગ જિલ્લાથી વિખુટા પડેલ ડોન ગામ તેમજ મહારાષ્ટ્ર રાજ્યના નાસીક જિલ્લાના જામાળી, હનવતમાળી, મહાલ જેવા ગામો તરફ જવા માટે ખુબજ ઉપયોગી નીવડી શકે તેમ છે.આ રસ્તો બનાવવાથી ડાંગ જિલ્લાના મુખ્ય મથક આહવા-શબરીધામ-સીતાવન-પાંડવ ગુફા-ડોન-અંજનીપર્વત-હાન્ડી હનુમાન મંદિર-અર્ધનારેશ્વર મંદિર-મોટાદેવ જેવા પૌરાણિક ધાર્મિક સ્થળોએ પણ જઈ શકાશે. જેના કારણે પર્યટકો, યાત્રાળુઓ ડાંગ જિલ્લાનું સૌંદર્ય નિહાળવા તથા પરિભ્રમણ કરવા માટે અનુકૂળ બનશે અને લોકોની અવર જવર વધશે તો ડાંગ જિલ્લાના સ્થાનિક આદિવાસી શિક્ષિત બેરોજગારોને નાની દુકાનો, હોટલો, જીવન જરૂરીયાતની ચીજ- વસ્તુઓનું વેચાણ કરી રોજગારી મેળવવાની તક મળશે.આમ, આ રસ્તો બનવાથી સ્થાનિકોને શિક્ષણ, આરોગ્ય, વ્યાપાર-ધંધામાં ખુબ ફાયદો થાય તેમ છે.ત્યારે આ સાત કિલોમીટરનો રસ્તો મંજૂર કરવામાં આવે તેવી માંગ સાથે ડાંગ જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિના અધ્યક્ષ બીબીબેન રમેશભાઈ ચૌધરી દ્વારા મુખ્યમંત્રીને આવેદનપત્ર પાઠવવામાં આવ્યુ હતુ.અને આ રસ્તો મંજુર કરવા માટેની માંગ કરી છે.

## ચાણસ્મા તાલુકા ના મંડલોપ ગામે માનતાની જાતર યોજાઈ



નિતીન ઠાકર ચાણસ્મા

આસો - મહિના માં મનોસંકલના પુરી થતાં સિદ્ધેશ્વરી માતાજી ના ચોક માં માઈભકતો દ્વારા જાતર કરાય છે. ચાણસ્મા તાલુકા ના મંડલોપ ગામે માઈભકતો દ્વારા તેમની મનોકામના પુરી થતાં આસો માસમાં સિદ્ધેશ્વરી માતાજી ના ચોકમાં જાતર કરવાની અનોખી પરંપરા રહેલી છે જે અનુસંધાને મંડલોપ ગામે સિધ્ધેશ્વરી માતાજી ના ચોક માં આસો માસ ની આઠમ (દુર્ગાષ્ટમી) થી માઈ ભકતો ની મનોકામના પૂર્ણ થતાં જાતર કરવાનો શુભારંભ થયો હતો જેમાં કુણઘેરના ભવાઈ નાટ્યકલાકારો દ્વારા રાત્રી દરમિયાન ધાર્મિક સામાજિક નાટકો ભજવાયા હતા જેનો ગામ લોકો એ મોડી રાત્રી સુધી આનંદ માણ્યો હતો જ્યારે બીજા દિવસે નાયક ભાઈ એ બેઠક કરી જે માઈ ભક્તો એ જાતર માની હોય તેમને આશિર્વાદ આપ્યા હતા જેમાં ગામના લોકો જાતર ના યજમાન પરિવારો ઉપસ્થિત રહ્યા હતા

### ગરૂડેશ્વરના કિરાણા સ્ટોરમાંથી શંકાસ્પદ મરચુ પાવડર ના નમૂના લેવાયા

## નર્મદામાં ખોરાક અને ઔષધ નિયમન વિભાગ દ્વારા ફુડ સેફ્ટી પખવાડીયા અંતર્ગત ચેકિંગ ડ્રાઈવ યોજાઈ

ભરત શાહ દ્વારા - રાજપીપળા





નર્મદા જિલ્લામાં આરોગ્ય અને પરીવાર કલ્યાણ વિભાગ હસ્તકના કમિશ્નર ખોરાક અને ઔષધ નિયમન વિભાગ દ્વારા તા. ૦૩જી થી ૧૭મી ઓક્ટોબર-૨૦૨૪ દરમિયાન ફુડ સેફ્ટી પખવાડીયાની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં ફુડ સેફ્ટી પખવાડીયું-૨૦૨૪ અને દિવાળી તહેવારને ધ્યાને લઈને કરવાની થતી કામગીરી નિમિતે નર્મદા જિલ્લામાં અંદાજે ૪૫ લારી-ગલ્લા, મિઠાઈ-ફરસાણની દુકાનો, રેસ્ટોરન્ટ, બેકરી વગેરેમાં તપાસ કરવામાં આવી હતી. આ તપાસ દરમિયાન ફૂડ સેફ્ટી ટીમ દ્વારા વિવિધ સ્થળોએથી કુલ-૬૨ જેટલાં ખાદ્ય નમુના લઈને તપાસ અર્થે મોકલી આપવામાં આવ્યા હતા. ટીમ દ્વારા આ તપાસ દરમિયાન ધ્યાને આવેલી અંદાજે કુલ ૧૨૦ કિલો અખાદ્ય ચીજોના જથ્થાનો સ્થળ ઉપર જ નાશ કરાવામાં આવ્યો હતો. અખાદ્ય ચીજોમાં કોકોનટ, રાઈસ, લોટ, તુવેરદાળનો જથ્થો અને અન્ય પ્રવાહી ખાદ્યચીજોનો નાશ કરવામાં આવ્યો હતો. જેની અંદાજે કિમંત રૂપિયા ૧૮ હજાર જેટલી થાય છે. અત્રે નોંધનીય છે કે, ટીમ દ્વારા થઈ રહેલી તપાસ દરમિયાન અમીન કિરાણા સ્ટોર-ગુરુડેશ્વરમાંથી મરચું પાવડર (લુઝ) શંકાસ્પદ લાગતા તેનો નમુનો લઈને બાકી રહેતો જથ્થો અંદાજે ૧૩ કિલો જેની કિંમત રૂપિયા ૩૬૪૦/- નો જથ્થો જપ્ત કર્યો હતો. અન્ય એક પેઢી હરસિધ્ધી દુગ્ધાલય રાજપીપળામાંથી શંકાસ્પદ ઘી ના નમુના લઈને બાકી રહેતો જથ્થો અંદાજે ૮૩ કિલો જેની અંદાજિત કિંમત રૂપિયા ૫૩૧૨૦/- નો જથ્થો જપ્ત કરવામાં આવ્યો હતો. દિવાળીના તહેવારને ધ્યાને લઈને ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગ દ્વારા આગામી સમયમાં પણ તપાસની કામગીરી ચાલુ રાખવામાં આવશે તેમ જાણવા મળ્યું છે.

## ગાંધી ગ્રામજીવન પદયાત્રા જીતગઢ થી નીકળી સુંદરપુરા ખાતે ખેડૂતોને પ્રાકૃતિક ખેતી કરવા સમજ આપી

### ગૂજરાત વિદ્યાપીઠના અધ્યાપકો, સેવકો અને વિદ્યાર્થીઓ મળી 1843 પદયાત્રીઓની 151 ટુકડી 21 થી 26 ઓક્ટોબર દરમિયાન ગુજરાતના 18000 જેટલા ગામડાઓમાં ફરશે

ભરત શાહ દ્વારા - રાજપીપળા

મહાત્મા ગાંધી દ્વારા સ્થાપિત ગૂજરાત વિદ્યાપીઠના ધ્યેયો માં ખેતી, ગામડું ગાય, ગામપોષક વ્યવસાય અને પ્રાકૃતિક ચિકિત્સા પદ્ધતિનો સમાવેશ થાય છે. આ ધ્યેયોની પરિપૂર્તિ માટે વિદ્યાપીઠના પૂર્વ કુલાધિપતિ નારાયણભાઈ દેસાઈ દ્વારા વર્ષ 2007થી ગાંધી ગ્રામજીવન પદયાત્રાની શરૂઆત કરવામાં આવી હતી જે અંતર્ગત ગૂજરાત વિદ્યાપીઠના વિદ્યાર્થીઓ અને સેવકો દર વર્ષે પદયાત્રા યોજતા હોય છે. ગૂજરાત વિદ્યાપીઠના કુલાધિપતિ અને ગુજરાત રાજ્યના રાજ્યપાલ તેમજ પ્રાકૃતિક ખેતીના હિમાયતી આદરણીય આચાર્ય



દેવવ્રતજીના માર્ગદર્શન હેઠળ વિદ્યાપીઠના ધ્યેય અને ગાંધીજીના રચનાત્મક કાર્યક્રમોને ધ્યાનમાં રાખીને ગામડાનાં સર્વાંગીણ વિકાસ તરફનું લક્ષ રાખી, ગૂજરાત વિદ્યાપીઠના વિદ્યાર્થીઓ-સેવકો ગામડાનાં પ્રશ્નો જાણે, શીખે, સમજે અને તે દ્વારા તેમનું નવઘડતર થાય તેવા ઉદ્દેશ્ય સાથે આ વર્ષે વિદ્યાપીઠે ત્રણ દિવસ સમાજ સંપર્ક અને ત્રણ દિવસ પદયાત્રા એમ છ દિવસના કાર્યક્રમનું આયોજન કર્યું છે. ગૂજરાત વિદ્યાપીઠના અધ્યાપકો, સેવકો અને વિદ્યાર્થીઓ મળી 1843 પદયાત્રીઓની 151 ટુકડી 21 થી 26 ઓક્ટોબર દરમિયાન ગુજરાતના 18000 જેટલા ગામડાઓમાં ગામસંપર્ક અને પદયાત્રા કરશે. તેઓ ખેડૂતો અને ગ્રામજનોને આરોગ્ય, સમૃદ્ધિ અને સંપદાના સંરક્ષણ માટે પ્રાકૃતિક ખેતી માટેનું મહાઅભિયાન ચલાવશે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી સમગ્ર દેશમાં પ્રાકૃતિક ખેતીનો વ્યાપ વધારવા પ્રયાસ કરી રહ્યા છે ત્યારે ગૂજરાત વિદ્યાપીઠ પ્રાકૃતિક ખેતી અંગેના મહાઅભિયાન થકી ગ્રામીણ પરિવારો સાથે સંવાદ ના ભાગરૂપે આજરોજ નર્મદા જિલ્લાના નાંદોદ તાલુકાના જીતગઢ ગામમાં આવેલ પદયાત્રા જીતગઢ થી નજીકના સુંદરપુરા ગામે પહોંચી હતી અને ત્યાંના ખેડૂતોને પ્રાકૃતિક ખેતી કરવા સમજ આપઅવમાં આવી હતી.

## ૨૪ ઓકટોબરના વડગામ ખાતે 'સુવર્ણપ્રાશન કેમ્પ' યોજાશે

માહિતી બ્યુરો,પાલનપુર

સરકારી આયુર્વેદ હોસ્પિટલ, વડગામ ખાતે તારીખ ૨૪ ઓકટોબર ૨૦૨૪ના ગુરુવારના રોજ પુષ્યનક્ષત્રના દિવસે 'સુવર્ણપ્રાશન કેમ્પ'નું આયોજન કરાશે. જેમાં જન્મથી ૧૨ વર્ષની ઉંમર સુધીના બાળકોના શારિરીક તથા માનસિક વિકાસ અર્થે અતિ ઉત્તમ એવા 'સુવર્ણપ્રાશન ટીપા નિ:શુલ્ક સવારે ૯:૦૦ થી ૧૨:૩૦ અને સાંજે ૩:૩૦ થી ૫:૦૦ સુધી પીવડાવવામાં આવશે તથા કુપોષિત/નબળા બાળકોને તથા લોહીની ઉણપ ધરવતા બાળકોને શક્તિવર્ધક પોષણ કીટનું વિતરણ કરવામાં આવશે. આ કેમ્પનો જાહેર જનતાને લાભ લેવા જણાવવામાં આવ્યું છે.

સુવર્ણપ્રાશનના અનેક ફાયદાઓ છે. જેવા કે સુવર્ણપ્રાશન મેધા (બુધ્ધિ), અગ્નિ અને બળ વધારવાવાળુ ગણાય છે.તે આયુષ આપવાવાળું, કલ્યાણકારક, પુણ્યકારક, વૃષ્ય (શરીર સુદ્રઢ કરનાર), વણ્ય (શરીરના વર્ણને ઉજળો કરનાર) તથા ગ્રહ બાધાને દૂર કરનારું ગણાય છે. સુવર્ણપ્રાશનથી બાળકનું રોગોથી રક્ષણ થાય છે અને તે છ માસમાં સૂતઘર (સાંભળેલી વાતને યાદ રાખવાવાળું) બને છે.અર્થાત તેની સ્મરણશક્તિ ખુબ જ વધે છે.

## રામપુરા ગામના ધનેશ્વર મહાદેવ રઘુનાથજી મદિરના મહંત ની મહંતાઈ રદ, રમાનંદ વિરક્ત મંડળ માંથી હકાલ પટ્ટી

ભરત શાહ - રાજપીપળા

નર્મદા કિનારે આવેલા રામપુરા, માંગરોળ, ગુવાર સહિતના ગામો ખૂબ પવિત્ર સ્થળો છે.જ્યાં સાધુ સંતો મહંતોના અનેક આશ્રમો આવ્યા છે. જ્યાં રહી સેવા કાર્ય કરે છે.ત્યારે રામપુરા ધનેશ્વર મંદિર પુનઃ વિવાદો માં આવ્યું છે. કારણ કે ધનેશ્વર મંદિર ખાતે બિરાજમાન જાનકિદાસાજી સંસારી નીકળ્યા અને બીજા અન્ય વિવાદોમાં પણ આવતા મધ્ય ગુજરાત રામાનંદ વિરક્ત મંડળ દ્વારા તેમની મહંતાઈ રદ કરી સભ્યો માંથી પણ હાકલ પટ્ટી કરી છે. હવે મંદિરના આં મકાનમાં તેમણે છોડીને જતાં રહેવાની જગ્યા એ દાદાગીરી કરતા રમાંનંદ વિરક મંડળ વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા જિલ્લા કલેકટર અને જિલ્લા પોલીસ અધિક્ષકને લેખિતમાં રજુઆત કરી આં સાધુ ને પરિવાર સાથે ગામમાં થી બહાર કાઢવા માંગ કરી છે. વિશ્વ હિન્દુ પરિષદ નાં જીતેન્દ્ર ગોસ્વામી એ આ આખા




વિવાદની વાત કરતા જણાવ્યું કે મધ્ય ગુજરાત રામાનંદ વિરક્ત મંડળ હેઠળ આવતા રામપુરા ધનેશ્વર મહાદેવ રઘુનાથજી મંદિર નાં ગાદીપર બિરાજમાન રામ પ્યારે દાસજી મહારાજનાં નિધન બાદ રામાનંદ વિરક્ત મંડળ દ્વારા જતીન શર્મા ઉર્ફે જાનકીદાસજી ની બ્રાહ્મણો સંતો ની હાજરીમાં ચાદર વિધિ કરી તેમને ગાદી પર બેસાડ્યા, આં ગાદી મેળવવા તેમણે પોતે સંસારી હોવા છુપાવ્યું.

## જાફરાબાદમાં શિક્ષણ નુ ઝરણું વહેતુ રાખતી સંસ્થા જા. કે.ઉ. મંડળના ટ્રસ્ટી સ્વ અતુલભાઇ નારણદાસ ગોરડીયાની વિદાયથી શિક્ષણ જગતમાં શોકનું મોજું ફરી વળ્યુ

કિશોર આર. સોલંકી, જાફરાબાદ

જાફરાબાદ ખાતે આવેલ ખારા જળમાં મીઠી વીરડી સમાન અને પછાત વિસ્તારમાં શિક્ષણ ની અવીરત જોત જગાવી રાખતી સંસ્થા જા.કે.ઉ. મંડળના ટ્રસ્ટી સ્વ અતુલભાઈ નારણદાસ ગોરડીયા નુ મુંબઈ મુકામે તા/૨૨/૧૦/૨૪ ના રોજ દુઃખદ અવસાન થતાં તેઓની અણધારી વિદાયથી શિક્ષણ જગતમાં શોકનું મોજું છવાઈ ગયું તેઓ કપોળ જ્ઞાતિ ના અગ્રણી હતા તેઓ અઢારેય વર્ણના લોકો સાથે બહોળો માન અને મોહભો ધરાવતા હતા શિક્ષણ નું



ઝરણું વહેતું રાખતી અને અડીખમ સંસ્થા કેળવણી ઉત્તેજક મંડળ ના ટ્રસ્ટી સ્વ અતુલભાઈ નારણદાસ ગોરડીયા અણધારી વિદાયથી સંસ્થા માં શોકનું મોજું છવાઈ ગયું છે. જાફરાબાદ ખાતે આવેલ સંસ્થા કેળવણી ઉત્તેજક મંડળ ૧૯૨૬ થી કાર્યરત છે. આ સંસ્થા ના ટ્રસ્ટી અને મોહોભી ની અણધારી વિદાયથી જા. કે. ઉ. મંડળના પ્રમુખ શ્રી કિરીટભાઈ પ્રભુદાસ મહેતા તથા માનદ મંત્રી શ્રી યોગેશભાઈ શાંતિલાલ ગોરડીયા તથા સમસ્ત ટ્રસ્ટી મંડળ તેમજ સ્ટાફ શિક્ષકગણ તથા વિધાર્થીઓ દ્વારા સ્વ અતુલભાઈ નારણદાસ ગોરડીયા ની દિવ્ય આત્મા ને પરમ કૃપાળુ પરમાત્મા ચીર શાંતિ આપે તેવી દરેકે પ્રાથના કરેલ અને તેઓના પરિવાર કે જેઓએ આ જા. કે.ઉ. મંડળ સાથે જોડાયેલા છે.

## ઠાસરા– સેવાલિયા સ્ટેશનો વચ્ચે દ્વિકરણ કામને લીધે કેટલીક ટ્રેનો પ્રભાવિત રહેશે

અમદાવાદ : પશ્ચિમ રેલવેના વડોદરા મંડળના આણંદ - ગોધરા સેક્શનના ઠાસરા - સેવાલિયા સ્ટેશનો વચ્ચે દ્વિકરણના નૉન- ઈન્ટરલોકિંગ કામને લઈને બ્લોક લેવાને કારણે મેમૂ ટ્રેન રદ્દ રહેશે. જેની વિગત આ પ્રમાણે છે : 1. ટ્રેન નં. 09387 આણંદ - ડાકોર મેમૂ ટ્રેન 25 ઓક્ટોબરે રદ્દ રહેશે 2. ટ્રેન નં. 09394 ગોધરા - આણંદ મેમૂ ટ્રેન 25 ઓક્ટોબરે રદ્દ રહેશે 3. ટ્રેન નં. 09349 આણંદ - ગોધરા મેમૂ ટ્રેન 25 ઓક્ટોબરે રદ્દ રહેશે 4. ટ્રેન નં. 09133 આણંદ - ગોધરા મેમૂ ટ્રેન 25 ઓક્ટોબરે રદ્દ રહેશે 5. ટ્રેન નં. 09134 ગોધરા - આણંદ મેમૂ ટ્રેન 25 ઓક્ટોબરે રદ્દ રહેશે 6. ટ્રેન નં. 09395 આણંદ - ગોધરા મેમૂ ટ્રેન 25 ઓક્ટોબરે રદ્દ રહેશે 7. ટ્રેન નં. 09388 ડાકોર - આણંદ મેમૂ ટ્રેન 25 ઓક્ટોબરે રદ્દ રહેશે 8. ટ્રેન નં. 09393 આણંદ - ગોધરા મેમૂ ટ્રેન 25 ઓક્ટોબરે રદ્દ રહેશે 9. ટ્રેન નં. 09396 ગોધરા - આણંદ મેમૂ ટ્રેન 25 ઓક્ટોબરે રદ્દ રહેશે 10. ટ્રેન નં. 09300 આણંદ - ભરૂચ મેમૂ ટ્રેન 25 ઓક્ટોબરે રદ્દ રહેશે 11. ટ્રેન નં. 09299 ભરૂચ - આણંદ મેમૂ ટ્રેન 26 ઓક્ટોબરે રદ્દ રહેશે આંશિકરૂપે રદ્દ 1. ટ્રેન નં. 09350 દાહોદ-આણંદ મેમૂ ટ્રેન 25 ઓક્ટોબરે ગોધરા સુધી ચાલશે તથા ગોધરા - આણંદ વચ્ચે આંશિકરૂપે રદ્દ રહેશે. પરિવર્તિત માર્ગથી ચાલનારી ટ્રેનો : ટ્રેન નં. 09451 ગાંધીધામ - ભાગલપુર સ્પેશિયલ એક્સપ્રેસને 25.10.24 ના રોજ પરિવર્તિત માર્ગ વાયા ગેરતપુર-આણંદ- બાજવા-છાયાપુરી-ગોધરા થી ચલાવવામાં આવશે. રેલવે યાત્રીઓને વિનંતી છે કે ઉપરોક્ત ફેરફારને ધ્યાનમાં રાખીને યાત્રા કરે. ટ્રેનોના પરિચાલન સમય, રોકાણ અને સંરચના સંબંધિત વિગતવાર માહિતી માટે યાત્રીwww.enquiry.indianrail.gov.in પર જઈને અવલોકન કરી શકે છે.

## મોટી બાંડીબાર માં B.S.N.L 4G સેવા અને BSNL હાઈસ્પીડ ઈન્ટરનેટ સેવાનો સાંસદનાં હસ્તે શુભારંભ

દિપક રાવલ, દાહોદ

ભારત સંચાર નિગમ લિમિટેડ દ્વારા મોટી બાંડીબાર ખાતે ટેલીફોન એક્સચેન્જ ની છત ઉપર બીએસએનએલ ટાવર ચાલુ કરવામાં આવેલ હતો જેમાં BSNL 4G અને BSNL હાઈસ્પીડ ઈન્ટરનેટ સેવાનો આજરોજ સાંસદ શ્રી જસવંત સિંહ ભાભોર નાં હસ્તે શુભારંભ કરાયો. જેમાં BSNL નાં અધિકારીઓ. મોટી બાંડીબાર જિલ્લા પંચાયત સભ્ય



મોટી બાંડીબારના સરપંચ તથા આજુબાજુના ગામોના સરપંચો તથા મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતાં આ સેવાનો શુભારંભ કરાવતા સાંસદ શ્રી તથા ઉપસ્થિત અધિકારીએ વિસ્તૃત જાણકારી આપી હતી અને વધુ માં સાંસદ જસવંતસિંહ ભાભોર દ્વારા વિલેજ વાઈફાઈ ની પણ સુવિધા ઉપલબ્ધ કરાવવાની વાત કરી હતી. ઉપસ્થિત ગ્રામજનો દ્વારા નેટવર્ક ને લગતી સમસ્યા માટે ટોલ ફ્રી નંબર તથા અધિકારીઓ ના સંપર્ક નંબરો ની માહિતી મુકવાની રજૂઆત કરવામાં આવી હતી.

## "દાના" ચક્રવાતી તોફાનને કારણે પુરી-ગાંધીધામ એક્સપ્રેસ ટ્રેન રદ્દ રહેશે.

અમદાવાદ : પૂર્વ તટ રેલવેમાં ચક્રવાત 'દાના' ને કારણે મુસાફરોની સલામતી અને સુરક્ષાને ધ્યાનમાં રાખીને પુરી-ગાંધીધામ એક્સપ્રેસ ટ્રેન રદ્દ રહશે. તારીખ 26 ઓક્ટોબર, 2024 ના રોજ પુરીથી ચાલનારી ટ્રેન સંખ્યા 22974 પુરી-ગાંધીધામ એક્સપ્રેસ ટ્રેન રદ્દ રહેશે. મુસાફરો ટ્રેનોના સમય અને સ્ટોપેજ સંબંધિત વિગતવાર માહિતી માટે કૃપા કરીને www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે.

OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

# વિદ્યાર્થીઓના જીવ તાળવે ચોંટ્યા:સુરતમાં વાત્સલ્ય સ્કૂલની વાન પલટી મારી ઊંધી વળી



સુરત તા 23

સુરતમાં આજે ડભોલી વિસ્તારમાં વાત્સલ્ય સ્કૂલની વાન પલટી મારી ગઈ હતી. વિદ્યાર્થીઓ ભરેલી સ્કૂલ વાન પલટી મારી જતા ચાર જેટલા વિદ્યાર્થીને સામાન્ય ઈજા પહોંચી હતી. હાલ તો આ વિદ્યાર્થીઓને નજીકમાં આવેલી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. જ્યારે આ સ્કૂલવાન કઈ રીતે પલટી મારી ગઈ તે અંગે હજુ કોઈ માહિતી મળી નથી. ડભોલી વિસ્તારમાં બનાવ બન્યો ળતી માહિતી પ્રમાણે, સુરતના ડભોલી વિસ્તારમાં વાત્સલ્ય સ્કૂલ આવેલી છે. સ્કૂલમાં વિદ્યાર્થીઓને લાવવા માટે ઈકો કાર રાખવામાં આવી છે. આજે બપોરની પાળીની સ્કૂલ વાન (GJ-05-RQ-1554)નો ચાલક સ્કૂલના બાળકોને ભરીને સ્કૂલ જઈ રહ્યો હતો. દરમિયાન ડભોલી વિસ્તારમાં પસાર થઈ રહ્યો હતો. ત્યારે અચાનક સ્ટિયરિંગ પરથી કાબૂ ગુમાવી દીધો હતો અને સ્કૂલવાન પલટી મારી ગઈ હતી. વિદ્યાર્થીઓમાં પણ બૂમાબૂમ થઈ ગઈ હતી સિંગણપોર પોલીસ પાસેથી મળતી માહિતી પ્રમાણે, ઈકો કારમાં 7 વિદ્યાર્થી હતા. ડભોલી રોડ પર સામેથી આવી રહેલી પોલો કારના ચાલકે ઈકો કારને ટક્કર મારી હતી. જેથી ઈકો કારના ચાલકે સ્ટિયરિંગ પરથી કાબૂ ગુમાવી દીધો હતો. ત્યારબાદ વિદ્યાર્થીઓ ભરેલી ઈકો કાર પલટી મારીને ઊંધી થઈ ગઈ હતી. સિંગણપોર પોલીસે અજાણ્યા કાર ચાલકને શોધવા ચક્રો ગતિમાન કર્યા છે. વિદ્યાર્થીઓ ભરેલી સ્કૂલવાન અચાનક જ પલટી મારી જતા વિદ્યાર્થીઓમાં પણ બૂમાબૂમ થઈ ગઈ હતી. સ્કૂલ વાન પલટીને એકદમ ઊંધી વળી થઈ ગઈ હતી. આસપાસથી પસાર થતાં લોકો દોડી આવ્યા હતા અને વિદ્યાર્થીઓને બહાર કાઢ્યા હતા. સ્કૂલ વાનમાં સવાર ચાર વિદ્યાર્થીને ઈજા પહોંચી હતી. જેમને તાત્કાલિક નજીકમાં આવેલી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. હાલ તો આ બાળકોને સામાન્ય ઈજા થઈ હોવાનું જાણવા મળી રહ્યું છે. રાહદારીએ પોલીસને જાણ કરી આ સ્કૂલવાનના અકસ્માત અંગે કંટ્રોલરૂમમાં કોઈ રાહદારી દ્વારા જાણ કરવામાં આવી હતી. જેને પગલે સિંગણપોર પોલીસ દ્વારા આ મામલે તપાસ કરવામાં આવી હતી. સિંગણપોર પોલીસ પાસેથી મળતી પ્રાથમિક માહિતી પ્રમાણે સ્કૂલવાનમાં સવાર ચાર જેટલા વિદ્યાર્થીઓને સામાન્ય ઈજા થઈ છે. વધુ તપાસ હાલ કરવામાં આવી રહી છે. સ્કૂલવાન ચાલકની બેદરકારી હતી કે નહીં તે અંગે પણ તપાસ કરાશે. કારે ટક્કર મારતા વાનના ચાલકે સ્ટિયરિંગ મળતી માહિતી પ્રમાણે, ઈકો કારમાં 7 વિદ્યાર્થી હતા. ડભોલી રોડ પર સામેથી આવી રહેલી પોલો કારના ચાલકે ઈકો કારને ટક્કર મારી હતી. જેથી ઈકો કારના ચાલકે સ્ટિયરિંગ પરથી કાબૂ ગુમાવી દીધો હતો. ત્યારબાદ વિદ્યાર્થીઓ ભરેલી ઈકો કાર પલટી મારીને ઊંધી થઈ ગઈ હતી. સિંગણપોર પોલીસે અજાણ્યા કાર ચાલકને શોધવા ચક્રો ગતિમાન કર્યા છે.

## ન્યૂઝ કોર્નર

### ડિંડોલીમાં પોલીસે ગુંડાગર્દી કરનારા માથાભારે તત્વોનું સરઘસ કાઢ્યું

સુરત શહેરમાં અવારનવાર અસામાજિક તત્વો દ્વારા રોફ જમાવવા માટે સ્થાનિક વિસ્તારોમાં દાદાગીરી કરતા હોય છે. એટલું જ નહીં જો કોઈ પોલીસ ફરિયાદ કરે તો ફરિયાદીઓને પણ ધમકી આપી સ્થાનિક લોકોમાં ભયનો માહોલ ઉભો કરવાની કોશિશ કરતા હોય છે. ડીંડોલી વિસ્તારમાં આવેલ ઠાકોર નગર સોસાયટીમાં પણ અસામાજિક તત્વોએ પ્રમુખ સાથે મારામારી કરી હતી. એટલું જ નહી પોલીસ કેસ થયા બાદ બીજા દિવસે જામીન પર છૂટી ફરીથી પ્રમુખને ધમકી આપી સોસાયટીના લોકોમાં પણ ગભરાટનો માહોલ ઉભો કર્યો હતો. જેથી આખરે પોલીસે આરોપીઓ સામે ફરીથી કાર્યવાહી કરી તેઓનું સરઘસ આતંક વધી રહ્યો છે. નાની નાની વાતોમાં પણ લોકોને ઢોર માર મારી સ્થાનિક વિસ્તારોમાં ભયનો માહોલ ઉભો કરી પોતાનું વર્ચસ્વ જમાવવાની કોશિશ કરતા હોય છે.

### ખેડાના 520 ગામમાંથી એક મહિનામાં 2500થી વધુ સાપને રેસ્ક્યુ કરાયા

ખેડા જિલ્લામાં વરસાદને લઈ વન્ય જીવો બહાર આવી રહ્યા છે. જેમાં રહેણાંક વિસ્તારમાં સાપ આવી જતા શહેરીજનોમાં ભય જોવા મળી રહ્યો છે. ત્યારે જિલ્લાના 520 ગામમાંથી છેલ્લા એક મહિનામાં 2500 સાપ રેસ્ક્યુ કરવામાં આવ્યા છે. જેમાં ઝેરી સાપ માં સૌથી વધુ નાગ સાપ રેસ્ક્યુ કરવામાં આવ્યા હતા.ખેડા જિલ્લામાં 135 ટકા કરતા પણ વધારે વરસાદ નોંધાયો છે. જેમાં જિલ્લામાં વરસાદ પડતાની સાથે જ વન્ય જીવો દર બહાર નીકળતા હોય છે. જેમાં સૌથી વધુ સર્પ જોવા મળી રહ્યા છે. જેમાં વરસાદ થતાની સાથે જ સર્પ માનવ વસ્તીમાં આવતા હોવાનું જોવા મળી રહ્યું છે. જેમાં જિલ્લામાં માનવ વસ્તીમાં સાપ આવી જતા શહેરીજનોમાં ભય જોવા મળી રહ્યો છે. જિલ્લાના 520 ગામમાં છેલ્લા એક મહિનામાં 2500 થી વધુ સાપને જિલ્લામાં 3 પ્રકારના સૌથી વધુ ઝેરી સાપ જોવા મળી રહ્યા છે.

35 વર્ષ જૂના રત્નમ સહિત ચાર બિલ્ડર ગ્રુપ અને ભાગીદારોની વડોદરા-રાજકોટની 20 જગ્યાએ રેડ, 150 અધિકારી જોડાયા

# દિવાળી પહેલાં વડોદરામાં ITનું મેગા ઓપરેશન

**(એજન્સી) વડોદરા તા 23 દિવાળી તહેવાર પૂર્વે વડોદરાના રત્નમ ગ્રુપ સહિત ચાર જેટલા બિલ્ડર ગ્રુપને ત્યાં વહેલી સવારે આવકવેરા વિભાગ ત્રાટક્યું હતું. આવકવેરા વિભાગના 150થી વધુ અધિકારીઓની અલગ અલગ ટીમોએ 20થી વધુ જગ્યાએ દરોડા પાડી કાર્યવાહી હાથ ધરતા બિલ્ડર ગ્રુપોમાં ફફડાટ મચી ગયો છે. આવકવેરા વિભાગે અંદાજે પાંચ કરોડની રોકડ અને ઝવેરાત જપ્ત કર્યુ હતું. જ્યારે વીસથી વધુ લોકરો સીલ 400 કરોડથી વધારેના બિનહિસાબી વ્યવહારો બહાર આવ્યા હતા. આ દરમિયાન કરોડો રૂપિયાનુ બિન હિસાબી કાળું નાણું બહાર આવે તેવી શક્યતાને નકારી શકાય તેમ નથી. હવે આઈટીની રડારમાં જ્વેલર્સ પણ આવે તેની શક્યતા છે. વડોદરાનું રત્નમ બિલ્ડર્સ 1989થી વિવિધ રેસિડેન્સિયલ અને કોમર્શીયલ પ્રોજેક્ટ્સ કરી રહ્યું છે.**



### બિલ્ડર ગ્રુપોના નિવાસસ્થાન અને ઓફિસોમાં દરોડા

મળેલી માહિતી પ્રમાણે વડોદરાના જાણીતા રત્નમ ગ્રુપ સહિત ચાર બિલ્ડર ગ્રુપ ત્યાં આવકવેરાના અધિકારીઓની અલગ અલગ ટીમોએ દરોડાની કામગીરી હાથ ધરી હતી. શહેરના હરણી મોટનાથ મંદિર પાસે શરૂ કરવામાં આવેલી રત્નમ ગ્રુપની સ્કીમના સંચાલક નિલેશ શેઠ તેના ભાઈ પ્રકાશ શેઠ સહિત તેમના ભાગીદારોના નિવાસ્થાન તેમજ વુડા સર્કલ પાસે આવેલી ઓફિસ સહિત 20 જેટલા સ્થળો ઉપર આવકવેરા વિભાગ દ્વારા દરોડાની કામગીરી ચાલી રહી છે. આ ઉપરાંત રાજકોટના કેટલાક સ્થળોએ પણ સર્ચ શરૂ કરવામાં આવ્યું હોવાનું સૂત્રો જણાવી રહ્યા છે.

### કરોડો રૂપિયાનુ બિન હિસાબી કાળું નાણું ઝડપાય તેવી શક્યતા

સુત્રો દ્વારા જાણવા મળ્યા મુજબ રત્નમ ગ્રુપ સાથે સંકળાયેલા આર્કિટેક તેમજ અન્ય ફાયનાન્સરને ત્યાં પણ આવકવેરા વિભાગે તપાસ હાથ ધરી છે. આ ઉપરાંત વડોદરા શહેરના હાઈવે બાયપાસની આજુબાજુમાં સ્કીમો કરનાર બે બિલ્ડર ગ્રુપને ત્યાં પણ હાલમાં આવકવેરાની કામગીરી ચાલુ હોવાની પ્રાથમિક માહિતી મળી છે. ચુસ્ત પોલીસ બંદોબસ્ત સાથે આવકવેરા વિભાગે વહેલી સવારથી અમદાવાદ, સુરત અને વડોદરાના આવકવેરાના અધિકારીઓની અલગ અલગ ટીમો કામગીરી કરી રહી છે. દરોડા દરમિયાન બિલ્ડર ગ્રુપો પાસેથી કરોડો રૂપિયાનુ બિન હિસાબી કાળું નાણું ઝડપાય તેવી શક્યતાને નકારી શકાય તેમ નથી. વડોદરાનું રત્નમ બિલ્ડર્સ 1989થી વિવિધ રેસિડેન્સિયલ કોમર્શીયલ પ્રોજેક્ટ્સ કરી રહ્યું છે.

### બિલ્ડર લોબીમાં સન્નાટો

દરોડામાં રિયલ એસ્ટેટ, ગ્રુપ સાથે સંકળાયેલા અન્ય ધંધા-વેપાર અને આર્કિટેક્ટ સુધી પણ તપાસનો રેલો પહોંચ્યો છે. વડોદરામાં આટલી મોટી કાર્યવાહીને પગલે બિલ્ડર લોબીમાં ફફડાટ વ્યાપી ગયો છે. આ તપાસ લાંબી ચાલે તેવી શક્યતા છે.

### દરોડાની કામગીરી મોડીરાત સુધી ચાલશે

જાણવા મળ્યા મુજબ, દરોડા દરમિયાન આવકવેરા વિભાગની ટીમોએ બેનામી નાણાકીય વ્યવહારોની માહિતી તેમજ બિલ્ડર ગ્રુપ દ્વારા કરવામાં આવેલા જમીનોની ખરીદ-વેચાણ અને તેમાં થયેલા બેનામી વ્યવહારોની માહિતી મેળવી રહી છે. સાથે મહત્વના દસ્તાવેજો જપ્ત કરી તપાસ શરૂ કરી છે. એટલું જ નહીં કોમ્પ્યુટરો તેમજ અન્ય સાધન સામગ્રી પણ જપ્ત કરી કાર્યવાહી હાથ ધર્યાના અહેવાલો મળી રહ્યા છે. આ દરોડાની કામગીરી મોડીરાત સુધી ચાલશે તેમ જાણવા મળ્યું છે. દરોડા દરમિયાન કરોડો રૂપિયાનું બિનહિસાબી કાળું નાણું બહાર આવે તેવી શક્યતાને નકારી શકાય તેમ નથી.

### વ્યવહારોની ઝીણવટભરી તપાસ કરાશે

વડોદરામાં ઈન્કમટેક્સ વિભાગ દ્વારા મેગા ઓપરેશન હાથ ધરવામાં આવ્યું છે. હાલ પ્રાપ્ત વિગતો અનુસાર, વડોદરાના નિલેશ શેઠ અને સોનક શાહ સાથે સંકળાયેલા બે મોટાં બિલ્ડર જૂથોને ત્યાં ઈન્કમટેક્સ વિભાગની ટીમો ત્રાટકી છે. વડોદરા, અમદાવાદ અને સુરત આમ ત્રણ શહેરની ટીમો બે બિલ્ડર જૂથોને ત્યાં દસ્તાવેજો, હિસાબી વહીવટ, ઇલેક્ટ્રોનિક રેકોર્ડ સહિતના વ્યવહારોની ઝીણવટભરી તપાસમાં જોડાઇ છે.

### મે મહિનામાં ખુરાના ગ્રુપ પર રેડ કરતા 400 કરોડના બિનહિસાબી વ્યવહારો મળ્યા હતા

આ પહેલા આવકવેરા વિભાગે ફાઈનાન્સર અને કોન્ટ્રાકટર ગ્રૂપ પર 17 મે, 2024ના રોજ દરોડા પાડ્યા હતા. જેમાં વડોદરા અને અમદાવાદનાં માધવ ગ્રૂપ અને ખુરાના ગ્રૂપનાં 30 સ્થળો પર ઓફિસ અને રહેઠાણો પર દરોડા કર્યા હતા. વડોદરાના ખુરાના ગ્રૂપના અશોક ખુરાના સહિતના ભાગીદારોને ત્યાં ઈન્કમટેક્સની તપાસ શરૂ કરવામાં આવી હતી. આ રેડમાં આવકવેરા વિભાગને 400 કરોડના બિનહિસાબી વ્યવહાર મળી આવ્યા હતા. આવકવેરા વિભાગે અંદાજે પાંચ કરોડની રોકડ અને ઝવેરાત જપ્ત કર્યુ હતું. જ્યારે વીસથી વધુ લોકરો સીલ કર્યા હતા. આ દરમિયાન 400 કરોડથી વધારેના બિનહિસાબી વ્યવહારો બહાર આવ્યા હતા.

## રાંધેજા રોડ પર ટ્રકની ટક્કરથી બાઈક સવાર 20 વર્ષીય યુવાનનું મોત

(એજન્સી)ગાંધીનગર તા 23

ગાંધીનગરના રાંધેજા રોડ પર ટ્રકના ચાલકે પોતાની ટ્રક પૂરપાટ ઝડપે અને ગફલતભરી રીતે હંકારી બાઈકને ટક્કર મારી હતી. આ અકસ્માતમાં બાઈક પરથી ઉછળીને નીચે પટકાતા ગંભીર ઈજાગ્રસ્ત 20 વર્ષીય યુવાનનું ઘટનાસ્થળે મોત મોત નિપજતા પેથાપુર પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

દહેગામના જીવરાજના મુવાડા ગામે રહેતા વિજયસિંહ ચંદ્રસિંહ ઝાલા ગઈકાલે સાંજના સમયે નોકરીએ હાજર હતા. એ વખતે ઘરેથી ફોન આવેલો કે 20 વર્ષીય દીકરા રાજવીરસિંહને રાંધેજા રોડ પર અકસ્માત સર્જાતા સિવિલ લગયા છે. જેનાં પગલે વિજયસિંહ તાબડતોબ સિવિલ હોસ્પિટલ દોડી ગયા હતા. જ્યાં પીએમ રૂમ ખાતે તેમના દીકરાની લાશ પોસ્ટમોર્ટમ અર્થે રાખવામાં આવી હતી. આ જોઈને તેઓ આઘાતમાં સરી પડ્યા હતા. ત્યારે અકસ્માત અંગે પૂછતાંછ કરતાં તેમને જાણવા મળેલ કે, રાજવીર કુટુંબીનું બાઈક લઈને રૂપાલ ગામથી રાંધેજા રોડ તરફ પસાર થઈ રહ્યો હતો.

એ વખતે ટ્રકના ચાલકે પોતાની ટ્રક પૂરપાટ ઝડપે અને ગફલતભરી રીતે હંકારીને બાઈકને ટક્કર મારી હતી. આ અકસ્માત સર્જાતા ટ્રક પણ પલ્ટી ખાઈ ગઈ હતી. અને ડ્રાઈવર નાસી ગયો હતો. જ્યારે રાજવીરનું શરીરે ગંભીર ઈજાઓ થવાથી મોત નીપજ્યું હતું.

## VNSG યુનિવર્સિટીએ રાતોરાત પેપરસેટ બદલવું પડ્યું

(એજન્સી) સુરત5 તા 23

M.Com સેમ 3ની ફાઈનાન્શિયલ મેનેજમેન્ટની પરીક્ષા હતી. જોકે, તે પહેલાં જ પ્રશ્નપત્ર પહોંચાડનારી એજન્સીએ મોટી ભૂલ કરી હતી. એજન્સી દ્વારા પીટી સાયન્સ કોલેજ પર સાયન્સની જગ્યાએ M.Comના પેપર પહોંચી ગયા હતા. આ પેપરસેટ પીટી સાયન્સ કોલેજમાં ખૂલી ગયું હતું. જેને લઈને યુનિવર્સિટી દ્વારા રાતોરાત પેપરસેટ બદલવાની ફરજ પડી હતી. આ સમગ્ર મામલે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના વાઈસ ચાન્સલર દ્વારા તપાસના આદેશ આપવામાં આવ્યા છે. આ સાથે નોટિસ પણ ફટકારવામાં આવી છે.

એજન્સીની બેદરકારી સામે તપાસના આદેશ

યુનિવર્સિટીમાં પ્રશ્નપત્રોનું છાપકામ કરતી એજન્સી દ્વારા ભૂતકાળમાં પણ અનેક છબરડા થયા હતા. જેને પગલે છ મહિના અગાઉ આ કંપનીને બ્લેક લિસ્ટ કરવા ભલામણ કરાઈ હતી. જોકે, તેમ છતાં ફરી એકવાર આ જ એજન્સીને પ્રિન્ટિંગનું કામ સોંપવામાં આવ્યું હતું. જેને પગલે યુનિવર્સિટીના સત્તાધીશોની નિયત સામે પણ સવાલો ઉઠ્યા છે. જોકે, પરીક્ષા પહેલાં જ આ ભૂલ સામે આવતા વિદ્યાર્થીઓને કોઈ હાલાકી થઈ નહોતી, પરંતુ એજન્સીની બેદરકારીના કારણે થયેલી આ મોટી ભૂલ સામે તપાસના આદેશ આપવામાં આવ્યા છે. સાથે આગામી સમયમાં કંપનીને બ્લેક લિસ્ટ કરવા સુધીની ભલામણ કરવામાં આવી છે. ટેન્ડર પ્રક્રિયાથી દૂર રાખવાની પણ નોટિસ

આ સમગ્ર મામલે યુનિવર્સિટીના વાઈસ ચાન્સલર કિશોરસિંહ ચાવડાએ જણાવ્યું હતું કે, યુનિવર્સિટીની ઓક્ટોબર, નવેમ્બર, ડિસેમ્બર સુધી પરીક્ષાઓ ચાલી રહી છે. તેમાંથી એક પરીક્ષા કેન્દ્ર સર પીટી સાયન્સ કોલેજ પર સાયન્સની જગ્યાએ M.Comનું પ્રશ્ન પત્ર મળી આવ્યું હતું.

જે સંદર્ભની અંદર સિક્યુરિટી એજન્સીને નોટિસ આપવામાં આવી છે. પુન: છપામણી ખર્ચ, પુન: તમામ પ્રકારના આનુસંગિક ખર્ચ, દંડ પણ કરવામાં આવ્યો છે. ભવિષ્યમાં ક્યારે પણ પ્રશ્નપત્ર છાપવાની ટેન્ડર પ્રક્રિયાઓ પૂર્ણ થાય ત્યારે તેમને ટેન્ડરની પ્રક્રિયાથી દૂર રાખવાની પણ નોટિસ આપવામાં આવી છે.

સ્કોડને વિજિલન્સ તપાસ માટે સૂચના

આ સાથે તેઓએ જણાવ્યું હતું કે, કોઇ વિદ્યાર્થીની પરીક્ષા રહી ગઈ નથી. જે તે દિવસે સાયન્સનું પેપર જ હતું. એક વધારાનો વિષય પેપર નીકળ્યું હતું તે પહેલાં જ બદલી કાઢવામાં આવ્યું હતું. કોઈ વિદ્યાર્થી પરીક્ષા આપવા રહી ગયા નથી. પ્રશ્નપત્રના સંદર્ભમાં અમારી જે સ્કોડ છે તેને પણ સૂચના આપવામાં આવી છે.

અગાઉ પણ એજન્સી દ્વારા પ્રશ્નપત્રોમાં ગંભીર છબરડા

ઉલ્લેખનીય છે કે, પાછલા વર્ષોમાં આ જ એજન્સી દ્વારા પ્રશ્નપત્રોમાં ગંભીર છબરડા થયા હતા. જેને લઈને ટેન્ડર સમિતિ દ્વારા એજન્સીને બ્લેક લિસ્ટ કરવા સુધીની ભલામણ કરાઈ હતી. તેમ છતાં યુનિવર્સિટી દ્વારા ફરી એકવાર આ જ એજન્સીને પ્રિન્ટિંગની કામગીરી સોંપવામાં આવી છે. જેને લઈને હાલ ચાલી રહેલી તેમજ આગામી સમયમાં યોજાનારી પરીક્ષાઓમાં છબરડાની હારમાળા સર્જાય તો કંઈ નવાઈ નહી.

## લવમેરેજના 12 બાદ દંપતી વચ્ચે મનભેદ સર્જાયા

બ્રેકિંગ ન્યૂઝ

મહેસાણા પંથકમાં પ્રેમલગ્ન કરનાર એક દંપતીને પોતાના લગ્ન જીવનના 12 વર્ષ બાદ બંને વચ્ચે મનમેળ ન આવતો હોય ઘરકંકાસ સર્જાતો હતો. લગ્ન જીવન દરમિયાન દંપતીને બે સગીર વયના બાળકો હતા.સંયુક્ત પરિવારમાં રહેતા દંપતીમાં પત્ની પોતાની લાઈફ સ્ટાઈલ પુરુષોની જેમ જીવતા પરિવારના અન્ય સભ્યો હેરાન પરેશાન બન્યા હતા. પત્નીને લઈ પરિવારના સભ્યો પરેશાન ન બને માટે પતિ પત્ની પોતાના બાળકો સાથે જુદા રહેવા ગયા હતા. પરિવારથી જુદા રહેતા પતિ-પત્ની વચ્ચે વધુ કંકાસ સર્જાતા પત્ની દ્વારા મહિલા સહાયતા કેન્દ્રમાં પોતાના પતિ વિરુદ્ધ રજૂઆત કરવામાં આવી હતી. જેમાં મહિલાના આક્ષેપ મુજબ પોતાના નામે લોન લઈ તેનો પતિ જુગાર રમતો હોઈ પોતે પરેશાન બની હતી.

## રાજકોટનાં રેસકોર્સ રિંગરોડને દુલ્હનની જેમ શણગારાશે

રાજકોટ શહેરમાં આગામી તહેવારોને લઈને દિવાળી કાર્નિવલની ઉજવણી કરવામાં આવનાર છે. જેમાં 27 ઓક્ટોબરથી 31 ઓક્ટોબર સુધી વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. 27 ઓક્ટોબરે આ દિવાળી કાર્નિવલનો કિસાનપરા ચોકથી પ્રારંભ કરવામાં આવશે. આ માટે આખા રેસકોર્સ રિંગ રોડને દુલ્હન જેવો શણગાર કરવામાં આવશે. તેમજ રિંગ રોડ પર દુબઈમાં થાય તે પ્રકારનો લેસર શો કરાશે. આ ઉપરાંત 30 ઓક્ટોબરે સાંજે એક કલાક આતશબાજી યોજાશે. એટલું જ નહીં દિવાળીમાં 500થી વધુ સ્પર્ધાત્મક રંગોળીનું આયોજન કરાયું છે. જેમાં પણ 500 કરતા વધુ બહેનો દ્વારા વિવિધ પ્રકારની રંગોળી કિસાનપરા ચોકથી લઈને ફનવર્લ્ડ સુધી કરવામાં આવશે.

## વિસનગરના ઉમતા ગામની સીમમાં પોલીસને જોઇ એક્ટિવા મુકી અંધારાનો લાભ લઈ બે શખ્સો ફરાર

(એજન્સી)વિસનગર તા 23

વિસનગર તાલુકાના ઉમતા ખતોડા રોડ પર બે શખ્સો એક્ટિવામાં વિદેશી દારૂ ભરીને આવે છે. તેવી બાતમી તાલુકા પોલીસ સ્ટેશન સ્ટાફના માણસોને મળતાં પોલીસે ઉમતા ગામની સીમમાં તળાવ નજીક વોચ ગોઠવી હતી. જેમાં એક્ટિવા લઈને આવતા બે શખ્સો પોલીસને જોઈ એક્ટિવા મૂકી અંધારાનો લાભ લઈ ફરાર થઈ ગયા હતા. પોલીસે એક્ટિવાની ડેકીમાંથી ભારતીય બનાવટનો વિદેશી દારૂ બોટલ નંગ 10 તેમજ એક્ટિવા મળી કુલ 45,924નો મુદ્દામાલ કબજે કર્યો

વિસનગર તાલુકા પોલીસ સ્ટેશન સ્ટાફના માણસોને બાતમી મળી હતી કે ખતોડા ગામ તરફથી ઉમતા ગામ તરફ એક્ટિવા પર ઠાકોર સતીષજી સોમાજી અને ઠાકોર ચમનજી અમરતજી બંને રહે. ઉમતાએ ડેકીમાં ભારતીય બનાવટનો વિદેશી દારૂ લાવી ઉમતા ગામમાં વેપાર કરે છે. જે બાતમીના આધારે પોલીસે ઉમતા ગામની સીમમાં તળાવ નજીક વોચ ગોઠવી હતી. જ્યાં એક્ટિવા લઈને આવતા બંને શખ્સો પોલીસને દૂરથી જોઈ જતા રોડની સાઈડમાં એક્ટિવા ઉભુ રાખી અંધારાનો લાભ લઈ ફરાર થઈ ગયા હતા. પોલીસે એક્ટિવાની ડેકીમાં તપાસ કરતા વિદેશી દારૂની 10 બોટલ મળી આવી હતી. પોલીસે વિદેશી દારૂની બોટલ તેમજ એક્ટિવા મળી કુલ 45,924નો મુદ્દામાલ કબજે કરી ફરાર થનાર ઠાકોર સતીષજી સોમાજી અને ઠાકોર ચમનજી અમરતજી વિરૂદ્ધ ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે. યુવકને ધોકા તેમજ ગડદાપાટુંનો માર માર્યો પાલડી રોડ પર રેલવે ફાટકની સામે જીવરાજ પાર્ક સોસાયટીમાં રહેતા સંજય રાયમલભાઈ રબારીને મહોલ્લાના રબારી કલ્પેશ રાયમલભાઈએ ફોન કરી તમારે ભેંસ લેવાની હતી અમારી પાસે ભેંસ છે જોવી હોય તો તબેલા પર આવો તેમ કહ્યું હતું. જેથી સંજય રબારી તેમના મિત્ર આશિષ નારાયણભાઈ રબારીને મોટર સાયકલ પર બેસાડી સત્યનારાયણ મંદિરની સામે દેલિયા તળાવ પર આવેલ કલ્પેશભાઈના તબેલા પર ગયા હતા.

## વરાછા 75 ટકા ખાલી થઈ જશે તો સાવધાન રહેજો: પોલીસનો ડાયમંડ, જવેલર્સ, આંગડિયા, સોસાયટીના પ્રમુખો સાથે લોક સંવાદ

(એજન્સી) સુરત તા 23

સુરત શહેરના પોલીસના ઝોન વન વિસ્તારમાં મોટાભાગના સૌરાષ્ટ્રવાસીઓ રહે છે. દિવાળીના તહેવાર ટાણે આ સૌરાષ્ટ્રવાસીઓ વતન જતા હોય છે. ત્યારે આ વિસ્તાર 75 ટકા જેટલો ખાલી થઈ જતો હોય છે. આ સાથે વરાછા પોલીસ સ્ટેશન વિસ્તારમાં હીરા બજાર, જ્વેલર્સ, આંગડિયા પેઢીઓ મોટા પ્રમાણમાં આવેલી છે. ત્યારે દિવાળીના સમયમાં કોઈ અનિચ્છનીય ઘટના ન બને તે માટે પોલીસ દ્વારા એક લોક સંવાદ રાખવામાં આવ્યો હતો. જેમાં નકલી પોલીસે ખાસ સાવધાન રહેવા માટે સૂચના અને સાવચેતીના પગ લાગે જાણ કરવામાં આવી હતી. ડાયમંડ, દિવાળી તહેવાર નિમિત્તે તકેદારી રાખવા અંગે ઝોન 1 સુરત શહેર પોલીસ દ્વારા આંગડિયા પેઢી, ડાયમંડ યુનિટ, જેવલર્સ માલિકો અને સોસાયટીના પ્રમુખો સાથે લોક સંવાદ મિટિંગનું આયોજન કરવામાં આવ્યું હતું. આ લોક સંવાદમાં ડીસીપી ભક્તિ ડાભી દ્વારા હાજર લોકોની સાવચેતીના પગલાં લેવા માટે જાણ કરવામાં આવી હતી. આ સાથે જ પોલીસ દ્વારા બહાર પાડવામાં આવેલા પેમ્પલેટ પણ લોકોને આપવામાં આવ્યા હતા.

પોલીસ દ્વારા ફૂટ પેટ્રોલિંગ કરીને જાગૃતિ લાવવા પ્રાયસ

સુરત પોલીસના ઝોન વન વિસ્તારમાં સૌરાષ્ટ્રથી આવેલા અને સુરતને કર્મભૂમિ બનાવી ચૂકેલા સૌરાષ્ટ્રવાસીઓ રહે છે. વરાછા વિસ્તારમાં દિવાળીના સમયે 75 ટકા જેટલા લોકો વતન જતા હોય છે. આ સાથે જ વરાછા વિસ્તારમાં હીરા બજાર, હીરાના યુનિટો, જ્વેલર્સ, આંગડિયા પેઢીઓ આવેલી છે. સોસાયટીઓ પણ ખાલી હોવાથી કોઈ અનિચ્છનીય ઘટના ન બને તે માટે પોલીસ અગાઉથી જ સજ્જ થઈ ગઈ છે. કેવા સાવચેતીના પગલાં લેવા જોઈએ તે માટે પેમ્પલેટ પણ બનાવીને લોકોને આપવામાં આવી રહ્યા છે. આ સાથે જ પોલીસ દ્વારા ફૂટ પેટ્રોલિંગ કરીને પણ જાગૃતિ લાવવામાં આવી રહી છે. દિવાળીના સમયમાં નકલી પોલીસો સક્રિય

ડીસીપી ભક્તિ ડાભીએ જણાવ્યું હતું કે, દર વર્ષે દિવાળી આવે છે, જોકે, પોલીસ આ પહેલીવાર જ દિવાળી આવી રહી હોય તે રીતે જ તમામ તકેદારીઓ સાથે કામગીરી કરી રહી છે. દિવાળીના સમયમાં નકલી પોલીસો સક્રિય થઈ જતી હોય છે અને કોઈના દાગીના પડાવી લેવાના પણ કિસ્સાઓ બનતા હોય છે. આવા કિસ્સાઓ અંગે લોકો સાંભળતા હોય છે છતાં પણ જ્યારે પણ આવો કોઈ નકલી પોલીસ તેમને ભટકાઈ જાય છે ત્યારે તેનો ભોગ બની જતા હોય છે. લોક સંવાદમાં 400 જેટલા લોકો હાજર રહ્યા હતા દિવાળીના સમયને ધ્યાનમાં રાખીને સુરત પોલીસના ઝોન વન વિસ્તારમાં વરાછા પોલીસ દ્વારા લોક સંવાદનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં જોઈન્ટ કમિશનર વાબાંગ ઝમીર પણ હાજર રહ્યા હતા. આ લોક સંવાદમાં ડાયમંડ એસો. પ્રમુખ જગદીશ ખૂંટ, ગુરુકૃપા ડાયમંડ જ્વેલર્સ આગેવાન અરવિંદ રામાણી, આંગડિયા પઢીના આગેવાન જીગ્નેશ સોઢા અને સોસાયટીના પ્રમુખો સહિત બીજા આગેવાનો મળી આશરે 400 જેટલા લોકો હાજર રહ્યા હતા.

## દેવળિયા-પાળિયાદને જોડતો બેઠો પુલ પાણીમાં ગરકાવ, ગ્રામજનોને મુશ્કેલી

(એજન્સી) ભાવનગર | તા23

ભાવનગર તાલુકાના ભાલ પંથકમાં ચોમાસાના પાણી ભરાઈ જવાથી ગામો સંપર્ક વિહોણાં બની જતાં હોવાની વર્ષો જૂની સમસ્યા છે. ચોમાસાના પાણીનો યોગ્ય નિકાલ કરવાની વ્યવસ્થાના અભાવે ચોમાસાના ચાર માસ ભાલ પંથકના લોકો માટે નર્ક જેવા બની જાય છે. ત્યારે આવી જ પૂર જેવી સ્થિતિનું નિર્માણ ફરી પાછું થયેલું જોવા મળ્યું હતું. દેવળિયા અને પાળિયાદ ગામને જોડતો બેઠો પુલ પાણીમાં ગરકાવ થઈ જતાં ગ્રામજનો મુશ્કેલીમાં મુકાયા હતા. એક કાંઠેથી સામાકાંઠે જવા માટે ટ્રેક્ટરનો સહારો લેવો પડયો હતો.ભાલ તાબેના દેવળિયા અને પાળિયાદ ગામ વચ્ચે આવેલા કોઝ-વે (બેઠા પુલ) ઉપર વલ્લભીપુરની ઘેલો નદીનું પાણી ફરી વળ્યું હતું. ઉપરવાસમાં થયેલા વરસાદના પગલે ઘેલો નદીનું પાણી આવતા બેઠા પુલનો રસ્તો પાણીમાં ગરકાવ થયો હતો. જેના કારણે પૂર જેવી પરિસ્થિતિનું નિર્માણ થયું હતું. જેના કારણે લોકોની અવર-જવર બંધ થઈ ગઈ હતી. આવી પરિસ્થિતિમાં હીરા ઘસી ઘરનું ગુજરાન ચલાવતા રત્નકલાકારોની માઠી બેઠી હોય, સવારે રત્નકલાકાર, વિદ્યાર્થીઓ અને ગ્રામજનોને સામાકાંઠે પહોંચાડવા માટે બે સેવાભાવીએ ટ્રેક્ટરની સેવા પૂરી પાડી હતી.

### ન્યુઝ ફ્લેશ

### નડિયાદમાં બંધ મકાનમાંથી તસ્કરો રૂ. 1.76 લાખની મત્તા ચોરી ગયા

નડિયાદ : નડિયાદ પવનચક્કી વિસ્તારમાં આવેલી સોસાયટીમાં રહેતા પરિવારજનો બિમાર સંબંધીની સારવારમાં રોકાયેલા હતા. દરમિયાન બંધ મકાનનો નકૂચો તોડી તસ્કરો રૂ.૧,૭૬,૩૦૦ની મત્તા ચોરી ગયા હતા. આ બનાવ અંગે નડિયાદ ટાઉન પોલીસે ગુનો નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી હતી.નડિયાદ પવનચક્કી વિસ્તારમાં પૃથ્વી પાર્ક સોસાયટીમાં અપતભાઈ કિરીટભાઈ પટેલના ભાઈ બીમાર હોવાથી પરિવારજનો ઘર બંધ કરી હોસ્પિટલે ગયા હતા. દરમિયાન તા.૨૧/૧૦/૨૪ની રાત્રિના દોઢ વાગ્યાના સુમારે કોઈ તસ્કરોએ મુખ્ય દરવાજાનો નકુચો તોડી અંદર પ્રવેશી ઘરમાં માલ સામાન વેર વિખેર કરી નાખ્યો હતો.

### સારસા ગામે ગોડાઉનમાંથી 15 લાખના તમાકુની ચોરી

આણંદ : આણંદના સારસા ગામે તમાકુની ખરીમાં કામ કરતા કર્મચારીએ રૂ.૧૫ લાખની કિંમતની તમાકુની ૨૮૦ ગુણોની ચોરી કરી હોવાની ખંભળોજ પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ હતી. પોલીસે શખ્સ વિરૂદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. સારસા ગામે રહેતા ઘનશ્યામભાઈ વિનુભાઈ શાહની તમાકુની ખરી આવેલી છે. તેમની ખરીમાં મહેતાજી તરીકે કામ કરતા મહેન્દ્રભાઈ ઉર્ફે લાલો અરવિંદભાઈ પરમાર (રહે. સારસા તાબે મોતીપુરા)એ ગત તા. ૧ સપ્ટેમ્બર ૨૦૨૪થી તા.૧૫ ઓક્ટોબર ૨૦૨૪ વચ્ચેના સમયગાળામાં ગોડાઉનમાં મુકેલી તમાકુની ગુણો પૈકી ૨૮૦ ગુણોની અલગ અલગ દિવસે ચોરી કરી લઈ ગયા હતા.

### શિકાર કરાયેલી નિલગાયના વિશેરા ફોરેન્સિક તપાસ માટે મોકલી અપાયા

ગાંધીનગર : ગાંધીનગરના કોબાથી તપોવન સર્કલ તરફ જવાના માર્ગ ઉપર કેનાલ સાઇડ પાસે બંદૂકની ગોળી મારીને નિલગાયનો શિકાર કરવામાં આવ્યો હતો. ત્યાર બાદ આ મૃત નિલગાયનો પેનલ ડોક્ટર મારફતે પોસ્ટમોર્ટમ કરવામાં આવ્યું હતું તે દરમ્યાન જરૂરી વિશેરા લઈને વધુ તપાસ માટે ફોરેન્સીક સાયન્સ વિભાગમાં પણ મોકલવામાં આવ્યા છે. ઉત્તર ગુજરાતના ઘણા ગામોમાં ડફેર ગેંગનો ત્રાસ વધી રહ્યો છે ત્યારે આ ગેંગે હવે ગાંધીનગરમાં પણ પ્રવેશ કર્યો છે. ગઈકાલે તપોવન સર્કલ પાસે સુઘડ કેનાલ પાસે બંદૂકની ગોળી મારીને નિલગાયનો શિકાર કરવામાં આવ્યો હતો જે અંગે શ્રી રામ ચેરીટેબલ ટ્રસ્ટ સંસ્થાના સ્વયંસેવકોએ વનવિભાગને જાણ કરતા તંત્ર દોડતું થઇ ગયું હતું અને વનવિભાગે આ મૃત નિલગાયનું પેનલ ડોક્ટર મારફતે પોસ્ટમોર્ટમ કરાવ્યું હતું.

### ગૌચરના ડુંગરમાં દરરોજ પશુધનનું મારણ થતાં ખેડૂતો-પશુપાલકોની ચિંતા વધી

# સણોસરા ગામે સાવજ પરિવારના ડેરાતંબુ, ગ્રામજનોમાં ભારે ફફડાટ

(એજન્સી) સિહોર | તા.23



15 દિવસથી સિંહનું ટોળું વસવાટ કરતું હોવાથી વાડીમાં કામ કરતા ભાગિયા ભયના ઓથાર હેઠળ, સિંહના ટોળાને પકડી અન્યત્ર સ્થળે ખસેડવા રજૂઆત

સિહોર તાલુકાના સણોસરા ગામ પાસે આવેલા ગૌચરના ડુંગર વિસ્તારમાં સાવજ પરિવારે ડેરાતંબુ તાણ્યા હોવાથી ખેડૂતો-પશુપાલકો, ગ્રામજનોમાં ભારે ફફડાટ ફેલાયો છે. દરરોજ પશુધનનું મારણ કરવામાં આવતું હોવાથી લોકોની ચિંતા વધી છે. આ સિંહના ટોળાને પકડી અન્યત્ર સ્થળે ખસેડવાની માંગણી સાથે સિહોર મામલતદારને રજૂઆત કરવામાં આવી છે.સિહોરના સણોસરા ગામે છેલ્લા ૧૫ દિવસથી સિંહનું ટોળું વસવાટ કરી રહ્યું છે. જેના કારણે પશુપાલકો અને ખેડૂતોની ગાય, ભેંસ-બકરાં ગૌચરના ડુંગરોમાં ચરવા માટે જાય છે, ત્યારે સિંહનું ટોળું તેમનું મારણ કરી ખોરાક બનાવી રહ્યું છે. મારણની ઘટનના દરરોજ બની રહી હોવાથી ખેડૂતો-પશુપાલકોની ચિંતામાં વધારો થયો છે. જે સ્થળે સિંહ પરિવારની હાજરી જોવા મળી રહી છે, તેની બાજુમાં જ લોકભારતી સંસ્થા અને ખેડૂતોની વાડીઓ આવેલી છે. લોકભારતી સંસ્થામાં વિદ્યાર્થીઓ અભ્યાસ કરવા માટે જતાં હોય છે. જેથી તેમના જીવ ઉપર પણ જોખમ ઉભું થયું છે. તેમજ વાડીમાં ખેતમજૂરી કરતા ભાગિયા પણ ભયના ઓથાર હેઠળ જીવી રહ્યા છે. સણોસરા ગામે પશુધન મોટા પ્રમાણ છે. માલધારીઓ પોતાના જીવનનિર્વાહ માટે ગાય-ભેંસ, બકરાંને ચરાવવા માટે દરરોજ ગૌચરના ડુંગરમાં જાય છે. ત્યારે પશુઓને જવા-આવવાના રસ્તા પર જ સિંહ પરિવારનું ટોળું દરરોજ હુમલો કરી મારણ કરે છે. જેથી પશુપાલકો સિંહોના ત્રાસથી ફફડી રહ્યા છે. આ પરિસ્થિતિને ધ્યાને લઈ સિંહ પરિવારના ટોળાને પકડી અન્યત્ર સ્થળે ખસેડવાની માંગ સાથે સિહોર તાલુકા પંચાયતના પૂર્વ ઉપપ્રમુખ અને સણોસરાના ગ્રામજનોએ લેખિતમાં રજૂઆત કરી છે.

### બોટાદમાં સવારે અને સાંજે 4-4 કલાક માટે ભારે વાહનોને પ્રવેશ નિષેધ

બોટાદ : બોટાદ શહેરમાં ટ્રાફીક સમસ્યા અને લોકોની અવર જવર માટે ટુ-વ્હીલ તથા ફોર વ્હીલ વાહનોનો ઉત્તરોત્તર વધારો થવાના કારણે બોટાદ શહેરની ભૌગોલિક પરિસ્થિતિને ધ્યાને લેતા બોટાદના અધિક જિલ્લા મેજિસ્ટ્રેટે પોતાને મળેલી સત્તાની રૂએ જાહેરનામું પ્રસિદ્ધ કર્યું છે. બોટાદ શહેરમાં રેલ્વે સ્ટેશન રોડ, અન્ડરબ્રિજ, સાળંગપુર રોડ તથા ટાવર રોડ પરથી પાળીયાદ તરફ જતા વાહનોને ફક્ત સાળંગપુર ત્રણ રસ્તાથી ગોંડલ પાન પેલેસથી મસ્તરામ મંદિર - સતવારા બોર્ડીંગ થઈ કાબા રૂપાની વાડીથી વકીલ પેટ્રોલપંપ સામેથી પાળીયાદ રોડ ઉપર પ્રવેશ કરવાનો રહેશે. તેવી જ રીતે પાળીયાદ રોડ તરફથી આવતા વાહનોએ ટાવર રોડ, રેલ્વે સ્ટેશન રોડ તથા સાળંગપુર જતાં વાહનોને હવેલી ચોકથી મોબાઈલ બજાર - કરમશી ભવાન કિરાણા સ્ટોર (તરાના પાન)થી ટાવર રોડ પર પ્રવેશ કરવાનો રહેશે. હવેલી ચોકથી દિનદયાળ ચોક અને હિરા બજારમાં ટ્રાફીક સમસ્યા નિવારવા ફક્ત એકબાજુ દ્વિ-ચક્રી વાહનો પાર્ક કરવા એટલે કે, એકી તારીખે જમણી બાજુ તથા બેકી તારીખે ડાબી બાજુ વાહનો પાર્ક કરવાના રહેશે.

### રૂા.10,000નો દંડ અને જો દંડ ન ભરે તો ત્રણ માસની કેદની સજાનો હુકમ

# કાત્રોડી ગામના શખ્સને બળાત્કાર કેસમાં 20 વર્ષ સખત કેદની સજા

(એજન્સી) મહુવા | તા.23

જેસર તાલુકાના કાત્રોડી ગામના શખ્સે પોણા ત્રણેક વર્ષ પૂર્વે એક સગીરાને ભગાડી જઈ તેણી સાથે બળાત્કાર ગુજાર્યો હતો. જે બનાવમાં મહુવાની એફટીએસસી કોર્ટે શખ્સને ગુનેગાર ઠેરવી ૨૦ વર્ષ સખત કેદની સજા અને રોકડ રકમનો દંડ ફટકાર્યો છે.પ્રાપ્ત માહિતી અનુસાર ભાવનગર જિલ્લાના જેસર તાલુકાના કાત્રોડી ગામે રહેતો અજય વિનુભાઈ ચૌહાણ નામના શખ્સે ગત તા.૧૩-૨ના રોજ શરૂ રાત્રિના ૧૨-૧૫થી ૩ કલાકના અરસામાં એક સગીરાને લલચાવી-ફોસલાવી બદકામ કરવાના ઈરાદે તેણીને કાયદેસરના વાલીપણામાંથી ભગાડી જયદીપ ઉર્ફે હદો હકુભાઈ પરમાર ખીમયાણી નામના શખ્સે બન્નેને તેની બાઈકમાં બેસાડી લઈ જઈ મદદગારી કરી હતી. ત્યારબાદ અજય ચૌહાણ નામના શખ્સે સગીરા સાથે બળાત્કાર ગુજાર્યો હતો. જે બનાવ અંગે અજય ચૌહાણ અને મદદગારી કરનાર જયદીપ ઉર્ફે હદો પરમાર ખીમયાણી સામે જેસર પોલીસમાં આઈપીસી ૩૬૩, ૩૬૬, ૩૭૬ (૨) (જે) (એન), ૩૭૬ (૩), ૧૧૪ અને ધી પ્રોટેક્શન ઓફ ચિલ્ડ્રન ફ્રોમ સેક્સ્યુઅલ ઓફેન્સ એક્ટની કલમ ૬, ૧૦, ૧૭, ૧૮ મુજબ ગુનો દાખલ થતાં પોલીસે બન્ને શખ્સની ધરપકડ કરી જરૂરી તપાસ બાદ કેસની ચાર્જશીટ કોર્ટમાં દાખલ કરી હતી.

દરમિયાનમાં આ અંગેનો કેસ એફ.ટી.એસ.સી. (પોકસો) કોર્ટ-મહુવામાં ચાલી જતાં સરકારી વકીલ કમલેશભાઈ એચ. કેસરીની ધારદાર દલીલ, રજૂ થયેલા ૧૪ મૌખિક અને ૩૩ દસ્તાવેજી પુરાવાને ગ્રાહ્ય રાખી ન્યાયમૂર્તિ અતુલકુમાર એસ. પાટીલ (ચોથા એડીશનલ સેશન્સ જજ તથા જજ, એફટીએસસી (પોકસો) કોર્ટ-મહુવા)એ આરોપી અજય ચૌહાણને આઈપીસી ૭૧, જનરલ ક્લોઝીસ એક્ટની કલમ ૨૬ અને પોકસો એક્ટની કલમ ૪૨ સાથે વાંચતા આઈપીસી ૩૭૬ (૩) મુજબના શિક્ષાપાત્ર ગુનામાં તકસીરવાન ઠેરવી ૨૦ વર્ષ સખત કેદની સજા, રૂા.૧૦,૦૦૦નો દંડ અને જો દંડ ન ભરે તો ત્રણ માસની સખત કેદની સજાનો હુકમ કર્યો હતો. જ્યારે મદદગારી કરનાર જયદીપ ઉર્ફે હકો પરમાર ખીમયાણીને શંકાનો લાભ આપી છોડી મુકવામાં આવ્યો હોવાનું જાણવા મળ્યું છે.



### ઠાસરા નગરમાં 28 વર્ષ જૂનું સરકારી વિશ્રામગૃહ શોભાના ગાંઠિયા સમાન

(એજન્સી) ઠાસરા | તા.23

ખેડા જિલ્લાના ઠાસરામાં આવેલું સરકારી વિશ્રામગૃહ અત્યંત જર્જરિત બનતા શોભાના ગાંઠિયા સમાન બન્યું છે. ૨૮ વર્ષ જૂના વિશ્રામગૃહમાં છત પરથી પાણી ટપકવા સહિત સુવિધાના અભાવે સરકારી કામ માટે આવતા અધિકારીઓ, કર્મચારીઓને નાછૂટકે ડાકોર સુધી જવાની ફરજ પડે છે. ત્યારે સત્વરે અહીં રિનોવેશ કરાય તેવી માંગણી ઉઠી છે. ખેડા જિલ્લાના ઠાસરા તાલુકા મથકે આવેલા ગુજરાત સરકારનું વિશ્રામગૃહ ઘણા સમયથી જર્જરિત હોવાથી શોભાના ગાંઠિયા જેવું બન્યું છે. ઠાસરા તાલુકા પંચાયત અને મામલતદાર કચેરીની વચ્ચે આવેલું સરકારી વિશ્રામગૃહનું ૧લી ફેબ્રુઆરી ૧૯૯૭એ ઉદ્ઘાટન કરાયું હતું. ત્યારે ૨૮ વર્ષ બાદ અહીં છત પરથી પાણી રૂમના પલંગ પર પડતા ગાદલા પણ ભીના થાય છે. સભા હોલના શોફા તૂટી ગયા છે, પંખા બગડેલા અને લાટના પણ કોઈ ઠેકાણ નથી. બેડરૂમ કે બાથરૂમમાં પ્રવેશો તો દુર્ગંધ મારે છે. ઘણા સમયથી કલરકામ પણ કરાયું નથી.



### એસટી બસ હોસ્પિટલની સંરક્ષણ દિવાલમાં ઘૂસી, જાનહાનિ નહીં

(એજન્સી) નડિયાદ | તા.23

નડિયાદના મિશન રોડ પરથી પસાર થઈ રહેલી એસટી બસના ચાલકે સ્ટેરિંગ પરથી કાબુ ગુમાવતા બસ હાર્ટ હોસ્પિટલની સંરક્ષણ દિવાલમાં ઘુસી ગઈ હતી. અકસ્માતમાં બસમાં સવાર ૩૦થી ૩૫ મુસાફરોનો આબાદ બચાવ થયો હતો. જ્યારે ડ્રાઈવરને ઈજા પહોંચતા હોસ્પિટલ ખસેડાયો હતો. નડિયાદ બસ સ્ટેશનથી મંગળવારે એક એસટી બસ અલીન્દ્રા તરફ જવા નીકળી હતી. મિશન રોડ પર પહોંચતા બસના ડ્રાઈવરની તબીયત અચાનક લથડી હતી. જેથી ડ્રાઈવરે સ્ટેરિંગ પરનો કાબુ ગુમાવતા બસ એકાએક હાર્ટ હોસ્પિટલની સંરક્ષણ દિવાલમાં ઘુસી ગઈ હતી. આ અકસ્માતમાં સંરક્ષણ બહાર ઉભી રાખેલી ખાણી પીણીની લારી સાથે બસ દિવાલમાં ઘુસી જતાં લારીનું કચ્ચરઘાણ વળી ગયું હતું. સદનસીબે ઘટનામાં કોઈ જાનહાનિ થઈ ન હતી અને બસમાં સવાર ૩૦થી ૩૫ મુસાફરોનો આબાદ બચાવ થયો હતો. જ્યારે ડ્રાઈવરને સામાન્ય ઈજાઓ પહોંચતા નજીકની હોસ્પિટલમાં ખસેડાયો હતો.



### ઓડ-ઈવન વ્યવસ્થામાં આડેધડ ટુવ્હીલર પાર્કિંગના લીધે ટ્રાફિકજામ

(એજન્સી) આણંદ | તા.23

આણંદ શહેરમાં છેલ્લા કેટલાક વર્ષોથી ઓડ-ઈવન પાર્કિંગની વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. જોકે, જે તરફ પાર્કિંગ નિર્ધારિત હોય, તે તરફ ટુવ્હીલર ચાલકો આડેધડ પાર્કિંગ કરી દેતા હોવાથી ટ્રાફિકજામની સમસ્યા સર્જાય છે. દિવાળીના તહેવાર પૂર્વે શહેર અને આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાંથી લોકો આણંદમાં ખરીદી માટે આવતા હોય છે, ત્યારે હાલમાં ટ્રાફિકજામની સમસ્યા વકરી છે. આણંદ શહેરમાં ટ્રાફિકની સમસ્યાના નિરાકરણ માટે વર્ષો પહેલા મુખ્ય વિસ્તાર ગણાતા રેલવે ગોદી, સરકારી દવાખાના, સ્ટેશન રોડ પર ઓડ-ઈવન પાર્કિંગની વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી. સમયાંતરે વાહનોની સંખ્યામાં દિવસેને દિવસે વધારો થતો ગયો, જ્યારે સામાપક્ષે રસ્તાની પહોળાઈ પહેલા જેટલી જ રહી છે. જે દિવસે જે તરફ પાર્કિંગ નિર્ધારીત હોય તે બાજૂ ટુવ્હીલર ચાલકો આડેધડ પાર્કિંગ કરી દે છે. જેના લીધે રસ્તા સાંકડો થઈ જાય છે.



### આસોમાં વરસાદી માહોલ યથાવત, હળવા ઝાપટાંથી અડધો ઈંચ પાણી

(એજન્સી) ભુજ | તા.23

આસોમાં વરસાદી માહોલ યથાવત રહેવા પામ્યો છે. ભચાઉ, અંજાર અને માંડવી-મુંદરા તાલુકામાં ઝાપટાથી લઈને અડધા ઈંચ જેટલો વરસાદ પડયો છે. સવારે ભેજના ઉંચા પ્રમાણના લીધે ઝાકળવર્ષાથી માર્ગો ભીના થયા હતા. બપોરના સમયે ગરમી અને ઉકળાટ અનુભવાયો હતો. અરબી સમુદ્રમાં લો પ્રેશર સર્જાતા હવામાન વિભાગ દ્વારા ગુજરાતમાં વરસાદની આગાહી કર્યા પ્રમાણે વરસાદી માહોલ છવાયો છે.સ ભચાઉમાં બપોરે વાતાવરણમાં પલટો આવ્યો હતો. ૧૫ મિનિટ સુધી ધોધમાર વરસાદ પડયો હતો. અદાજે અડધા ઈંચ જેટલો વરસાદ પડયો હોવાનું જાણવા મળ્યું હતું. માર્ગો પરથી પાણી વહી નીકળ્યા હતા. અંજારમાં બપોરના ભારે ઉકળાટભર્યા માહોલ વચ્ચે વરસાદી ઝાપટું વરસ્યું હતું. માંડવી તાલુકાના ત્રગડી, કોકલીયા, ગામે હળવાથી ભારે ઝાપટાં વરસ્યા હતા.

### સીટ બેલ્ટ બાંધ્યા વગર આર.ટી.ઓ. દ્વારા 12 મેમા ફટકરાયા હતા

# ભાવનગરમાં હેલ્મેટ ડ્રાઈવમાં પ્રથમ દિવસે 126 ટુ-વ્હીલર ચાલક દંડાયા

(એજન્સી) ભાવનગર | તા.23

ભાવનગરમાં આજે આરટીઓ અને પોલીસ દ્વારા સંયુક્ત રીતે યોજાયેલી હેલ્મેટની સ્પેશિયલ ડ્રાઈવના આજે પ્રથમ દિવસે ૧૨૬ ટુ-વ્હીલર ચાલક દંડાયા હતા. જ્યારે ફોર વ્હીલરના ચાલકોને સીટ બેલ્ટ બાબતે ૧૨ આર.ટી.ઓ. મેમા અપાયા હતા. હવે આવતીકાલ તા. ૨૩ને બુધવારે નારી તરફ સ્પેશિયલ ડ્રાઈવ યોજાશે.

ગુજરાત રાજ્યમાં અકસ્માત નિવારણના હેતુસર ટુ વ્હીલર-ફોર વ્હીલર વાહન હંકારતા વાહન માલિકો દ્વારા હેલ્મેટ-સીટ બેલ્ટના ઉપયોગ અંગે મોટર વાહન કાયદામાં કરવામાં આવેલ જોગવાઈઓનું ચુસ્તપણે પાલન કરવામાં આવે તે માટે સ્પેશિયલ ચેકીંગ ડ્રાઈવ યોજવા પરિપત્રમાં જણાવાયું હતું. ઉચ્ચ સ્તરેથી થયેલા આ આદેશના અનુસંધાને ભાવનગરમાં ટોપ-થ્રી સર્કલ અને વાઘાવાડી રોડ પર આજે આર.ટી.ઓ. અને પોલીસ દ્વારા સ્પેશિયલ ડ્રાઈવનું આયોજન કરાયું હતું. જેમાં હેલ્મેટ પહેર્યા વગર ટુ-વ્હીલર વાહન ચલાવતા ૪૯ ચાલકને પોલીસે દંડ કર્યો હતો તો આર.ટી.ઓ. દ્વારા ૭૭ મેમા ફટકરાયા હતા.

એ જ રીતે સીટ બેલ્ટ બાંધ્યા વગર ફોર વ્હીલર ચલાવતા ચાલકોને આર.ટી.ઓ. દ્વારા ૧૨ મેમા ફટકરાયા હતા. હવે આવતીકાલ તા. ૨૩ને બુધવારે નારી તરફ હેલ્મેટ અને સીટ બેલ્ટ સબંધિત સ્પેશિયલ ડ્રાઈવ યોજાશે. તેમ આર.ટી.ઓ.ના સૂત્રોએ જણાવ્યું હતું. આરટીઓમાં ટ્રાયલ માટે આવેલ અરજદારોએ વિવિધ દલીલ કરી.

### લોકવન ઘંઉ પછી 44 વર્ષે લોકભારતીને મળેલ અજોડ સફળતા

# લોકભારતી સણોસરાથી લોક-79 ઘઉંની જાતને કેન્દ્ર સરકારની લીલી ઝંડી

(એજન્સી) ભાવનગર | તા.23

ગ્રામ વિદ્યાપીઠ લોકભારતી સણોસરા દ્વારા લોક-૧ પછી ૪૪ વર્ષે વિદ્યાર્થીઓના વૈજ્ઞાનિક પરિશ્રમ અને સંશોધનકારોની મુલ્યનિષ્ઠ ધીરજના પરીણામે ઘઉંની બીજી શ્રેષ્ઠ જાત લોક-૭૯ જાતની શોધ કરી છે. અને આ ઘઉંની જાતને કેન્દ્ર સરકારે લીલી ઝંડી પણ આપી છે. લોક-૭૯ની યશસ્વી શોધ ખેડુતો માટે દિવાળની ભેટ સમાન બની છે.પોતાની આગવી કેળવણી પ્રણાલી, વિદ્યાવિસ્તરણ કાર્યો અને સંસોધનથી વિશ્વ વિખ્યાત બનેલી ગાંધીવિચારને વરેલી સંપૂર્ણ નિવાસી એવી દેશની સર્વપ્રથમ ગ્રામવિદ્યાપીઠ લોકભારતી સણોસરામાં છેલ્લાં ૫૭ વર્ષથી ઘઉંની નવીનવી જાતો શોધવાનું સંશોધન કાર્ય વિદ્યાર્થીઓના વૈજ્ઞાનિક-મૂલ્યનિષ્ઠ પરિશ્રમથી સાતત્યપૂર્ણ ચાલી રહ્યું છે. ષિવર્ય કૃષિ વૈજ્ઞાનિક ડા. ઝવેરભાઈ પટેલના નેતૃત્વ નીચે અંબાવીભાઈ ભલાણી અને દેવદાસભાઈ ગોહિલના સહકારથી તૈયાર થયેલ 'લોક-૧૬ ઘઉંની જાતને ૧૯૮૦માં મધ્ય ભારતના ખેડૂતો માટે સમયસરની વાવણી અને મોડી વાવણી માટેની ઉત્તમ જાત તરીકે જાહેર કરવામાં આવી. ત્યાર પછી ૪૪ વર્ષે આજે બીજી જાત વૈજ્ઞાનિક ડો. સી.પી. સિંગના નેતૃત્વ નીચે અને લાલજીભાઈ રાઠોડ અને પ્રેમલભાઈ જોષીના ટેકનીકલ સાથથી 'લોક-૭૯ શોધીને લોકભારતીએ ઈતિહાસ સર્જ્યો છે અને દેશના ખેડૂતોને બીજી ભેટ ધરી છે. લોક-૧ જાત ઉત્પાદન ક્ષેત્રે તો લોક-૭૯ જાત પોષણયુક્ત ગુણવત્તા ક્ષેત્રે અગ્રેસર સાબિત થઈ છે. લોક-૭૯ જાત પ્રોટીન, લોહ, ઝિંક વગેરે પોષણમૂલ્યોમાં ચડિયાતી સાબિત થઇ છે. સણોસરા લોકભારતી ઘઉં સંશોધન કેન્દ્રમાં જ સંશોધિત એવી લોક-૪૫ અને લોક-૬૨ જાતોના સંકરણ-અવલોકન અને પસંદગીથી અગિયાર વરસે તૈયાર થયેલ જાત લોક-૭૯ ગુણવત્તા અને ઉત્પાદન એમ બંને જરૂરી ગુણોમાં અગ્રેસર રહીને અન્ય જાતો કરતા ચડિયાતી સાબિત થઇ છે. તાજેતરમાં અખિલ ભારતીય ઘઉં સંશોધન સમિતિ કુલ ૧૯ જાતોની અરજી સંદર્ભે ડો. ડી. કે યાદવ (એડીજી)ના અધ્યક્ષ સ્થાને આખરી પસંદગી માટે મળી હતી. આ બેઠકમાં લોકભારતીની લોક-૭૯ જાતને ઉત્પાદકતા, રોગપ્રતિકાર શક્તિ અને પોષણમૂલ્યોના આધારે વિધિવત રીતે ભારતના પેનીનસ્યુલર ઝોન એટલે કે દ્વીપકલ્પ વિસ્તાર (મહારાષ્ટ્ર, કર્નાટક અને તામિલનાડુ) માટે માન્ય કરવામાં આવી.

### નોકરી ન અપાવ્યાની દાઝમાં શખ્સે ધંધુકાની આર.એમ.એસ. હોસ્પિટલના ટ્રસ્ટીની ઘર પાસે જ કરપીણ હત્યા નિપજાવી

બરવાળા : બરવાળા તાલુકાના ભીમનાથ ગામે બનેલાં હત્યાના ચકચારી બનાવમાં નોકરી ન અપાવ્યાની દાઝ રાખી ગામના જ શખસે ધંધુકાની આર.એમ.એસ. હોસ્પિટલના ટ્રસ્ટી અને મુળ ભીમનાથના વતની એવા ૮૩ વર્ષીય વૃદ્ધ પાટીદાર સેવાભાવી આગેવાન પર તેમના ઘર બહાર જ ધારિયા વડે હુમલો કરી તેમનું ઢીમ ઢાળી દિધું હતું. જ્યાં પોલીસે તેને નજરકેદ કરી તેની વિરૂદ્ધ હત્યા સહિતની કલમ અન્વયે બરવાળા પોલીસ સ્ટેશનમાં ગુન્હો નોંધી તજવીજ હાથ ધરી હતી. બીજી તરફ, બનાવના પગલે સ્થાનિકથી લઈ પર્દેશ કક્ષા સુધીના રાજકીય અને સામાજિક નેતાઓ તથા પાટીદાર આગેવાનો બનાવ સ્થળે દોડી આવ્યા હતા. જ્યારે, બનાવ અંગે મોડીરાત્રે મૃતકના પુત્ર હરીશભાઈ ધરમશીભાઈ મોરડીયાએ કલ્પેશ સવજીભાઈ મેર વિરૂદ્ધ નોકરી ન અપાવ્યાની દાઝ અને મનદુઃખ રાખી તેમના પિતા ધરમશીભાઈ મોરડીયા પર ધારિયા વડે હુમલો કરી હત્યા નિપજાવ્યાની બરવાળા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

## આપનો આજનો દિવસ

**મેષ (અ,લ,ઇ)**
આજનો દિવસ સફળ રહેવાનો છે. કેટલાક ઈચ્છિત કાર્ય પૂર્ણ કર્યા પછી તમે રાહત અનુભવશો અને તમારો આત્મવિશ્વાસ પણ વધશે.

**વૃષભ (બ,વ,ઉ)**
ધ્યેય તરફ તીક્ષ્ણ નજર રાખશો અને સફળતા પણ મળશે. યુવાનોને તેમની ઉર્જાનો સદુપયોગ કરવા અને તેમના સપના સાકાર કરવા માટે પ્રેરિત કરવામાં આવશે.

**મિથુન (ક,છ,ઘ)**
આજનો દિવસ સપનાને સાકાર કરવાનો છે. તમારી જાતને અપડેટ રાખવા માટે તમને નવી ટેક્નોલોજી વિશે માહિતી મળશે.

**કર્ક (ડ,હ)**
આજે તમારી આસપાસનું વાતાવરણ ખુશનુમા રહેશે. નજીકના મિત્રની સલાહ અને સમર્થન તમને તમારી યોજનાઓને અમલમાં મૂકવામાં મદદ કરશે.

**સિંહ (મ,ટ)**
આજનો દિવસ થોડો સાવધાન રહેવાનો છે, આ તમને મુશ્કેલીમાં ફસાવવાથી બચાવશે. તમારું વર્તન અને વિચાર સકારાત્મક રાખો.

**કન્યા (પ,ઠ,ણ)**
ધીમે ધીમે સંજોગો અનુકૂળ થશે અને તમારી સમજદારી અને આદર્શવાદી સ્વભાવ તમારા માટે મહત્વપૂર્ણ સિદ્ધિઓ અપાવશે. આજે તમારા પક્ષમાં આવશે.

**તુલા (ર,ત)**
આજે તમને લાંબા સમયથી ચાલી રહેલી કોઈ સમસ્યામાંથી રાહત મળતી જણાય છે. તમારું સંપૂર્ણ ધ્યાન નાણાકીય પરિસ્થિતિને ગોઠવવા પર રહેશે.

**વૃશ્ચિક (ન,ય)**
પારિવારિક કાર્યોને લઈને તમારે ઘણી દોડધામ કરવી પડી શકે છે. પરંતુ કામ પૂર્ણ થવા પર મન પણ પ્રસન્ન રહેશે. તમને તમારા સાસરિયાઓ તરફથી પણ સન્માન મળશે.

**ધન (ભ,ધ,ફ)**
જો કોઈ ચિંતા રહે છે તો તેને નજીકના વ્યક્તિ સાથે શેર કરીને ઉકેલી શકાય છે. કોઈપણ નવી શરૂઆત કરવા માટે સમય ખૂબ જ અનુકૂળ છે.

**મકર (ખ,જ)**
દિવસ આનંદમાં પસાર થશે. જો તમે કોઈ નવી મિલકત અથવા વાહન ખરીદવાનું વિચારી રહ્યા છો, તો આજે તેનાથી સંબંધિત કાર્યવાહી આગળ વધી શકે છે.

**કુંભ (ગ,શ,સ)**
લોકોની પરવા ન કરો અને તમારા કામ પર ધ્યાન આપો. તમે સફળ થશો. આજે કોઈ જૂના મિત્રને મળવાથી તમને ઘણી સમસ્યાઓનું સમાધાન મળી જશે.

**મીન (દ,ચ,ઝ,થ)**
જો પ્રોપર્ટી કે વાહનના ખરીદ-વેચાણ સાથે જોડાયેલી કોઈ પ્રવૃત્તિ ચાલી રહી છે, તમારા બાળક તરફથી કોઈ સારા સમાચાર મળવાથી તમારું મન ખુશ રહેશે અને સકારાત્મકતા આવશે.

# હિંડનબર્ગના આરોપો જુઠ્ઠાં, SEBI પ્રમુખ માધબી બુચે કશું ખોટું કર્યું નથી

(એજન્સી) મુંબઈ | તા 23



કેન્દ્ર સરકારે સેબીનાં વડાં માધબી પુરી બુચ પર અમેરિકન શોર્ટ સેલર હિન્ડનબર્ગ રિસર્ચ અને વિપક્ષે લગાવેલા તમામ આરોપો કેન્દ્ર સરકારે નકારી કાઢ્યા છે અને તેમને ક્લિનચિટ આપી દીધી છે તેમ સૂત્રોએ જણાવ્યું હતું. આ સાથે માધબી પુરી બુચ સેબી અધ્યક્ષ તરીકેનો બાકીના ચાર મહિનાનો કાર્યકાળ પૂરો કરશે તેમ સૂત્રોએ કહ્યું હતું. સેબી અધ્યક્ષ તરીકે માધબી પુરી બુચનો કાર્યકાળ ફેબ્રુઆરી ૨૦૨૫માં પૂરો થશે. મુખ્ય વિપક્ષ કોંગ્રેસ અને અમેરિકન શોર્ટ સેલર હિન્ડનબર્ગ રિસર્ચે સેબી અધ્યક્ષ વિરુદ્ધ નાણાકીય ગેરરીતિઓ અને હિતોના ઘર્ષણના આરોપ મૂક્યા હતા. ત્યાર પછી તેમના વિરુદ્ધ તપાસ શરૂ કરાઈ હતી. કોંગ્રેસે માધબી પુરી બુચ, તેમના પતિ પર ભાજપ સાથે મળીને ભ્રષ્ટાચાર કરવાનો આરોપ મૂક્યો હતો. આ સાથે જ માધબી બુચે સેબી અધ્યક્ષ તરીકેનાં પદનો દુરુપયોગ કર્યો હોવાનો પણ તેમણે દાવો કર્યો હતો. જોકે, આ અંગે કોઈ પુરાવા રજૂ કર્યા નહોતા. સેબી અધ્યક્ષ માધબી પુરી બુચે આરઈઆઈટીને આગળ વધારી અને તેનાથી બ્લેકસ્ટોનને લાભ થયો હતો. બદલામાં તેમના પતિને પણ ફાયદો થયો હતો કારણ કે તેઓ બ્લેકસ્ટોન સાથે સંકળાયેલા છે તેવો કોંગ્રેસે આક્ષેપ કર્યો હતો.

સૂત્રો મુજબ આરઈઆઈટીનો વિચાર સૌથી પહેલા વર્ષ ૨૦૦૭માં યુપીએની સરકારમાં સામે આવ્યો હતો. જોકે, કેટલાક વર્ષો પછી વર્ષ વર્ષ ૨૦૧૬માં સેબીએ આ અંગે નિર્દેશ જાહેર કર્યા હતા. માધબી પુરી બુચે ૧ માર્ચ, ૨૦૨૨ના રોજ અજય ત્યાગીના નિવૃત્ત થયા પછી સેબી અધ્યક્ષનો પદભાર સંભાળ્યો હતો. સેબીના કામમાં વ્યાપક પરિવર્તન લાવવાનું શ્રેય તેમને જાય છે અને આ ફેરફારોએ માત્ર બ્લેકસ્ટોન જ નહીં પરંતુ ભારતમાં કામ કરતી અનેક વૈશ્વિક કંપનીઓને પ્રભાવિત કરી હતી. સરકારી સૂત્રોએ જણાવ્યું હતું કે, માધબી પુરી બુચના નામે માત્ર રાજકારણ રમાઈ રહ્યું છે. સેબી વડાં બુચ પર અન્ય એક આરોપ લગાવાયો હતો કે તેમણે તેમની પાછલી કંપની આઈસીઆઈસીઆઈમાં તેમના પાછલા કાર્યકાળથી તેમને જે રૂપિયા મળ્યા તેનો ખુલાસો કર્યો નહોતો. સરકારે આ આરોપોની તપાસ કરતા કોઈપણ ગેરકાયદે લેવડ-દેવડ મળી નહોતી. સૂત્રોએ જણાવ્યું કે, આઈસીઆઈસીઆઈ બેન્કે પણ સ્પષ્ટ કર્યું કે ઑક્ટોબર ૨૦૧૩માં નિવૃત્તિ પછી તેમને કોઈ પગાર અથવા ઈએસઓપી નથી મળ્યું. તેમને માત્ર નિવૃત્તિના લાભ અપાયા હતા, જે આ પદ પર અન્ય બધાને અપાય છે.

# નાણાંકીય તંદૂરસ્તીને પગલે એઆઈના ઉપયોગમાં ખાનગી બેન્કો અગ્રસ્થાને

(એજન્સી) મુંબઈ | તા 23




ગેરરીતિ પકડી પાડવા, ગ્રાહક વિભાજન તથા ચેટ ઓટોમેશન જેવી બાબતોમાં આર્ટિફિસિઅલ ઈન્ટેલિજન્સ (એઆઈ)નો ઉપયોગ કરવામાં દેશની ખાનગી બેન્કો અગ્રસ્થાને જોવા મળી રહ્યું છે. ખાનગી બેન્કો પાસે એસેટના કદ તથા તેમનો કેપિટલ એડિક્વસી રેશિઓ એઆઈના સ્વીકાર માટે સાનુકૂળતા પૂરી પાડે છે. ખાનગી બેન્કોની નાણાંકીય તંદૂરસ્તી તેમને નવી ટેકનોલોજિઓમાં ઈન્વેસ્ટમેન્ટસ સરળતા પૂરી પાડે છે, એમ રિઝર્વ બેન્કના એક રિપોર્ટમાં જણાવાયું હતું. નાણાંકીય રીતે માહિતીસભર તથા સમૃદ્ધ એવા ગ્રાહકો ખાનગી બેન્કો સાથે વધુ જોડાયેલા છે અને માટે એઆઈ આધારિત સોલ્યુશન્સના ઉપયોગની વ્યાપક તક ધરાવે છે. ખાનગી બેન્કો ખાસ કરીને ઓછી શાખા ધરાવતી ખાનગી બેન્કો નવા ગ્રાહકો મેળવવા એઆઈ સોલ્યુશન્સનો વધુ ઉપયોગ કરવા લાગશે તેવી શકયતા હોવાનું પણ રિપોર્ટમાં નોંધવામાં આવ્યું છે. કારણ કે એઆઈ ખર્ચની દ્રષ્ટિએ વધુ લાભકારક બની રહે છે. નાણાંકીય તથા બેન્કિંગ ક્ષેત્રમાં એઆઈનું જોડાણ ભરપૂર તકો પૂરી પાડે છે, પરંતુ પારદર્શીતાના અભાવ તથા ડેટાના યોગ્ય રીતે ઉપયોગ સંદર્ભના મુદ્દા જેવા પડકારો પણ રહેલા છે.

## NEWS BRIEF

### ભારતીય શેરબજાર ઘટાડા સાથે બંધ, કારોબારમાં સેન્સેક્સ 138 પોઈન્ટ તૂટયો

અમદાવાદ | ભારતીય શેરબજાર આજે એટલે કે, 23 ઑક્ટોબરે બુધવારે રેડ ઝોનમાં બંધ થયું હતું. સવારે પણ માર્કેટ 100 પોઈન્ટ તૂટીને ખુલ્યું હતું. આજના ટ્રેડિંગ સેશનમાં ભારતીય શેરબજારમાં તીવ્ર વધઘટ બાદ સેન્સેક્સ-નિફ્ટી નજીવા ઘટાડા સાથે બંધ થયા હતા. જો કે, મિડ-કેપ અને સ્મોલ-કેપ શેરોમાં મજબૂત ખરીદી પાછી આવી હતી જેમાં છેલ્લા બે ટ્રેડિંગ સેશનમાં ભારે ઘટાડો જોવા મળ્યો હતો. આજના કારોબારના અંતે BSE સેન્સેક્સ 138 પોઈન્ટના ઘટાડા બાદ 80081 પોઈન્ટ પર બંધ રહ્યો હતો. જ્યારે નેશનલ સ્ટોક એક્સચેન્જનો નિફ્ટી 37 પોઈન્ટ ઘટીને 24,435 પોઈન્ટ પર બંધ થયો હતો. આજના બુધવારના કારોબારમાં આઈટી શેરોમાં ખરીદીને કારણે નિફ્ટીનો આઈડી ઈન્ડેક્સ 983 પોઈન્ટના ઉછાળા સાથે 42,222 પર બંધ રહ્યો હતો. આ સિવાય એફએમસીજી અને કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ શેર્સમાં વધારો જોવા મળ્યો હતો. પરંતુ ઓટો, હેલ્થકેર, ઓઈલ એન્ડ ગૅસ, એનર્જી, મેટલ્સ, ફાર્મા અને બેન્કિંગ શેરો નુકસાન સાથે બંધ થયા છે. છેલ્લા બે દિવસથી ચાલી રહેલા મિડકેપ અને સ્મોલકેપ શેરમાં ઘટાડા પર બ્રેક લાગી હતી. નિફ્ટી મિડકેપ ઈન્ડેક્સ 360 પોઈન્ટના વધારા સાથે અને નિફ્ટી સ્મોલકેપ ઈન્ડેક્સ 225 પોઈન્ટના વધારા સાથે બંધ થયા છે. આ અગાઉ ગઈકાલે એટલે કે 22 ઑક્ટોબરે સેન્સેક્સ 930 પોઈન્ટ 1.15%ના ઘટાડા સાથે 80,220ના સ્તરે બંધ થયો હતો.

### Paytm માટે આવ્યા સારા સમાચાર, NPCI એ આપી આ મંજૂરી

મુંબઈ | ઓનલાઈન પેમેન્ટ સેવાઓ પૂરી પાડતી ફિનટેક ફર્મ Paytm માટે સારા સમાચાર સામે આવ્યા છે. ગઈકાલે તેણે તેના સપ્ટેમ્બર ક્વાર્ટર માટે ઉત્તમ પરિણામોની જાહેરાત કરી હતી. જે પછી કંપની માટે વધુ એક સારા સમાચાર આવ્યા છે. નેશનલ પેમેન્ટ્સ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા એટલે કે NPCI એ નવા UPI યુઝર્સને ઉમેરવા માટે Paytm ને તેની મંજૂરી આપી દીધી છે. આ વર્ષની શરૂઆતમાં રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI)ના આંચકા બાદ Paytm કંપનીને મોટી રાહત મળી છે. નેશનલ પેમેન્ટ્સ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા (NPCI) દ્વારા નવા UPI વપરાશકર્તાઓને ઉમેરવા માટે Paytm માટે મળેલી આ મંજૂરીની પુષ્ટિ છેલ્લા કામકાજના દિવસે, 22 ઓક્ટોબરના રોજ એક પત્ર જાહેર કરીને કરી હતી. Paytm ના જણાવ્યા અનુસાર, તમામ દિશાનિર્દેશો અને પરિપત્રોનું પાલન કર્યા બાદ તેને આ મંજૂરી મળી છે. રિપોર્ટ અનુસાર, Paytm એ ઓગસ્ટ મહિનામાં NPCIને નવા UPI યુઝર્સ ઉમેરવાની પરવાનગી માટે વિનંતી કરી હતી. જે RBI દ્વારા Paytm પેમેન્ટ્સ બેંક પર લેવામાં આવેલી કાર્યવાહી બાદ રોકી દેવામાં આવી હતી. આપણે NPCIના મંજૂરી પત્રને જોઈએ તો, નિયમનકારે ભારપૂર્વક જણાવ્યું હતું કે Paytm એ જોખમ વ્યવસ્થાપન, મલ્ટી-બેંક માર્ગદર્શિકા અને ડેટા સુરક્ષા નિયમો સહિત અન્ય જરૂરી પાલનનું પાલન કરવું પડશે.

### ઈશા અને આકાશે રિલાયન્સનું ચિત્ર બદલી નાખ્યુ

મુંબઈ | ઉદ્યોગપતિ અને રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના ચેરમેન મુકેશ અંબાણીના બાળકો ઈશા અને આકાશ આજે 32 વર્ષના થઈ ગયા છે. ખૂબ જ નાની ઉંમરથી, તે રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના જુદા જુદા વ્યવસાયોનું ધ્યાન રાખે છે, જે દર વર્ષે સારો નફો આપી રહ્યા છે. મુકેશ અંબાણીએ ગત વર્ષે એજીએમમાં યુવા પેઢીને બિઝનેસની કમાન સોંપી હતી અને ઈશા અંબાણી, આકાશ અંબાણી અને અનંત અંબાણીને નોન એક્ઝિક્યુટિવ ડિરેક્ટર બનાવ્યા હતા. ચાલો જાણીએ કે કેવી રીતે ઈશા અને આકાશે રિલાયન્સની તસવીર બદલી. રિલાયન્સનો આખો રિટેલ બિઝનેસ ઈશા અંબાણી ધરાવે છે. તે $111 બિલિયનના માર્કેટ કેપ સાથે રિલાયન્સ રિટેલની પ્રમુખ છે. તેમના નેજા હેઠળ 100 થી વધુ કંપનીઓ છે. તેમાં ઘણી વિદેશી કંપનીઓ અને ભારતીય બ્રાન્ડ્સ છે. આ સિવાય ઈશા ઓનલાઈન ફેશન અને લાઈફસ્ટાઈલ બ્રાન્ડ અજિયોની મેનેજિંગ ડિરેક્ટર પણ છે અને રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના બોર્ડમાં પણ તે છે. ઈશા રિલાયન્સ જિયો ઈન્ફોકોમની એક્ઝિક્યુટિવ કમિટીની સભ્ય પણ છે. ઈશા રિલાયન્સની નાણાકીય કંપની Jio Financial Services Limited (JFSL)ની ડિરેક્ટર છે. ઈશા રિલાયન્સ ફાઉન્ડેશન સાથે કામ કરે છે અને ફાઉન્ડેશનના બાળકો અને મહિલાઓ માટેના કામ સાથે જોડાયેલી છે.

# સરકાર દ્વારા જંગી ખર્ચને પગલે વર્તમાન વર્ષનો જીડીપી વૃદ્ધિ દર સાત ટકા રહેશે

(એજન્સી) મુંબઇ | તા. 23




સરકાર દ્વારા જંગી ખર્ચ તથા ઉત્પાદન ક્ષેત્રમાં મોટા ઈન્વેસ્ટમેન્ટસને ધ્યાનમાં રાખતા વર્તમાન નાણાં વર્ષમાં ભારતનો આર્થિક વિકાસ દર ૭થી ૭.૨૦ ટકા આસપાસ રહેવા ધારણાં છે. જો કે નબળા વૈશ્વિક વિકાસને જોતા આગામી નાણાં વર્ષમાં આઉટલુક પર અસર જોવા મળશે એમ ડેલોઈટ ઈન્ડિયા દ્વારા જણાવાયું હતું. વિકસી રહેલા ઉત્પાદન ક્ષેત્ર, ઓઈલના ભાવમાં સ્થિરતા તથા ચૂંટણી બાદ અમેરિકામાં નાણાં નીતિ વધુ ઉદાર બનવાની શકયતાથી દેશમાં મૂડી પ્રવાહમાં વધારો જોવા મળશે અને ઉત્પાદન ખર્ચમાં ઘટાડો થશે એટલું જ નહીં લાંબા ગાળાના ઈન્વેસ્ટમેન્ટમાં વધારો થશે અને રોજગારમાં વૃદ્ધિ જોવાશે. વર્તમાન નાણાં વર્ષના જૂન ત્રિમાસિકમાં દેશનો આર્થિક વિકાસ દર ૬.૭૦ ટકા જોવા મળ્યો છે. વૈશ્વિક સ્તરે ઝડપથી વિકસતા દેશોમાં ભારત પણ સ્થાન ધરાવે છે. વર્તમાન નાણાં વર્ષ માટે ૭થી ૭.૨૦ ટકા અને આગામી નાણાં વર્ષમાં ૬.૫૦ ટકાથી ૬.૮૦ ટકા જીડીપી વૃદ્ધિ દર અંદાજને ડેલોઈટે જાળવી રાખ્યો છે. દરમિયાન એસએન્ડપી ગ્લોબલ માર્કેટ ઈન્ટેલિજન્સે વર્તમાન નાણાં વર્ષ માટે ભારતનો આર્થિક વિકાસ દરનો અંદાજ ૬.૮૦ ટકા અને આગામી નાણાં વર્ષ માટે ૬.૯૦ ટકા મૂકયો છે.

# સપ્ટેમ્બરમાં રિટેલ વેચાણમાં પાંચ ટકા વધારો: સૌથી વધુ વૃદ્ધિ ફૂડ તથા ગ્રોસરીમાં

(એજન્સી) મુંબઇ | તા. 23



વર્તમાન વર્ષના સપ્ટેમ્બરમાં દેશમાં રિટેલ વેચાણમાં વાર્ષિક ધોરણે પાંચ ટકા વધારો જોવા મળ્યો છે જ્યારે દશેરા - દિવાળીના તહેવારોને કારણે ઓકટોબરમાં વેચાણમાં વધારો જોવા મળવા અપેક્ષા છે. રિટેલર્સ એસોસિએશન ઓફ ઈન્ડિયા (રાય)ના સુત્રોના જણાવ્યા પ્રમાણે દેશના ઉત્તર વિસ્તારમાં રિટેલ વેચાણમાં ગયા મહિને સાત ટકા વધારો થયો હતો જ્યારે પશ્ચિમ તથા દક્ષિણ ભારતમાં દર પાંચ ટકા રહ્યો છે તથા પૂર્વ ભારતમાં વેચાણમાં ચાર ટકા વૃદ્ધિ રહી છે. સેગમેન્ટ પ્રમાણે સૌથી વધુ વેચાણ વૃદ્ધિ ૧૨ ટકા સાથે ફૂડ અને ગ્રોસરીમાં જોવા મળી હતી. ગયા વર્ષના સપ્ટેમ્બરની સરખામણીએ જ્વેલરીના વેચાણમાં આઠ ટકા વધારો થયો હતો. એકંદરે ભારતનું અર્થતંત્ર મજબૂત છે અને રિટેલ ક્ષેત્ર માટે સ્થિતિ સાનુકૂળ છે એમ રાયના સીઈઓ કુમાર રાજાગોપાલને એક યાદીમાં જણાવ્યું હતું. એપ્રિલથી સપ્ટેમ્બરના ગાળામાં મંદ રહ્યા બાદ ઓકટોબરમાં તહેવારોને ધ્યાનમાં રાખતા રિટેલ વેચાણમાં વૃદ્ધિ જોવા મળવાની તેમણે આશા વ્યકત કરી હતી.

# કેપ્રી ગ્લોબલ કેપિટલનો રૂફટોપ સોલાર ફાઈનાન્સ સાથે ગ્રીન ફાઈનાન્સિંગમાં પ્રવેશ

(એજન્સી) મુંબઇ | તા. 23

અગ્રણી નોન-બેન્કિંગ ફાઈનાન્શિયલ કંપની કેપ્રી ગ્લોબલ કેપિટલ લિ. (કેપ્રી લોન્સ) દ્વારા એમએસએમઈ લોન્સ હેઠળ તેની રૂફટોપ સોલાર ફાઈનાન્સ પ્રોડક્ટ રજૂ કરવામાં આવી છે. ધિરાણદારો નાગરિકો અને વેપારોને સ્વ-ઉપયોગ માટે સોલાર એનર્જીની શક્તિનો લાભ લેવા માટે મદદરૂપ થશે, જેથી વધુ સક્ષમ ભવિષ્ય માટે માર્ગ બનશે. કેપ્રી સોલાર ફાઈનાન્સ કોઈ પણ કોલેટરલ વિના અને લઘુતમ દસ્તાવેજીકરણ સાથે ઝંઝટમુક્ત ફાઈનાન્સિંગ સમાધાન ઓફર કરે છે. આથી પાંચ મિનિટની અંદર લોન મંજૂરી મળી જાય છે અને ફક્ત 4-6 કલાકમાં લોન વિતરણ થાય છે. કેપ્રી ગ્લોબલ સ્પર્ધાત્મક વ્યાજ દરે રૂ. 50,000થી રૂ. 25,00,000 સુધી લોન આપે છે. ડિજિટલી ગ્રાહકોને ઓનબોર્ડ કરવા માટે રિન્યુએબલ એનર્જી ફિનટેક ક્રેડિટ ફેર સાથે ભાગીદારી કરી છે, જેમાં સોલાર મોડ્યુલ્સ, ઈન્વર્ટર, બેટરીઓ અને ઈન્સ્ટોલેશનનો સંપૂર્ણ ખર્ચ આવરી લેવાશે, જેથી સ્વ-ઉપયોગના સોલાર પ્રોજેક્ટો માટે તે વ્યાપક વિકલ્પ બની રહેશે. ક્રેડિટ ફેર તેના ડિજિટલ પ્લેટફોર્મ દ્વારા ધિરાણનું આકલન વધારશે, જેને કારણે ગ્રાહકોને આસાની રહેશે. 2027 સુધી નિવાસી રૂફટોપ સોલાર ક્ષમતા વધારવાના લક્ષ્ય સાથેના સરકારના રાષ્ટ્રીય સોલાર મિશન પ્રત્યે કંપનીની કટિબદ્ધતા પર ભાર આપતાં કેપ્રી ગ્લોબલ કેપિટલના સીબીઓ (એમએસએમઈ લોન) શ્રી અમર રાજપુરોહિતે જણાવ્યું હતું કે, ''અમે રૂફટોપ સોલાર ફાઈનાન્સમાં અર્લી બર્ડ એનબીએફસીમાંથી એક બનવા ઉત્સુક છીએ.

# અમદાવાદ ચાંદી 3 દિવસમાં રૂ.7500 ઉછળી રૂ.એક લાખની ઐતિહાસિક ટોચે

(એજન્સી) મુંબઈ | તા 23



અમદાવાદ તથા મુંબઈ ઝવેરી બજારમાં આજે સોના-ચાંદીના ભાવમાં રેકોર્ડ તજી આગળ વધી હતી. ચાંદીમાં વિશેષ તેજી આવી હતી. જ્યારે સોનામાં તેજીની ગતિ ધીમી પડી હતી. અમદાવાદ ઝવેરી બજારમાં આજે ચાંદીના ભાવ કિલોના વધુ રૂ.૩૦૦૦ ઉછળી રૂ.૧ લાખની સપાટીને આંબી ગયા હતા. અમદાવાદ બજારમાં ચાંદીના ભાવ ૩ દિવસમાં ૭૫૦૦ ઉછળ્યાના નિર્દેશો હતા. અમદાવાદ સોનાના ભાવ આજે ૧૦ ગ્રામના વધુ રૂ.૧૦૦ વધી ૯૯.૫૦ના રૂ.૮૦૬૦૦ તથા ૯૯.૯૦ના રૂ.૮૦૮૦૦ બોલાયા હતા. વિશ્વ બજારમાં સોનાના ભાવ ઔંશના ૨૭૩૭થી ૨૭૩૮ વાળા આજે નીચામાં ૨૭૧૮ તથા ઉંચામાં ૨૭૪૦ થઈ ૨૭૩૬ થી ૨૭૩૭ ડોલર રહ્યાના સમાચાર મળ્યા હતા. વિશ્વ બજારમાં ચાંદીના ભાવ ઔંશના ૩૪.૧૧થી ૩૪.૧૨ વાળા નીચામાં ૩૩.૭૭ થયા પછી ફરી વધી ઉંચામાં ૩૪.૫૨ થઈ ૩૪.૪૪થી ૩૪.૪૫ ડોલર રહ્યા હતા. વિશ્વ બજાર પાછળ ઘરઆંગણે ઈમ્પોર્ટ કોસ્ટ વધી જતાં દેશના ઝવેરી બજારોમાં આજે ખાસ કરીને ચાંદીમાં તેજીનું તોફાન આગળ વધ્યું હતું. ચીને રેટકટ કરતાં વિશ્વ બજારમાં ચાંદી તથા કોપરના ભાવ પર વિશેષ અસર દેખાઈ હતી. દરમિયાન, મુંબઈ બુલીયન બજારમાં આજે સોનાના ભાવ જીએસટી વગર ૯૯.૫૦ના રૂ.૭૭૯૦૧ વાળા રૂ.૭૭૯૩૮ જ્યારે ૯૯.૫૦ના ભાવ રૂ.૭૮૨૧૪ વાળા રૂ.૭૮૨૫૧ રહ્યા હતા. મુંબઈ ચાંદીના ભાવ જીએસટી વગર રૂ.૯૭૨૫૪ વાળા રૂ.૯૮૩૭૨ રહ્યા હતા. મુંબઈ સોના-ચાંદીમાં જીએસટી સાથેના ભાવ આ ભાવથી ૩ ટકા ઉંચા રહ્યા હતા.

# એસબીઆઈ જનરલ ઇન્શ્યોરન્સનો નાણાંકીય વર્ષ 2025ના પહેલા અર્ધવાર્ષિક ગાળામાં ચોખ્ખો નફો ગત વર્ષની સરખામણીએ 6.9 ગણો વધીને રૂ. 414 કરોડ થયો

મુંબઇ | તા. 23

ભારતની અગ્રણી જનરલ ઈન્શ્યોરન્સ કંપનીઓ પૈકીની એક એસબીઆઈ જનરલ ઈન્શ્યોરન્સે વર્તમાન નાણાંકીય વર્ષના પ્રથમ અર્ધવાર્ષિક ગાળામાં 591 ટકાની વૃદ્ધિ સાથે રૂ. 414 કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે. કંપનીએ ગત નાણાંકીય વર્ષના આ જ ગાળામાં રૂ. 60 કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો હતો. મહત્વની નાણાંકીય બાબતોમાં કંપનીની પ્રભાવશાળી કામગીરી જોવા મળી છે. એકંદરે બિઝનેસમાં મજબૂત વૃદ્ધિ જોવાઈ છે અને કંપનીના ગ્રોસ રિટન પ્રિમિયમ (જીડબ્લ્યુપી) 16.1 ટકાની ગતિએ વધ્યા છે જ્યારે ઉદ્યોગમાં આ પ્રગતિ 7 ટકાની છે એટલે કે ઉદ્યોગની વૃદ્ધિ કરતાં 2.3 ગણી વધુ ઝડપે કંપનીએ વિકાસ કર્યો છે. સોલ્વન્સી રેશિયો લઘુતમ નિયમનકારી 1.50 ગણાથી ઉપર રહીને 2.26 ગણો રહ્યો છે જે મજબૂત નાણાંકીય સ્થિરતા દર્શાવે છે. નાણાંકીય વર્ષ 2024-25ના પ્રથમ અર્ધવાર્ષિક ગાળામાં કંપનીની વૃદ્ધિ મોટર, હેલ્થ, એન્જિનિયરિંગ અને મરિન કાર્ગો સેગમેન્ટમાં મજબૂત કામગીરીના લીધે જોવા મળી હતી. કંપનીની કામગીરી અંગે એસબીઆઈ જનરલ ઈન્શ્યોરન્સના એમડી અને સીઈઓ શ્રી નવીન ચંદ્ર ઝાએ જણાવ્યું હતું કે "નાણાંકીય વર્ષ 2025ના પ્રથમ અર્ધવાર્ષિક ગાળાની મજબૂત કામગીરી જોઈને અમે ખુશ છીએ જે મોટર, હેલ્થ, એન્જિનિયરિંગ અને મરિન કાર્ગો જેવા મહત્વના સેગમેન્ટમાં ઝડપી બનેલો વિકાસ દર્શાવે છે. આ વૃદ્ધિ અમારા મજબૂત ડિસ્ટ્રીબ્યુશન નેટવર્ક, ટેક્નોલોજી તથા ક્લેઈમ્સ પર ભાર તથા એસબીઆઈ બ્રાન્ડની મજબૂતાઈના લીધે જોવા મળી છે.

# યુરોગ્રિપ ટાયર્સે અમદાવાદમાં બ્રાન્ડેડ રિટેલ્સ સ્ટોર ખોલ્યો



અમદાવાદ | તા. 23

TVS શ્રીચક્ર લિ.ની અગ્રણી 2 અને 3 વ્હીલર ટાયર બ્રાન્ડ યુરોગ્રિપ ઈન્ડિયાએ આજે અમદાવાદના બોડકદેવ ખાતે તેના એક્સક્લુઝિવ બ્રાન્ડેડ રિટેલ સ્ટોરનું ઉદ્‌ઘાટન કર્યું છે. સ્ટોરનું ઉદ્‌ઘાટન યુરોગ્રિપના જનરલ મેનેજર - સેલ્સ શ્રી વિલિયમ નોરાન્હા અને HPCLના CGM - નોર્થ વેસ્ટ ઝોન શ્રી સુભેન્દુ મોહન્તીના હસ્તે કરવામાં આવ્યું હતું. આ સ્ટોર ટુ-વ્હીલર ચાલકોની જરૂરિયાતો પૂરી કરવા માટે વન-સ્ટોપ-શોપ બની રહેશે, જે તેમને ટાયરની સંભાળ તથા તેની સાથે સંલગ્ન સેવાઓ પૂરી પાડશે. નવા સ્ટોરના ઉદ્‌ઘાટન પ્રસંગે TVS શ્રીચક્ર લિમિટેડના EVP - સેલ્સ એન્ડ માર્કેટિંગ શ્રી પી માધવને જણાવ્યું હતું કે, 'અમદાવાદમાં અમારો નવો એક્સક્લુઝિવ સ્ટોર ભારમાં ત્રીજો સ્ટોર છે અને અમારા ગ્રાહકોની જરૂરિયાતો પૂરી કરવા માટે અમે ભારતના જુદા-જુદા શહેરોમાં આવા વધુ સ્ટોર ખોલવાનું આયોજન કરી રહ્યાં છીએ. અમારા માટે ગુજરાત અનેક સિદ્ધિઓનું ઝળહળતું ઉદાહરણ છે અને અમારા માટે ખૂબ જ મહત્ત્વપૂર્ણ બજાર છે. આથી અમે આ નવો સ્ટોર ખોલતી વખતે ખૂબ જ રોમાંચની લાગણી અનુભવી રહ્યાં છીએ, જે અમારી સિદ્ધિનું નવું સોપાન બની રહેશે. અમારા પોતાના બ્રાન્ડેડ રિટેલ સ્ટોર થકી અમે સતત વૃદ્ધિ પામી રહેલા રાઈડિંગ સમુદાયને અમારી પ્રોડક્ટ્સ અને સેવાઓ વધુ ઉપલબ્ધ બનાવવા માટે સતત પ્રયત્ન કરી રહ્યાં છીએ. અમને ખાતરી છે કે આ સ્ટોર બ્રાન્ડની વૃદ્ધિ માટે ખૂબ જ સહાયક બની રહેશે.' આ સ્ટોર ટાયર પેટર્ન, સાઈઝ અને ટ્યુબની સમગ્ર શ્રેણી ઉપલબ્ધ કરાવીને સ્કૂટર્સ, કમ્યુટર બાઈક્સ, મિડ-રેન્જ પરફોર્મન્સ બાઈક, એડવેન્ટર ટુરિંગ અને સુપર બાઈક્સની વ્યાપક શ્રેણી ઉપલબ્ધ કરાવશે.

# અદાણીની આ કંપનીને સેબીએ ફટકારી નોટિસ

(એજન્સી) નવી દિલ્હી | તા. 23

ગૌતમ અદાણી ગ્રૂપની આ કંપનીને સેબી તરફથી નોટિસ મળી છે. નોટિસમાં આરોપ છે કે કેટલાક રોકાણકારોને જાહેર શેરધારકો તરીકે ખોટી રીતે વર્ગીકૃત કરવામાં આવ્યા હતા. કંપનીએ તેના Q2 પરિણામોની કોમેન્ટ્રીમાં વિગતો આપ્યા વિના જણાવ્યું હતું કે તે નિયમનકારી અને વૈધાનિક સત્તાવાળાઓને સંબંધિત માહિતી/સ્પષ્ટતા પ્રદાન કરશે. જો કે, ગ્રૂપની રિન્યુએબલ એનર્જી કંપની અદાણી ગ્રીન એનર્જી લિમિટેડને સેબી તરફથી કોઈ નવી નોટિસ મળી નથી. કંપનીએ કહ્યું કે વર્તમાન ક્વાર્ટર દરમિયાન, તેને એક SCN (કારણ બતાવો નોટિસ) પ્રાપ્ત થઈ છે જેમાં જાહેર શેરહોલ્ડિંગ તરીકે ચોક્કસ પક્ષોના શેરહોલ્ડિંગના ખોટા વર્ગીકરણનો આક્ષેપ કરવામાં આવ્યો છે. કંપનીએ જણાવ્યું હતું કે તે સમયાંતરે માહિતી, પ્રતિભાવો, દસ્તાવેજો અને સ્પષ્ટતાઓ પ્રદાન કરીને નિયમનકારી અને વૈધાનિક સત્તાવાળાઓને જવાબ આપશે. સેબીના લિસ્ટિંગ નિયમો અનુસાર, જાહેર રોકાણકારોએ લિસ્ટેડ કંપનીમાં ઓછામાં ઓછો 25 ટકા હિસ્સો રાખવો જોઈએ.

# Amazon.inનો ધનતેરસ સ્ટોર હવે નવીનતમ ઇન ટેક, ઓટોમોબાઇલ, ગોલ્ડ અને તહેવારો માટે આવશ્યક અન્ય ચીજો સાથે લાઇવ છે; સિલેક્શન, વૈવિધ્ય અને સગવડતાનો સમન્વય

**SAMSUNG GALAXY દ્વારા સંચાલિત અને VIDA દ્વારા સહ-સંચાલિત Amazon.in પર ધનતેરસ સ્ટોર આપના માટે સ્માર્ટફોન્સ, નવીનતમ EV, ગોલ્ડ અને તહેવારો માટે આવશ્યક અન્ય ચીજો પર શ્રેષ્ઠ ડીલ્સ લાવ્યો છે**

બેંગલુરુ | તા. 23

આ ધનતેરસે Amazon.in નવીનતમ ટેક ગેજેટ્સ, ઓટોમોબાઈલ, ગોલ્ડ અને તહેવારોમાં આવશ્યક ચીજવસ્તુઓ પર શ્રેષ્ઠ ડીલ મેળવવા માંગતા ગ્રાહકો માટે વન-સ્ટોપ શોપિંગ ડેસ્ટિનેશન લાવ્યું છે. 100% પિનકોડ સુધી ડિલિવરીની સુવિધા સાથે આ સ્ટોર અજોડ સિલેક્શન અને સગવડતા સાથે શોપિંગના અનુભવને ઉન્નત કરે છે. Amazon.in પર શરૂ કરવામાં આવેલો ધનતેરસ સ્ટોર કે જે સેમસંગ ગેલેક્સી દ્વારા સંચાલિત અને VIDA દ્વારા સહ-સંચાલિત છે તેના પર નવા ઈલેક્ટ્રિક સ્કૂટર્સ, ટેકનોલોજીને લગતી અદ્યતન વસ્તુઓ, પરંપરાગત કપડા, ઘરનાં ઉપકરણો, સજાવટનો સામાન, બ્યૂટી પ્રોડક્ટ અને ગોલ્ડ (સોનું) સહિત વ્યાપક કલેક્શન ઉપલબ્ધ છે. ગ્રાહકો એપલ, સેમસંગ, વનપ્લસ, તનિષ્ક, ટાઈટન, બીબા, હોકિન્સ, ગીવા, ઓલા અને વીડા જેવી ટોચની બ્રાન્ડ્સમાંથી એક્સક્લુઝિવ ડીલ્સ શોધી શકે છે, જે એક જ જગ્યાએ તહેવારની તમામ જરૂરિયાતો પૂરી કરે છે. નીચે કેટલીક ટોચની આઈટમો આપેલી છે જે તમારા શોપિંગ લિસ્ટમાં હોવી જોઈએ: વન સ્ટોપ શોપ કલ્યાણ જ્વેલર્સ 24K ગોલ્ડ બાર્સ : આ ધનતેરસે કલ્યાણ જ્વેલર્સ લોટસ ગોલ્ડ બાર સાથે પ્રીમિયમ રોકાણ કરો, જે પ્રમાણિતા અને ઉચ્ચ ગુણવત્તાની ખાતરી માટે 24 કેરેટ (999) શુદ્ધ સોનામાંથી બનાવવામાં આવે છે. તનિષ્ક ઈ-ગિફ્ટ કાર્ડ : તમારા પ્રિયજનોને 1,000 થી 25,000 સુધીના મૂલ્યોમાં ઉપલબ્ધ ઈ-ગિફ્ટ કાર્ડ વડે તનિષ્કમાંથી ઉત્કૃષ્ટ હીરા અને સોનાના દાગીનાની ખરીદીનો આનંદ આપો. શ્રી રામ સોલિડ સિલ્વર મૂર્તિ : PRD CARATCAFE રામલલ્લાની મૂર્તિ સાથે તમારા ઘર કે કાર્યસ્થળે દૈવી સુંદરતાનો સ્પર્શ લાવો. આ મૂર્તિ નક્કર ચાંદીમાંથી સુંદર રીતે બનાવેલી છે, જેમાં લાકડાનો આધાર અને ઉચ્ચ-ગુણવત્તાપૂર્ણ રેઝિનનો ઉપયોગ કર્યો છે. હોકિન્સ કિચન ગિફ્ટ પેક : તમારા પ્રિયજનોને હોકિન્સ 23DGP કિચન ગિફ્ટ પેકથી ભોજન પીરસો, જેમાં 2.25 લીટરની ક્ષમતાના દરેક પ્રકારનું ભોજન રાંધી શકાય તેવા, ભોજન ફરીથી ગરમ કરવા, પીરસી શકાય અને સ્ટોર કરી શકાય તેવા ત્રણ ડાઈ-કાસ્ટ સ્ક્વેર મિની કેસરોલ્સનો સમાવેશ થાય છે. ધ્યાનમાં રાખવા લાયક બ્રાન્ડ વીડા હીરો મોટોકોર્પ હાઈ-સ્પીડ ઈલેક્ટ્રિક સ્કૂટર : શહેરી પ્રવાસીઓને ધ્યાનમાં રાખીને, અનુકૂળતા મુજબ ચાર્જિંગ કરવા માટે અલગ કરી શકાય તેવી બૅટરી અને આધુનિક ડિઝાઈન દર્શાવતા હાઈ-સ્પીડ ઈલેક્ટ્રિક સ્કૂટર વીડા V1 પર શહેરમાં ઈકો-ફ્રેન્ડલી મુસાફરીનો આનંદ માણો. સેમસંગ ગેલેક્સી S23 અલ્ટ્રા : S23 અલ્ટ્રા 5G સાથે ગેલેક્સી AIની તાકાતનો અનુભવ કરો જે નોટના વારસાને જીવંત રાખવા માટે બિલ્ટ-ઈન "S પેન" સાથે આવે છે. સ્ટેટસ કોન્ટ્રાક્ટ લિવિંગ રૂમ ગાલિચા : સ્ટેટસ કોન્ટ્રાક્ટ બોહો ગાલિચાની વૈવિધ્યતાને અનુભવો. તમારી સલામતી માટે તેમાં એન્ટી-સ્કિડ બેકિંગ પ્રદાન કરવામાં આવે છે અને સાથે સાથે ભોંયતળીયું ઠંડુ રાખવા આરામદાયક આવરણ તરીકે કામ કરે છે.

## તંત્રીની કલમે...

**વિક્રમ સંવત 2079, આસો વદ-08**

# આખરે ચીન ઝૂક્યું

ચીન સાથે સીમા વિવાદને લઈને કોઈ સમજ સ્થપાશે તેવા અણસાર ઘણા પહેલાં જ ઉભરી આવ્યા હતા, પરંતુ એની રાહ જોવાતી હતી કે તે સમજૂતીમાં ક્યારે બદલાય છે અને બંને દેશોની સેનાઓ એપ્રિલ ૨૦૨૦વાળી સ્થિતિમાં ક્યારે પાછી ફરે છે. અંતે આ સમજૂતી થઈ ગઈ. આ સમજૂતીનું એક કારણ રશિયામાં થવા જઈ રહેલ બ્રિક્સ દેશોનું શિખર સંમેલન તો છે જ, ભારતની એ પ્રતિબદ્ધતા પણ છે કે જ્યાં સુધી સીમા પર પહેલાં જેવી સ્થિતિ બહાલ ન થાય, ત્યાં સુધી ચીન સાથે સંબંધ સામાન્ય નહીં થઈ શકે. જૂન ૨૦૨૦માં ગલવાન ઘાટીમાં ભારતીય સૈનિકોની ચીની સેના સાથે લોહિયાળ અથડામણ બાદ બંને દેશોના સંબંધો પાટા પરથી ઉતરી ગયા હતા. ત્યારે ભારતે ચીનાઓને જડબાતોડ જવાબ આપી દીધો હતો, જે તેમણે કલ્પ્યું નહીં હોય. ભારતના અડગ વલણને કારણે ચીની સેના ગલવાન ઘાટીમાં તો જૂની સ્થિતિમાં પાછી ફરી હતી, પરંતુ તેણે દેપસાંગ અને ડેમચોકમાં યથાસ્થિતિમાં બદલાવના ઈરાદાને લઈને આક્રમક વલણ અપનાવી લીધું હતું. તેના જવાબમાં ભારતીય સેનાએ પણ ચીન સાથે જોડાતી સીમા પર પોતાની ચોકસાઇ વધારી દીધી હતી. ત્યારબાદ બંને દેશો વચ્ચે મંત્રણાનો દોર ચાલ્યો હતો. ચીનની ચેષ્ટા એ હતી કે ભારત સીમા પર તણાવની અવગણના કરીને સંબંધ સામાન્ય કરવા માટે તૈયાર થઈ જાય. જોકે હવે ભારત પહેલાં જેવું ઢીલુંપોચું નથી રહ્યું એટલે તે જરાય ટસથી મસ ન થયું. આખરે ચીનને ભાન થયું કે તેની દાદાગીરી અને ચાલાકી અહીં કામ આવવાની નથી. હાલનાં વર્ષોમાં ભારતે પોતાના અડગ વલણથી ચીનને બીજી વખત ઝૂકવા માટે મજબૂર કર્યું છે. તેના પહેલાં ડોકલામમાં તેણે ચીની સેનાના દબાણકારી વલણ વિરુદ્ધ પોતાની સેનાઓને તૈનાત કરી દીધી હતી. ત્યારે પણ ચીને બહુ ગર્જન-તર્જન કર્યું હતું, પરંતુ ભારતીય સેનાઓ મોરચે અડગ રહી હતી. ત્યારે પણ ચીન પાછળ હટવા માટે મજબૂર થયું હતું અને અત્યારે પણ તેણે પીછેહઠ કરવી પડી. એ સારી વાત છે કે તેને એ ભાન પડ્યું કે ભારતને દબાવી નહીં શકાય અને આ ૧૯૬૨વાળો સમય નથી, પરંતુ પ્રશ્ન એ છે કે શું તેના પર ભરોસો કરી શકાય? તેનો સીધો જવાબ છે - ના. તે હજુ પણ ભરોસાને લાયક તો નથી જ. તે અરુણાચલ, લદ્દાખ અને કાશ્મીરને લઈને જે રીતે ખોટાં નિવેદનો કરતું રહે છે અને સીમા વિવાદના સ્થાયી હલની ઈચ્છા નથી વ્યક્ત કરતું, તેને જોતાં તેનાથી સતર્ક રહેવામાં જ ભલાઈ છે. ભારતે એ સ્પષ્ટ કરવું જોઈએ કે ચીને ભરોસેમંદ બનવા માટે સીમા વિવાદને સ્થાયી રૂપે હલ કરવો પડશે. એની અવગણના ન કરવી જોઈએ કે સીમા વિવાદને હલ કરવા માટે છેલ્લા ત્રણ-ચાર દાયકાથી મંત્રણાઓનો દોર ચાલે છે, પરંતુ તેનું કશું પરિણામ મળ્યું નથી. તેનું કારણ સીમા વિવાદની આડમાં ભારતની સતામણી કરતું રહેતું ચીનનું વલણ છે. એવામાં ભારતે સીમાની રક્ષા માટે સતર્ક રહેવાની સાથે જ ચીન પર પોતાની આર્થિક નિર્ભરતા ઓછી કરવાના પ્રયત્ન પણ ચાલુ રાખવા પડશે.

# ધનશેરા ચેક પોસ્ટ પરથી ૧૩ નંગ ભેંસો ભરેલી ટ્રક પકડી ગુનો દાખલ કરતી સાગબારા પોલીસ

## વીએચપી, બજરંગ દળ ના કાર્યકરે ધનસેરા ચેકપોસ્ટ પરથી ટ્રક પકડી પોલીસ ને સોંપી

ભરત શાહ દ્વારા - રાજપીપળા





નર્મદા જિલ્લા ના સાગબારા તાલુકાની ધનસેરા ચેકપોસ્ટ પરથી વિશ્વ હિંદુ પરિષદ, બજરંગદળના કાર્યકર્તા દ્વારા ખીચોખીચ ભેંસો થી ભરેલ ટ્રક ને પોલીસ અને જી. આર.ડી. ના જવાનો ની હાજરી માં અટકાવી સાગબારા પોલીસ સ્ટેશન મા ટ્રક અને ટ્રક ચાલક ને સોપવામાં આવ્યાં હતા, પોલીસે ગુનો દાખલ કરી કાયદેસર કાર્યવાહી કરી છે મળતી માહિતી અનુસાર ઝાકીર ઈસ્માઈલ દુધાળા રહે.વલણ મોટી સેલારવાડી સુન્ની મસ્જિદ પાસે તા. કરજણ જી.વડોદરા તથા તેની સાથે રહેલ સઈદ સલીમ ડમ્કીવાલા, રહે.વલણ સુરી ટેકરી તા.કરજણ જી.વડોદરા નાઓએ એક બીજાના મેળાપીપણામાં રહી ગેરકાયદેસર રીતે ગુજરાત માંથી મહારાષ્ટ્રમા ભેંસો લઈ જવા માટે કોઈ સક્ષમ અધિકારીના પ્રમાણપત્ર વિના ટાટા ટ્રક નંબર. GJ-15-XX-9957 માં કુલ ભેંસો નંગ-૧૩ ને અતિ ક્રુરતા પુર્વક ટ્રકમા ખીચો ખીચ ભરી ટુંકી દોરી વડે બાંધી, તથા ખાવા માટે કોઈ ઘાસ ચારા કે પાણી ની વ્યવસ્થા કર્યા વગર ટ્રકમાં ભરેલ ભેંસો નંગ-૧૩ કુલ કિંમત રૂપીયા ૩,૯૦,૦૦૦/- તથા ટાટા ટ્રકની કિંમત રૂપીયા. ૧૦,૦૦, ૦૦૦/- મળી કુલ કિં. રૂ.૧૩,૯૦,૦૦૦/- ના મુદ્દામાલ સાથે ડ્રાઈવર તથા સાથે રહેલ ઈસમ ને પકડી ગુનો દાખલ કર્યો છે.

# સગાઈ ગામ નજીક ગાયો ચારતી મહિલાને બીટ ગાર્ડ એ લાકડી વડે મારતા બીટ ગાર્ડ વિરૂદ્ધ ફરિયાદ

## MLA ચૈતર વસાવા એ ડેડીયાપાડા પોલીસ મથકે પોતાના ટેકેદારો સાથે પહોંચી દરમિયાનગીરી કરતા પોલીસે ફરિયાદ નોંધી

ભરત શાહ - રાજપીપળા

નર્મદા જિલ્લા ના ડેડીયાપાડા તાલુકાના સગાઈ ગામ માં ઢોર ચરાવતા મહિલા ને બીટ ગાર્ડ એ લાકડી વડે માર મારવાની ઘટના માં આખરે બીટ ગાર્ડ વિરૂદ્ધ ગુનો દાખલ થયો છે પ્રાપ્ત માહિતી અનુસાર તા.૨૦/૧૦/૨૦૨૪ ના બપોરે કવીતાબેન તથા જાતરીબેન નાઓ સગાઈ ગામ નજીક ગાય, ભેંસ ચારવા સારૂ ગયેલ તે વખતે બીટગાર્ડ પ્રદિપભાઈ દેશમુખ નાઓ આવી કવીતાબેન ને અહીયા કેમ ગાય, ભેંસ ચરાવો છો તેમ કહી બીટગાર્ડ એ લાકડી વડે કવીતાબેન નાઓને કમરના ભાગે બે ત્રણ સપાટા મારી ગુનો કર્યો હતો આ બાબતે કવિતાબેન ના પતિ જયંતીભાઈ જાનીયાભાઈ વસાવા, રહે.સગાઈ, પીપરી ફળીયુ તા.દેડીયાપાડા નાઓ એ ડેડીયાપાડા પોલીસ સ્ટેશન માં ફરિયાદ કરતા પોલીસે બીટ ગાર્ડ વિરૂદ્ધ ગુનો દાખલ કર્યો છે. જોકે આ ઘટના બાદ ફરિયાદ નહીં દાખલ કરતા ધારાસભ્ય ચૈતર વસાવા તેમના ટેકેદારો સાથે ગઈકાલે ડેડીયાપાડા પોલીસ મથકે પહોંચ્યા હતા અને જવાબદાર પોલીસ અધિકારી સાથે માથાકૂટ બાદ ફરિયાદ દાખલ કરવામાં આવી હતી.



# મહીસાગર જિલ્લાના સંતરામપુર મામલતદાર કચેરી ખાતે તાલુકા સ્વાગત કાર્યક્રમ યોજાયો

જગદીશ ત્રિવેદી, લુણાવાડા.

જિલ્લા વિકાસ અધિકારીશ્રી સી એલ પટેલના અધ્યક્ષ સ્થાને યોજાયેલ સ્વાગત કાર્યક્રમ ૬ અરજીઓનો હકારાત્મક નિકાલ કરાયો. જાહેર જનતાના પ્રશ્નોનું સ્થાનિક કક્ષાએ જ નિરાકરણ થઈ શકે તે માટે માન. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા તેઓના મુખ્યમંત્રીકાળ દરમિયાન શરૂ કરાયેલ સ્વાગત કાર્યક્રમ થકી અસંખ્ય લોકોએ પોતાની મુશ્કેલીઓનું સ્થાનિક કક્ષાએથી જ નિરાકરણ મેળવ્યું છે. મહીસાગર જિલ્લા સંતરામપુર મામલતદાર કચેરી ખાતે જિલ્લા વિકાસ અધિકારીશ્રી સી એલ પટેલના અધ્યક્ષ સ્થાને તાલુકા સ્વાગત ફરીયાદ નિવારણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.તાલુકા સ્વાગત કાર્યક્રમમાં આજરોજ કુલ ૦૬ જેટલી અરજીઓનું હકારાત્મક નિરાકરણ કરવામાં આવ્યું છે.



# મહીસાગર જિલ્લાના લિંબોદ્રા ગ્રામ પંચાયત ખાતે જિલ્લા કલેકટર શ્રીમતી નેહા કુમારીના અધ્યક્ષ સ્થાને ગ્રામ સભા યોજાઈ

જગદીશ ત્રિવેદી, લુણાવાડા

મહીસાગર જિલ્લાના લુણાવાડા તાલુકાના લિંબોદ્રા ગ્રામ પંચાયત ખાતે રી-સર્વેમાં આવેલ વાંધાઓની ક્ષતિ સુધારવા અર્થે જિલ્લા કલેકટર શ્રીમતી નેહા કુમારીના અધ્યક્ષ સ્થાને ગ્રામ સભા યોજાઈ. ગ્રામસભામાં ખેડૂતોએ જમીનના રી-સર્વે વાધા, નિકાલ માટે પ્રશ્નો રજૂ કરાયા હતા જે ને કલેકટરશ્રીએ રજૂઆત સાંભળી ત્વરિત નિકાલ કરવા સૂચનો અપાય હતા અને માપણી કામગીરીનું નિરીક્ષણ કર્યું હતું. આ ગ્રામસભામાં જિલ્લા કલેકટર શ્રીમતી નેહા કુમારીએ જણાવ્યું હતું કે, કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા 'એગ્રીસ્ટેક' યોજના અંતર્ગત 'ફાર્મર રજીસ્ટ્રી' અભિગમ દ્વારા આધારકાર્ડ સાથે ખેડૂતો જમીનના સર્વે નંબરથી જમીન લીંક કરવાના ચાલુ થય ગયા છે. જેથી દરેક ખેડૂતોને જમીન લિન્ક કરવા જણાવ્યું હતું.'ફાર્મર રજીસ્ટ્રી' ખેડૂત તરીકે ડિજિટલ ઓળખ હશે. આ નંબર દ્વારા જમીનની વિગતો, પાકની વિગતો વગેરે ચકાસી શકાશે. પીએમ કિસાનના લાભાર્થીઓને તારીખ ૨૫/૧૧/૨૦૨૪ સુધીમાં અને એ સિવાય અન્ય ખેડૂતોએ તારીખ ૩૧/૦૩/૨૦૨૪ સુધીમાં ફાર્મર રજીસ્ટ્રી અંતર્ગત આધાર કાર્ડ સાથે જરૂરી જમીન લીંક કરવાની રહેશે.



## દિવાળીમાં નર્મદાના કાર્ડ ધારકો ને તુવેરદાળ મળશે..??

# ઓક્ટોમ્બર મહિનો પૂરો થવામાં અઠવાડિયું બાકી છે, હજુ નર્મદા જિલ્લાના લોકો તુવેરદાળ થી વંચિત..!!

**- પુરવઠા ના કેટલાક અધિકારીઓ પીએમ આવવાના હોવાથી ઘણાં દિવસથી સ્ટેચ્યુ તરફ સતત દોડે છે અને કાર્ડ ધારકો દુકાનદાર ને ત્યાં દાળ માટે દોડે છે**

**- કોઈ અધિકારી તુવેરદાળ ક્યારે મળશે તેનો ચોક્કસ જવાબ આપી શકતા નથી, બસ દિવાળી પહેલા આવી જશે નું આશ્વાશન આપે છે**

ભરત શાહ - રાજપીપળા

નર્મદા જિલ્લામાં મોટાભાગના ગરીબ અને મધ્યમ પરિવારો વસવાટ કરે છે જેમાં મોટાભાગના રેશનકાર્ડ પર મળતા અનાજ પર જ પોતાનું ગુજરાન ચલાવે છે, સરકારે મફત અનાજ ની જાહેરાત કરી અને ઘઉં, ચોખા મફત પણ આપે છે પરંતુ ખાંડ, દાળ, ચણા જેવી વસ્તુઓ કે જે ગ્રાહકો ને ઓછા રૂપિયે અપાઈ છે એનો જથ્થો સમયસર મળતો નથી અને હાલ દિવાળી જેવા મોટા પર્વ માં પણ ઓક્ટોમ્બર મહિનો પૂરો થવાનો હવે અઠવાડિયું બાકી હોવા છતાં હજુ તુવરદાળ આવી નથી તો શું આ દિવાળી દાળ વગર ની જશે..? હાલમાં પુરવઠા વિભાગ સહિત ના મોટાભાગના અધિકારીઓ એકતા દિવસની ઉજવણી માં પીએમ આવવાની વાતે સતત સ્ટેચ્યુ પર રોકાયેલા હોય છે અને બીજી બાજુ તુવેરદાળ માટે કાર્ડ ધારકો સસ્તા અનાજ ની દુકાનો પર ધક્કા ખાઈ રહ્યા છે. પરંતુ દુકાનદાર શું જવાબ આપે, કેમ કે લાગતા વળગતા અધિકારીઓ જ કોઈ ચોક્કસ તારીખ કે સમય નહિ આપી દિવાળી પહેલા દાળ આવી જશે જેવા જવાબ આપતા હોય તો દુકાનદારો શું કરે, માટે ગ્રાહકો અસમંજસ માં મુકાયા છે અને આ દિવાળી દાળ વગર જશે તેવું માની રહ્યા છે. સાથે સાથે સરકાર ની આવી ઢીલી નીતિ થી નારાજ જોવા મળે છે.






# બાળ પ્રતિભા શોધ સ્પર્ધામાં જિલ્લા ભાજપ મીડીયા સેલ કન્વીનર નરેન્દ્રસિંહ પરમારના દિકરીબા દિથ્યાબા ઝળકયા

વિશાલ જે હરવરા, જામનગર

રમત-ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ ગાંધીનગર તેમજ યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ ગાંધીનગર આયોજિત અને જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી, જામનગર સંચાલિત શહેર/ જિલ્લા કક્ષાએ બાળ પ્રતિભા શોધ સ્પર્ધામાં અ કૃતિમાં લગ્નગીત સ્પર્ધા માં ભાગ લઈ નંદ વિદ્યા નિકેતન સ્કુલ માં ધોરણ 5 માં અભ્યાસ કરતા જામનગર જીલ્લા ભાજપ મીડિયા સેલ ના દીકરી બા કુમારી શ્રી દિથ્યાબા નરેન્દ્રસિંહ પરમાર એ સમગ્ર જામનગર જીલ્લા અને શહેર માં તૃતીય સ્થાન મેળવી નંદ વિદ્યા નિકેતન સ્કુલ નું રાજપુત સમાજ નું અને સમગ્ર પરમાર પરિવાર નું નામ રોશન કર્યું છે. જે બદલ અભિનંદન સહ ગુજરાત સરકાર જીલ્લા યુવા વિકાસ અધિકારી જામનગર તરફ થી નંદ વિદ્યા નિકેતન ના પ્રિન્સિપાલ શ્રી રાધેશ્યામ પાંડે સાહેબ દ્વારા પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યું હતું તે બદલ નંદ વિદ્યા નિકેતન સ્કુલ તથા પરિવાર અને જીલ્લા ભાજપ પરિવાર ના લોકો એ અભિનંદન સાથે ઉતરોતર પ્રગતિ કરે તેવી શુભકામનાઓ પાઠવી.



# ધનસુરા વર્ષો થી કેનાલ મા પાણી આવતું નથી ખેડૂતો માં રોષ જરૂર પડશે તો આંદોલન કરાશે.

રાકેશ મહેતા. ધનસુરા



અરવલ્લીના ધનસુરા આરામગૃહ થી મામલતદાર કચેરી તરફ જતી કેનાલ જાણવા મર્યા મુજબ સાત વર્ષ થી કેનાલમાં પાણી જતું નથી તંત્ર ની બેદારીથી ખેડૂતો નુકસાન જાય છે ડેમ માં પાણી હોવા છતાં ખેડુતો ખેતરો માં પાણી ની સુવિધા મળતી નથી આ કેનાલો સાફ કરવા માટે તંત્ર ની પાસે સમય નથી વારંવાર રજૂઆતો કરવા છતાં તંત્ર ના કાન બંધ હોય તેવું લાગી રહ્યું જો સમયસર કેનાલ મા પાણી છોડવામાં આવે તો ખેડુતો પાણી નો લાભ લઈ સકે અને અત્યારે ડેમ માં પણ પાણી ની આવક સારી છે. તો કયા કારણ સર પાણી અપાતું નથી કેનાલ માટે ખેડૂતોએ જમીન આપી છે અને આ બાબતે સ્વાગત કાર્યક્રમ મા પણ રજુઆત કારેલ છે છતો પરિણામ મળ્યું નથી હવે આ વિસ્તારના ખેડુતો જો આ કેનાલ માટે કાર્યવાહી નહીં થાય તો ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરવા મજબૂર બનશે.

# ઉપલેટા ધોરાજી તાલુકાના ૪૩ ગામનાં કડવા પટેલ સમાજનું સ્નેહમિલનનું આયોજન મોટી પાનેલી ગામે બન્ને તાલુકાઓના સમાજના અગેવાનોની મિટીંગ યોજાઈ

વિજય રાડીયા, ઉપલેટા

ઉપલેટા ધોરાજી તાલુકાના કડવા પટેલ સમાજનું જે છેલ્લા ત્રણ વર્ષથી ભાયાવદર મુકામેથી ચાલુ કરેલ સ્નેહમિલન ગત વર્ષે મોટી મારડ મુકામે યોજેલ હોય ત્યારે ચાલુ સાલ મોટી પાનેલી ગામે આ સ્નેહમિલનનું આયોજન કરવાનું હોય તે બાબતે તારીખ : ૨૦/૧૦/૨૪ ના રોજ મોટી પાનેલી કડવા પટેલ સમાજમાં આ બન્ને તાલુકાના કડવા પટેલ સમાજના આગેવાનોની એક મિટીંગ મળેલ હતી. તેમાં નકકી કરવામાં આવેલ કે ચાલુ સાલ મોટી પાનેલી મુકામે આ આયોજન કરવાનું સ્વર્વાનુમતે નકકી કરેલ છે. તારીખ : ૦૪/૧૧/૨૪ ને સોમવારના રોજ બપોરપછી ૩ વાગ્યેથી 15 વાગ્યા સુધી સ્નેહમિલન યોજી સાથે સમુહભોજનનું આયોજન કરવામાં આવશે.



આ સ્નેહમિલનનો મુખ્ય હેતુ કે આ બન્ને તાલુકાઓના ગામડાઓમાં રહેતા કડવા પટેલ સમાજના લોકોને અંધશ્રધાથી દૂર રહી બાળકોના ભવિષ્ય માટે શિક્ષણ બાબત તેમજ કુરિવાજો, સમાજમાં છૂટાછેડાના વધતા બનાવો કેવી રીતે અટકાવી શકાય તેમજ જે વ્યસનના દૂષણોથી સમાજના યુવાનો દૂર રહે તે બાબતે સમાજને આવા સ્નેહમિલનનો માધ્યમથી સમાજને એક સાચો રસ્તો મળે તેમજ સમાજ સંગઠીત રહીને ભાયચારાની ભાવના જડવાય રહે તેવા હેતુથી છેલ્લા ત્રણ વર્ષથી આ બન્ને તાલુકાઓના કડવા પટેલ સમાજના ભાઈઓ તથા બહેનોનું સ્નેહમિલન યોજવાનું આયોજન કરવામાં આવેલ છે. તેમાં ઉમિયા પરિવાર સમિતી, કડવા પટેલ સોશ્યલ ગ્રુપ, કડવા પટેલ મહિલા મંડળ તેમજ કડવા પટેલ સમાજના રાજકીય, સામાજીક, સહકારી ક્ષેત્રના દરેક લોકો આ સ્નેહમિલનમાં તન મન અને ધનથી સાથ અને સહકાર આપે છે. ચાલુ વર્ષે પણ આ મોટી પાનેલી ગામે યોજનાર આ સ્નેહમિલનમાં સમાજના દાતાંઓ તેમજ સમાજના રેષ્ઠીઓ તને મન, ધનથી સાથ અને સહકાર આપશે. તેમાં દરેક ગામનાં સમાજના આગેવાનો એક થઈ આ સ્નેહમિલનને સફળ બનાવશે. સ્નેહમિલનની તારીખ : ૦૪/૧૧/૨૪, સોમવાર ને ત્રીજના દિવસે (બપોરે ૩ થી ૬ કલાકે) સ્થળ : મોટી પાનેલી કડવા પટેલ સમાજ.

# મહીસાગર જિલ્લામાં ફટાકડાના ખરીદ વેચાણ તથા ઉપયોગ ઉપર નિયંત્રણ મુકતું જાહેરનામું બહાર પડાયું

જગદીશ ત્રિવેદી, લુણાવાડા.

દિવાળી તથા અન્ય તહેવારો દરમિયાન ફોડવામાં આવતા ફટાકડાના કારણે આગ,અકસ્માતના બનાવો ના બને અને જાહેર જનતાને અગવડ ન પડે તે માટે તથા જાહેર જનતાની સલામતિ માટે મહીસાગર જિલ્લામાં ફટાકડાના ખરીદ વેચાણ તથા ઉપયોગ ઉપર નિયંત્રણ મુકતું જાહેરનામું મહીસાગર કલેક્ટર શ્રીમતી નેહા કુમારી દ્વારા બહાર પડાયું.

નામ.સુપ્રિમ કોર્ટ ધ્વારા ગ્રીન તથા માન્યતા પ્રાપ્ત ફટાકડા કે જે ઓછા એમિશન ઉત્પન્ન કરે છે તેનાં ઉત્પાદન અને વેચાણની પરવાનગી આપવામાં આવેલ છે. આ સિવાયના તમામ પ્રકારના ફટાકડાના ઉત્પાદન અને વેચાણ પર પ્રતિબંધ મુકવામાં આવે છે, ભારે ઘોઘાંટવાળા ફટાકડા સ્વાસ્થ્ય માટે ખૂબ જ હાનિકારક હોવાથી તથા વધુ પ્રમાણમાં હવાનું પ્રદુષણ અને ઘન કચરો પેદા કરતાં બાંધેલા ફટાકડા (Joint firecrackers, Series crackers or Laris)પર પ્રતિબંધ મુકવામાં આવે છે. ફટાકડાનું વેચાણ માત્ર લાયસન્સધારક વેપારીઓ ધ્વારા કરવાનું રહેશે. આ વેપારીઓએ નામસુપ્રિમ કોર્ટના તા.૨૩/૧૦/૨૦૧૮ના આદેશ મુજબ માન્ય રાખવામાં આવેલ ફટાકડાઓનું જ વેચાણ કરવાનું રહેશે, તમામ ઈ-કોમર્સ વેબસાઈટને ઓનલાઈન તમામ પ્રકારના ફટાકડાના વેચાણ પર પ્રતિબંધ રહેશે, ફટાકડા બનાવવા માટે બેરીયમનાં ઉપયોગ પર પ્રતિબંધ રહેશ , ગ્રીન કેકર્સના નામે પ્રતિબંધિત ફટાકડાનું ઉત્પાદન, વેચાણ અને ઉપયોગ થઈ શકશે નહી. દિવાળી તથા અન્ય તહેવારો કે જેમા ફટાકડા ફોડવામાં આવે છે તેમા ફટાકડા રાત્રિના ૦૮:૦૦ થી ૧૦:૦૦ કલાક સુધી જ ફોડી સકાશે. તેમજ ક્રિસમસ(નાતાલ) અને નૂતન વર્ષના તહેવાર દરમિયાન ફટાકડા રાત્રિના ૧૧:૫૫ કલાકથી ૧૨:૩૦ કલાક સુધી જ ફોઈ શકાશે, હાનિકારક ધ્વનિ પ્રદુષણ રોકવા માટે માત્ર PESO સંસ્થા ધ્વારા અધિકૃત બનાવટવાળા અને માન્ય ધ્વનિ સ્તર (Desibel level) વાળા જ ફટાકડા વેચી/વાપરી શકાશે. PESO દ્વારા એવા અધિકૃત / માન્ય ફટાકડાના દરેક બોકસ ઉપર PESO ની સૂચના પ્રમાણેનું માર્કિંગ હોવું જરૂરી છે. હોસ્પિટલ, નર્સિંગ હોમ, આરોગ્ય કેન્દ્રો, શૈક્ષણિક સંસ્થાઓ, ન્યાયાલયો, ધાર્મિક સ્થળોની ૧૦૦ મીટરની ત્રિજ્યાના વિસ્તારને સાયલન્ટ ઝોન તરીકે ગણવામાં આવશે અને ત્યાં કોઈ પણ પ્રકારના ફટાકડા ફોડી શકાશે નહીં., કોઈપણ પ્રકારના વિદેશી ફટાકડા આયાત કરી શકાશે નહી, રાખી શકાશે નહી કે વેચાણ કરી શકાશે નહી , લોકોને અગવડ ઉભી ન થાય કે કોઈ પણ ભયજનક પરિસ્થિતિનું નિર્માણ ન થાય તે માટે મહીસાગર જિલ્લાના બજારો, શેરીઓ, ગલીઓ, જાહેર રસ્તાઓ, પેટ્રોલપંપ, એલ પી.જી. બોટલીગ પ્લાન્ટ,એલ પી જી. ગેસના સ્ટોરેજ અન્ય સળગી ઉઠે તેવા પદાથોને સંગ્રહ કરેલા ગોદામોની નજીકમાં ફટાકડા કે દારૂખાનું ફોડી શકાશે નહી., કોઈ પણ પ્રકારના સ્કાય લેન્ટર્ન (ચાઈનીઝ તુકકલ/ આતશબાજી બલુન)નું ઉત્પાદન તથા વેચાણ કરી શકાશે નહીં તેમજ કોઈ પણ સ્થળે ઉડાડી શકાશે નહી.આ જાહેરનામું તા. તા.૧૬/૧૨/૨૦૨૪ સુધી અમલમાં રહેશે . "આ જાહેરનામું સમગ્ર મહીસાગર જિલ્લામાં લાગુ પડશે.'આ જાહેરનામાંનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ની જોગવાઈઓ મુજબ શિક્ષાને પાત્ર થશે.

# શું લાગે છે મોટા ઈકો સેન્સેટીવ ઝોન લાગુ થશે??? ઈકો સેન્સેટીવ ઝોન" નો વિવાદ વકરી રહ્યો છે

કિશોર આર. સોલંકી, જાફરાબાદ

પહેલાં સત્તાધારી પક્ષનાં નેતાઓ એ ઈકો ઝોન નો વિરોધ કરી અમારા વિસ્તારમાં ઈકો ઝોન નાં જોઈએ કહી આંદોલન નો પલીતો ચાંપ્યો. હવે, જે ગામડાઓ 'ઈકો સેન્સેટીવ ઝોન' માં આવે છે, ત્યાં ઈકો ઝોન નાં વિરોધમાં ગ્રામ સભાઓ કરવામાં આવી રહી છે. આવેદન પત્રો આપવમાં આવી રહ્યા છે. વિરોધ પક્ષો પણ હવે મેદાને પડ્યા છે. ત્યારે, 'ઈકો સેન્સેટીવ ઝોન' ને રાજકીય રંગ અપાઈ ગયો છે.

ત્યારે, સાંસદશ્રી એ 'ઈકો સેન્સેટીવ ઝોન' લાગુ થશે, કારણ કે સુપ્રીમ કોર્ટનો આદેશ છે અને આ એક કાયદો છે. એટલે લાગુ પડશે. તેવું નિવેદન આપ્યું છે. તે જોતાં 'ઈકો સેન્સેટીવ ઝોન' લાગુ થશે.



હવે, જ્યારે સરકાર ઈકો ઝોન લાગુ કરવા માંગે છે તો, વનો અને વન્યજીવો ની સાથે સાથે સ્થાનિકો ને પણ આ કાયદો નુકશાનકારક નહિ પરંતુ ફાયદાકારક બની રહે તે, પ્રમાણે સરકારે સ્થાનિકો સાથે વાર્તાલાપ કરવો જોઈએ અને તેઓની વ્યથા પણ સાંભળવી જોઈએ. કારણ કે, સ્થાનિકો એ પોતાનાં ભોગે વનો અને વન્યજીવો ને સાચવ્યા જ છે.

# સંખેડા તાલુકાના બહાદરપુર ગામની સીમમાં ઈજાગ્રસ્ત અજગરનું રેસ્ક્યુ કરાયું

કમલેશ પટેલ, સંખેડા



બહાદરપુર ગામની સીમમાં એક વિશાળકાય અજગર ઈજાગ્રસ્ત હાલતમાં, જાણકારી મળતા બહાદરપુર એનિમલ રેસ્ક્યુ ટિમ જાણ કરતા સચિન પંડિત, એમના વોલિએન્ટર સંજયભાઈ, આ ઘાયલ અજગરને જંગલ ખાતામાં, એન્ટી .બારીયા સાહેબ જાણ કરીને એમના કર્મચારી જીત ભાઈ તડવી, પશુ ચિકિત્સા કેન્દ્ર સંખેડા ઉપસ્થિત થઈ જે તે સારવાર કરવામાં આવી, આ ઘાયલ મહાકાય અજગર ને જંગલ ખાતા ના નેજા હેઠળ, રાખવામાં આવેલ છે.

# મહીસાગર જીલ્લામાં મધ્ય ગુજરાત વીજ કંપની લિમિટેડ દ્વારા લુણાવાડા અને ખાનપુર તાલુકામાં વીજ ચેકિંગ હાથ ધરવામાં આવ્યું

જગદીશ ત્રિવેદી, લુણાવાડા

મધ્ય ગુજરાત વીજ કંપની લિમિટેડ, કોર્પોરેટ ઓફિસ, વડોદરા દ્વારા આજ રોજ મહીસાગર જિલ્લાના લુણાવાડા અને ખાનપુર તાલુકામાં વીજ ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું.. જેમાં કુલ ૨૬ જેટલી વીજ ચેકિંગ ટીમ દ્વારા વીજ ચેકિંગ હાથ ધરવામાં આવી હતી. મહીસાગર જિલ્લાના ખાનપુર તાલુકામાં કુલ ૧૦૦ જેટલા વીજ જોડાણ ચેક કરવામાં આવેલ તેમાં ૧૫ વીજ જોડાણ વીજ ચોરી કરતાં માલૂમ પડેલ જેનું વીજ ચોરીનું અંદાજિત બીલ રૂપિયા ૨.૦૬ લાખ જેટલું અને લુણાવાડા તાલુકામાં ૫૪૨ વીજ જોડાણ ચેક કરવામાં આવેલ તેમાં ૮૮ વીજ જોડાણ વીજ ચોરી કરતાં માલૂમ પડેલ જેનું વીજ ચોરીનું અંદાજિત બીલ રૂપિયા ૧૫.૩૮ લાખ જેટલું થાય છે. આમ મહીસાગર જીલ્લાના લુણાવાડા અને ખાનપુર તાલિકાના કુલ ૬૪૨ જેટલા વીજ જોડાણ ચેક કરવામાં આવેલ હતા. વીજ જોડાણમાંથી કુલ ૧૦૩ જેટલા વીજ જોડાણોમાં ગેરરિતી અટલે કે વીજ ચોરી કરતાં પકડાયેલ છે જેનું વીજ ચોરીનું અંદાજિત બીલ રૂપિયા ૧૭.૪૪ લાખ જેટલું થાય છે. આમ, મધ્ય ગુજરાત વીજ કંપની લિમિટેડ દ્વારા અચાનક સરપ્રાઈઝ વીજ ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું.

# જાફરાબાદના નવી જીકાદ્રી ગામે પાંચ વર્ષ ના બાળકને ફાડી ખાતી સિંહણ ને વનકર્મીઓ દ્વારા પુરી પાંજરે

કિશોર આર. સોલંકી, જાફરાબાદ

જાફરાબાદ રેન્જમાં ટીંબી રાઉન્ડમાં હેમાળ બીટમાં રામકુભાઈ નાનાભાઈ ધાખડા ની વાડી વિસ્તારમાં વન્યપ્રાણી સિંહ દ્વારા માનવ મૃત્યુ નો બનાવ બનતા જાફરાબાદ રેંજનો તમામ સ્ટાફ, રાજુલા રેન્જ નો તમામ સ્ટાફ, ખાંભા રેન્જ નો તમામ સ્ટાફ, વેટેનરી ઓફિસરશ્રી દ્વારા સતત ૨૪ કલાકથી ભારે જહેમત ઉઠાવી સતત સ્કેનિંગ કરી જીવનાજોખમે રેસ્કયું ઓપરેશાન હાથ ધરવામાં આવેલ, જે બપોરના ૪:૦૦ કલાકે બારમણ અને નવી જીકાદ્રી વચ્ચે સિંહ માદા નું અવલોકન થતાં ,લાલજીભાઈ નાનજીભાઈ લિંબાળી ની વાડીમાં જણાઈ આવતા તુરંત સ્થળ પર પહોંચી સિંહ માદા નું ટાંકવિલાઈઝ કરી યુદ્ધ નાં ધોરણે જીવના જોખમે દિલધડક રેસ્ક્યું કરવામાં આવેલ છે.



# મહીસાગર જિલ્લામાં પ્રધાનમંત્રી જીવનજ્યોતિ બીમા યોજના અને પ્રધાનમંત્રી સુરક્ષા વીમા યોજના અંતર્ગત તમામ ગ્રામ પંચાયતોમાં કેમ્પ યોજાશે

જગદીશ ત્રિવેદી, લુણાવાડા

મહીસાગર જિલ્લામાં તા. ૧૫-૧૦-૨૦૨૪ થી તા. ૧૫-૦૧-૨૦૨૫ સુધી નાણા મંત્રાલય, નાણાકીય સેવા વિભાગ, નવી દિલ્હી દ્વારા શરૂ કરવામાં આવેલ સામાજિક સુરક્ષા યોજનાઓ હેઠળ નોંધણી માટે પ્રધાનમંત્રી જીવનજ્યોતિબીમા યોજના (PMJJBY) અને પ્રધાનમંત્રી સુરક્ષા વીમા યોજના (PMSBY) અંતર્ગત કેમ્પ યોજાશે.

આ યોજનાઓ હેઠળ બેંકો, જાહેર અને ખાનગી, સહકારી બેંકો, પ્રાદેશિક ગ્રામીણ બેંકો, ઈન્ડિયા પોસ્ટ પેમેન્ટ બેંકોને સમગ્ર ભારતમાં દરેક ગ્રામ પંચાયતમાં ઓછામાં ઓછા એક કેમ્પનું આયોજન કરવામાં આવશે. જે અંતર્ગત મહિસાગર જિલ્લામાં ૩૫૯ ગ્રામ પંચાયતોમાં કેમ્પનું આયોજન થશે જેથી મહીસાગર લીડ ડિસ્ટ્રિક્ટ મેનેજર દ્વારા તમામ નાગરીઓને લાભ લેવા અપીલ કરવામાં આવી રહી છે.

PMJJBY પ્રીમિયમ રૂ.૪૩૬ વાર્ષિક અને રૂ.૨.00 લાખનું જીવન વીમો અને PMSBY પ્રીમિયમ રૂ.૨૦/- વાર્ષિક અને રૂ.૨.00 લાખનો અકસ્માત વિમાનો લાભ મળશે.

# ૮ લાખનાં ચેક રીટર્ન કેસમાં આરોપીને ૬ માસની કેદ

સુરત : રૂ.૮ લાખના ચેક રીટર્ન કેસમાં જમીન દલાલને કોર્ટએ ૬ માસ કેદની સજા અને ચેકની રકમના માસિક ૬ ટકા લેખે દંડ ચૂકવવાનો હુકમ કર્યો હતો. ફરિયાદી વિનુભાઈ ભરવાડ અને આરોપી નિરવ સુરેશકુમાર શાહ છેલ્લા ૫-૬ વર્ષથી ઘનિષ્ઠ મિત્રતા ચાલી આવેલી હતી. જે મિત્રતાનો ગેરલાભ લઈ આરોપી નિરવ સુરેશકુમાર શાહએ સને-૨૦૨૦ માં ફરિયાદીને સસ્તામાં ફ્લેટ અપાવી દેવાનો વિશ્વાસ કેળવી ફરિયાદી કનેથી રૂ.૧૧ લાખ લઈ લીધેલા. ત્યારબાદ આરોપી ફ્લેટ ન અપાવી ગલ્લા તલ્લા કરીને સમય પસાર કરતા હતા. ત્યારબાદ આરોપીએ ફરિયાદીને સને-૨૦૨૩ માં રૂ.૧૧ લાખના બદલામાં રૂપિયા રૂ.૮ લાખના બે ચેકો આપ્યા હતા. જે ચેકો રીટર્ન થતાં વકીલ નિકુંજ આર. કહાર તથા કશ્યપ એચ. પટેલ મારફતે સુરત કોર્ટમાં ચેક રીટર્નની ફરિયાદ કરી હતી. જે કેસમાં નામદાર કોટે આરોપી નિરવ સુરેશકુમાર શાહને ૬ માસની કેદની સજા અને ચેકની રકમના માસિક છ ટકા દંડ ચૂકવવા આદેશ કર્યો હતો.

# સુગરની જેમ એક મહિના સુધી મીઠું સદંતર બંધ કરીએ તો શરીર પર શું થાય અસર?

**આપણાં ખોરાકના સ્વાદમાં મીઠું સૌથી મહત્ત્વનું હોય છે, જો જરા પણ ઓછું મીઠું હોય તો ભોજન ફિક્કુ લાગે છે. મીઠું આપણી ડાયટનો એવો ભાગ છે, જેના વિના કોઈ પણ વાનગીની કલ્પના કરવી લગભગ અશક્ય છે. જો કે મીઠાનું વધારે પડતું પ્રમાણે સ્વાસ્થ્યને અનેક રીતે નુકસાન પહોંચાડે છે. આથી હેલ્થ એક્સપર્ટ દ્વારા લિમિટમાં મીઠાનું સેવન કરવાની સલાહ આપવામાં આવે છે. એવામાં શું તમે ક્યારેય કલ્પના કરી છે કે, જો એક મહિના સુધી મીઠું સદંતર છોડી દેવામાં આવે, તો તેનાથી સ્વાસ્થ્ય પર કેવી અસર થાય? વધારે મીઠું સ્વાસ્થ્ય માટે હાનિકારક છે, પરંતુ સદંતર મીઠાનું સેવન બંધ કરવાથી પણ અનેક પ્રકારના નુકસાન થઈ શકે છે. એવામાં આજે અમે તમને જણાવીશું કે, મીઠુ છોડી દેવાથી શરીર પર કેવી અસર થાય છે?**




**થાક |** જો તમે સદંતર મીઠું છોડી દો, તો તેનાથી તમને થાક લાગવા માંડશે. હકીકતમાં શરીરમાં મીઠું ના હોવાથી બૉડીનું ઈલેક્ટ્રોલાઈટ બેલેન્સ અસંતુલિત થઈ શકે છે. જેના કારણે કાયમ થાકનો અનુભવ થાય છે. શરીરમાં સોડિયમનું લેવલ મર્યાદિત પ્રમાણમાં હોય, તે જરૂરી છે. એવામાં મીઠું ના ખાવાના કારણે શરીરમાંથી સોડિયમનું લેવલ ઘણું ઘટી જાય છે. જેના કારણે ચક્કર પણ આવી શકે છે.

**લૉ બ્લડ પ્રેશર |** એક મહિના સુધી સદંતર મીઠું ના ખાવાથી તમારું બ્લડ પ્રેશર લૉ થઈ શકે છે. હકીકતમાં શરીરમાં સોડિયમ ના હોવાના કારણે વૉટર રિટેન્શનમાં કમી આવી શકે છે. જેનાથી બ્લડ પ્રેશરનું લેવલ ઘટી શકે છે. આ સાથે જ ઉબકા અને ઉલટી જેવી સમસ્યા પણ થઈ શકે છે.

**માંસપેશીઓ જકડાવી |** સદંતર મીઠું બંધ કરવાથી માંસપેશીઓ જકડા જાય છે. એક મહિના સુધી મીઠું ના ખાવાના કારણે શરીરમાં સોડિયમનું પ્રમાણ ઘટી જાય છે, જેના કારણે રાતે સૂતા સમયે માંસપેશીઓ જકડાઈ જાય છે અને શરીર તૂટતુ હોય તેમ લાગે છે.

**મીઠું બંધ કરવું જોઈએ કે નહી? |** અહીં ઉપર જણાવેલી અસરથી ખ્યાલ આવી જ ગયો હશે કે, મીઠું માત્ર સ્વાદ જ નહીં સ્વાસ્થ્ય માટે પણ ખૂબ જ જરૂરી છે. એવામાં સદંતર મીઠું બંધ કરવું સ્વાસ્થ્ય માટે હાનિકારક નીવડી શકે છે. આથી સદંતર મીઠું બંધ કરવાની જગ્યાએ તેને લિમિટમાં ખાવું જોઈએ.

**એક દિવસમાં કેટલું મીઠું ખાવું જોઈએ? |** વર્લ્ડ હેલ્થ ઑર્ગેનાઈઝશન (WHO)ના જણાવ્યા મુજબ, એક વ્યક્તિએ દરરોજ 5 ગ્રામ સુધીનું જ મીઠું પોતાની ડાયટમાં સામેલ કરવું જોઈએ. જેનાથી વધારે મીઠું અનેક ગંભીર બીમારીઓનું કારણ બની શકે છે, જેમાં હાર્ટ સબંધિત સમસ્યા, ગેસ્ટ્રિક કેન્સર, મોટાપો અને કિડનીની બીમારી સામેલ છે.

# કોલેસ્ટ્રેલના વધતા કેટલા દિવસમાં Heart Attackની સંભાવના?

આજના સમયમાં હાઈ કોલેસ્ટ્રોલની સમસ્યા ખૂબ જ સામાન્ય બની ગઈ છે. યુવાનોમાં કોલેસ્ટ્રોલની ફરિયાદ પણ ઝડપથી વધી રહી છે. આ એક ગંભીર સ્થિતિ છે કારણ કે વધેલા કોલેસ્ટ્રોલથી હાર્ટ એટેકનું જોખમ વધી જાય છે. પરંતુ કોલેસ્ટ્રોલને કારણે હાર્ટ એટેક આવતા કેટલો સમય લાગે છે અને તેના ચિહ્નો શું છે? સ્વસ્થ રહેવા માટે સમજવું ખૂબ જ જરૂરી છે-

## કોલેસ્ટ્રોલ ક્યારે હાર્ટ એટેકનું કારણ બને છે?

સ્ટેજ-1 જ્યારે કોલેસ્ટ્રોલનું સ્તર વધે છે, અને ધમનીઓની અંદરની દિવાલો પર જમા થવા લાગે છે. પ્રતિભાવમાં, રોગપ્રતિકારક તંત્ર એલડીએલ પર હુમલો કરવા માટે સફેદ રક્ત કોશિકાઓ મોકલે છે, જેના કારણે બળતરા થાય છે. સમય જતાં, આ તકતીઓ ધમનીઓને સખત બનાવે છે, જેને એથરોસ્ક્લેરોસિસ કહેવામાં આવે છે.

સ્ટેજ-2 પ્લેકનો વિકાસ વર્ષો સુધી ચાલુ રહે છે, જેના કારણે ધમનીઓ પાતળી થઈ જાય છે અને રક્ત પરિભ્રમણમાં અવરોધ ઊભો થાય છે. જીવનશૈલીની નબળી ટેવો અને આનુવંશિક જોખમ પરિબળોને આધારે આ પ્રક્રિયા ઘણા વર્ષોથી દાયકાઓ સુધી ચાલી શકે છે. આ સમય દરમિયાન, લોકો ઘણીવાર કોઈ લક્ષણોની નોંધ લેતા નથી.

સ્ટેજ-3 આ સમયે પ્લેક ફાટી શકે છે, જેના કારણે લોહી ગંઠાઈ જાય છે. આવી સ્થિતિમાં, જ્યારે આ ગંઠન હૃદય સુધી પહોંચે છે અને રક્ત પરિભ્રમણમાં અવરોધ ઉભો કરે છે, ત્યારે હાર્ટ એટેક આવે છે. આ સમયગાળો વ્યક્તિએ વ્યક્તિએ બદલાય છે. કેટલાક લોકો 30 અથવા 40 વર્ષની ઉંમર સુધીમાં ગંભીર તકતીઓનું સંચય વિકસાવી શકે છે, જ્યારે અન્ય લોકો 60 અથવા 70 વર્ષની વયે આ સમસ્યા વિકસાવી શકે છે.

## ઉચ્ચ કોલેસ્ટ્રોલના જીવલેણ ચિહ્નો

નિષ્ણાતો કહે છે કે સામાન્ય રીતે કોલેસ્ટ્રોલના લક્ષણો ત્યાં સુધી દેખાતા નથી જ્યાં સુધી તે હૃદય સંબંધિત ગંભીર ઘટનાઓનું કારણ ન બને. તેમ છતાં, કેટલાક ચિહ્નો અને લક્ષણો છે જે વધતા જોખમને સૂચવે છે, તેમાં છાતીમાં દુખાવો, શ્વાસ લેવામાં તકલીફ, થાક અથવા ચક્કર, હાથ, ગરદન, જડબામાં અથવા પીઠમાં દુખાવો, અંગોમાં નિષ્ક્રિયતા અથવા શરદીનો સમાવેશ થાય છે.

## કોલેસ્ટ્રોલ રોગને કેવી રીતે નિયંત્રિત કરવો

ઉચ્ચ કોલેસ્ટ્રોલની અસરોથી બચવા માટે નિયમિત ચેકઅપ કરાવવું જરૂરી છે. વધુમાં, જીવનશૈલીમાં ફેરફાર જેમ કે સંતુલિત આહાર, નિયમિત વ્યાયામ, ધૂમ્રપાન ટાળવું અને તણાવ વ્યવસ્થાપન પ્લેક એકઠા થવા અને હૃદય રોગના જોખમને ઘટાડી શકે છે. કેટલાક કિસ્સાઓમાં, ડોકટરો કોલેસ્ટ્રોલને નિયંત્રિત કરવા માટે દવાઓ પણ લખી શકે છે.

# એક મૂળાના ફાયદા છે અનેક, પેટથી લઈ સ્કિન અને વાળ માટે પણ છે ફાયદાકારક



**શિયાળામાં આપણી ઈમ્યુનિટી ઓછી થઈ જાય છે. ત્યારે વિટામિન સીથી ભરપૂર મૂળા ઈમ્યુનિટીને મજબુત કરે છે. આજે આપણે જાણીશું કે, મૂળાનું સેવન સ્વાસ્થ માટે કેટલું ફાયદાકારક છે. શિયાળામાં મૂળાનું સેવન કરે છે. ત્યારે મૂળાના પરોઠા બનાવીને પણ તેનું સેવન કરવામાં આવે છે. જો તમે મૂળાનું સેવન કરશો. તો તમને કેટલીક બિમારીઓમાંથી પણ રાહત મળશે. તમને જણાવી દઈએ કે, મૂળા ડાયબિટીસના દર્દીઓ માટે ખુબ ફાયદાકારક છે. મૂળાના સેવનથી બ્લડ શુગર પણ કંટ્રોલ થઈ શકે છે. પરંતુ હાઈ બ્લડ શુગરના દર્દીઓએ આનું સેવન કરવું જોઈએ નહિ. શિયાળામાં મૂળાને ડાયટમાં સામેલ કરીને તમે શરદી અને ઉધરસની સમસ્યાથી બચી શકો છો. શિયાળાની ઋતુમાં શરદી અને ખાંસીની સામાન્ય સમસ્યાઓ પૈકીની એક છે આર્યુવેદમાં મૂળો એક એવી શાકભાજી છે. જે અનેક બિમારીઓને દુર કરે છે. જેના સેવનથી ઈમ્યુનિટી મજબુત બને છે સાથે શરીર હેલ્ધી પણ રહે છે. મૂળાનું સેવન કરવાથી પાચનતંત્ર સારું રહે છે. તેમજ ગેસ, એસિડિટીની સમસ્યાથી પણ રાહત મળે છે. મૂળો ખાવાથી તમારી સ્કિન પણ તંદુરસ્ત રહેશે. જો મૂળાનો રસ વાળમાં લગાવવામાં આવે તો વાળમાં ખોળાની સમસ્યા થતી નથી.**

# શું તમારી પાસે જિમ જવાનો સમય નથી? તો તમે આ નાના-નાના કામ કરીને રહી શકો છો ફિટ



દરેક વ્યક્તિએ પોતાના વજન વિશે સભાન રહેવું જોઈએ. કારણ કે તે વ્યક્તિત્વના દૃષ્ટિકોણથી જ મહત્વપૂર્ણ નથી પરંતુ સ્વસ્થ રહેવા માટે વજનને નિયંત્રિત કરવું પણ જરૂરી છે. તો ચાલો જાણીએ કઇ નાની-નાની બાબતોથી તમે તમારું વજન નિયંત્રિત કરી શકો છો. જો તમે તમારા વજનને નિયંત્રિત કરવા માગો છો તો પ્રથમ વસ્તુ તમારા ખાવાનું નિયંત્રણ કરવાનું શીખો. આનો અર્થ એ નથી કે તમારે ખાવાનું બંધ કરી દેવું જોઈએ, પરંતુ બિનઆરોગ્યપ્રદ ખોરાક ન ખાવો. જેમ કે લોટમાંથી બનેલી વસ્તુઓ ઓછી કરવી, વધુ તેલ લેવું. સાદા કાર્બોહાઈડ્રેટ સાથે વધુ વસ્તુઓ ખાવી વગેરે. ખાવાનો યોગ્ય સમય નક્કી કરો. ફાઈબર અને પ્રોટીનયુક્ત ખોરાકનું સેવન વધારવું. વજન ઘટાડવાનો સૌથી સારો રસ્તો એ છે કે ઘરે સીડીઓ ચઢવી, જો તમે ઓફિસ જાવ છો તો લિફ્ટને બદલે સીડીનો ઉપયોગ કરો. તેનાથી ઘણી બધી કેલરી બર્ન થઈ શકે છે. આ ઉપરાંત તમે તમારા ઘરની છત પર જ ઝડપથી ચાલી શકો છો. વજનને નિયંત્રણમાં રાખવા માટે એ ખૂબ જ જરૂરી છે કે તમારું ભોજન યોગ્ય રીતે પચી જાય. જમ્યા પછી અથવા સૂઈ ગયા પછી તરત જ એક જગ્યાએ બેસી રહેવાથી વજન વધે છે, તેથી તમારી આ આદત બદલવી જોઈએ. ખાસ કરીને રાત્રે જમ્યા પછી થોડો સમય ફરવા જવું જોઈએ. જો તમે ઘરે વજન ઓછું કરવા માંગો છો તો દોરડા કૂદવું એ એક વર્કઆઉટ છે. આમાં આખા શરીરની કસરત થાય છે. જે ન માત્ર કેલરી બર્ન કરે છે પરંતુ શરીરની શક્તિમાં પણ વધારો કરે છે અને સ્નાયુઓને ટોન કરે છે.

# સવાર સવાર માં લોક સમૂહ નો મોર્નિંગ વિષય સ્વર્ગ અને ધરતી પર પનોતીની વેલ્યુ

**ઈન્દ્ર પત્ની શચી એ નહિ...નાહી... પ્રાણનાથ બોલી ને મૂર્છિત બની રાજ ગાદી માં ઢળી પડી...ફટફ્ટ રાજ વૈદ્ય આવ્યા ને ઈંન્દ્ર પત્ની ની નાડ ઢંઢોળી ને તપાસી ને બોલ્યા કે ખુશીના સમાચાર છે..ઈન્દ્રે એ માથે હાથ મૂક્યો ને બોલ્યા બાપરે!!!"પનોતી..પનોતી...પનોતી...પનોતી..".. "પનોતી" શબ્દ સ્વર્ગ ના સી.સી ટીવી કેમેરા ના ગગન ભેદી અવાજ મા ફેલાય એ ભેગા બધા સ્તબ્ધ થઈ ગયા ને ચિંતિત બનીને દેવતાઓ બોલ્યા કે અરે!!! રે...**




મોર્નિંગ વિષય

- રુપાલી દવે

સવાર સવાર માં લોક સમૂહ નો મોર્નિંગ વિષય સ્વર્ગ અને ધરતી પર પનોતી ની વેલ્યુ: ચિત્રગુપ્ત એ સ્વર્ગ ના કાર્યક્રમ માં પરિવાર સાથે ઉપસ્થિત થઈને સ્વર્ગ ના રાજા ઈન્દ્રે ને પ્રશ્ન પૂછ્યો કે મનુષ્ય ને જીવનમાં સૌથી વધારે શેનો ભય હોઈ છે? મિત્રો,સમાજ,ગર્લ ફ્રેન્ડ પત્નીઓ,બાળકો,બા બાપુજી વગેરે માંથી શું એના તન,મન હદય ને ભયભીત કરે છે? ઈન્દ્ર ની બાજુમાં બેઠેલ પવન દેવ એ ચિત્રગુપ્ત નો પ્રશ્ન સાંભળી ને સમગ્ર સભામાં પ્રસારિત કરી દીધો. આ કારણે સ્વર્ગમાં એ પ્રશ્ન અંતર્ગત અંદરો અંદર ચર્ચા થવા લાગી. સ્વર્ગ ના અધિપતિ ઈન્દ્ર રાજા મેનકા,ઉર્વશી, રંભા,ઉર્વશી ના ના ડાન્સ કાર્ય ક્રમ માં ગજબના વ્યસ્ત થઈ ગયા હતા એટલે ચિત્રગુપ્ત ના પ્રશ્ન નો જવાબ આપવા અસમર્થ હતાં. એની પતિવ્રતા ભોળીભલી પત્ની શચી તો પતિના હેન્ડસમ સૌન્દર્ય નિહાળવા માં એટલી તલ્લીન હતી ને કે બાજુ માં બેઠી હોવા છતાંય ચિત્રગુપ્ત નો પ્રશ્ન સમજી કે સાંભળી શકી નહિ..હવે બ્રેકિંગ ન્યુઝ તો બ્રેકિંગ જ હોવાના..

ભલે અંદર બધું દિવાળી ની ફેવરિટ મીઠાઈ 'ઘૂઘરા' જેમ ખાલીખમ હોઈ..પણ પ્રશ્ન તો પ્રશ્ન હોઈ છે.ત્યાં ઉપસ્થિત બધા દેવતાના મગજની બહાર ચિત્રગુપ્તનો પ્રશ્ન નીકળી ને ભાગી ગયો.સ્વર્ગ ની દુનિયા ને મનુષ્ય લોકની દુનિયા વચ્ચે જમીન આસમાન નો ફર્ક સમજો. ત્યાંની ચમક દમક ની દુનિયામાં નોકરી ધંધા કરવા પડતાં નથી ને પેટ નો સવાલ ત્યાં મુંઝવતો નથી.બધું ટેક્સ ફ્રી...ફ્રી..ફ્રી..દિવાળી ના સેલ જેવું જ એક ની સાથે બધું ફ્રી..એસી ની ઠંડી પણ સામેલ.બધા નાચ ગાન માં એટલા વ્યસ્ત હતા ને કે કોઈને એ ક્યાં બેઠા છે એનું ભાન જ નહતું..અચાનક સ્વર્ગ ના મનુષ્ય લોકના સી.સી.ટીવી કેમેરા માંથી રાજસ્થાનના ચૂંટણી મંચ માંથી લાઉડસ્પીકર નો અવાજ ગુંજ્યો ને હાહાકાર મચી ગયો,અપ્સરા એ ડાન્સ સ્ટોપ કર્યો, મદિરા ના ઘડા ફર્શ પર ઢોળાઇ ગઈ.. ઈન્દ્ર પત્ની શચી એ નહિ...નાહી... પ્રાણનાથ બોલી ને મૂર્છિત બની રાજ ગાદી માં ઢળી પડી...ફટફ્ટ રાજ વૈદ્ય આવ્યા ને ઈંન્દ્ર પત્ની ની નાડ ઢંઢોળી ને તપાસી ને બોલ્યા કે ખુશીના સમાચાર છે..ઈન્દ્રે એ માથે હાથ મૂક્યો ને બોલ્યા બાપરે!!!'પનોતી..પનોતી... પનોતી...પનોતી..'.. 'પનોતી' શબ્દ સ્વર્ગ ના સી.સી ટીવી કેમેરા ના ગગન ભેદી અવાજ મા ફેલાય એ ભેગા બધા સ્તબ્ધ થઈ ગયા ને ચિંતિત બનીને દેવતાઓ બોલ્યા કે અરે!!!રે,.. રે..સ્વર્ગ ની પનોતી.. શું કર્યું? તે.. બેટા,ભાગવું જ હતું તો યુવા અબજોપતિ બેચલર 'રતન ટાટા' મનુષ્ય લોક ના સૌથી ગ્રેટ પર્સસન સાથે ભાગવું હતું. રાજકારણી ની ઓળખ તો એનો સૂર્યાસ્ત થતાં જ આથમી જશે. ઈન્દ્ર પરેશાન થઈ ગયા કે સભામાં ઉપસ્થિત સૈન્ય ગણ ને આદેશ આપ્યો કે ગમેતેમ કરીને પનોતી ને સ્વર્ગ ભણી પાછી વાળો, સામ, દંડ, ભય,ભેદ અપનાવી ને રહું કેતુ ના ઘર ભણી વાળો..ગૃહ ભેગી કરો. રાહુ કેતુ એ અમૃત પાન કર્યા બાદ એ પણ સ્વર્ગ ના અધિકારી બન્યા છે.એની દીકરી એટલે સૌની દીકરી સમજો..

વર્લ્ડ કપ ફાઈનલ ક્રિકેટ મેચ હાર્યા બાદ અસંખ્ય લોકો ની દિવાળી ની જેમ દિલ પણ તૂટ્યા છે. આજકાલ કોરોના બાદ બધાના દિલ કાચ જેવા કચકડા ના થઈ ગયા છે.રાજ કુમાર જીવતા હોત તો એનો ડાયલોગ હોત કે 'જાની, દિલ કો દર્દ મત દો યે અજમાને કી ચીજ નહિ હે,યે બહોત સારી ગર્લ ફ્રેન્ડ કે બીચ ખુશ હે.. તુટ ગયા તો મેડી ક્લેમ સે ભી જૂડ નહિ પાયેગા.. ફેવિકલ બાકી સબ ચીજ વસ્તુઓ કી તરફ નકલી..નકલી..' ..રાજકુમાર સારું કર્યું જતા રહ્યા નહિતર એને પણ બોલીવુડ માં વિદેશી ભાષાંતર ના ડાયલોગ બોલવા પડત.. ટોમ ક્રૂઝ ના ડાયલોગ એ એના મોઢે કેવા લાગત? પનોતી ના ચક્કર માં 'મે પનોતી તુ પનોતી દુનિયા હે એક પનોતી...ડિસ્કો ૨૦૨૩'..એ મસ્ત વેગ પકડ્યો છે. ન્યુઝ મીડિયા માં 'પનોતી' શબ્દ એટલો ચર્ચાય રહીયો છે ને કે એને લીધે સ્વર્ગ ના દેવદૂત મૂંઝવણ માં પડી ગયા છે કે રાહુ કેતુ ની દીકરી પનોતી ક્યાં છુપાઈ છે?..આ બધી મજાક તો ઠીક છે પરંતુ ભારત ની જનતા શું આવા ઈમોશન્સનલ કાર્ડ માં આબાદ ફસાય છે એ સાચી વાત છે? મારું તો માનવું છે કે 'હા'..ઈન્દીરા ગાંધી ના મૃત્યુ બાદ ચારે બાજુ શીખો ની કતલ થઈ રહી હતી ત્યારે સામન્ય જનતા એ વિચાર્યું હતું કે શું કામ? ઈન્દીરા ગાંધીએ એ એના કાર્યકાળ માં એવા ક્યાં ક્યાં લોકભોગ્ય કાર્ય કર્યા હતા.આ કાર્યો ને લીધે દેશ ની મુખ્ય સમસ્યા ગરીબી,બે રોજગારી ,ગંદકી વગેરે સમસ્યા જડ થી નીકળી ગઈ હતી..ના..ના..બિલકુલ નહિ તો એના મૃત્યુ ને લોકો એ અંદર નું રાજકારણ કેમ ના માન્યું? એની હત્યા પાછળ નું મુખ્ય કારણ શું એ કેમ ના વિચાર્યું? પુનઃ બહુમતી થી કોંગ્રેસ ને કેમ જીતાડી? ભારત ની પ્રજાની પ્રજા એ વધારે લાગણીશીલ ને ભોળી છે એ આવી નકામી ઈમોશન્સનલ વાતો માં જલદી આવી જાય છે. ભારત ની આઝાદી પહેલાની અને અત્યારની મોર્ડન પ્રજા ની વિચાર શૈલી માં તસ્સસુ ભર ફર્ક આવ્યો નથી. ત્યારે તો ચૂંટણીઓ માં નેતાઓ એ કરેલ હદ બહાર ના વાદા ના ચક્કર માં ફસાઈ ને ભૂલ કર્યા કરે છે..યુવાવર્ગ ની મુખ્ય સમસ્યા સરકારી નોકરી નો પ્રશ્ન ૧૫વર્ષમાં હલ થયો છે, રોડ રસ્તા ની આસપાસ અસંખ્ય ઝૂપડ પટ્ટીઓ જોઈને નથી લાગતું કે ગરીબી શબ્દ ખુદ રડે છે. નાના મોટા કાર્ય માટે આપવી પડતી કટકી પરથી નથી લાગતુ ' ભ્રષ્ટાચાર' એ દેશ દુનિયા માં કરોડો અબજો સંપતિ એકઠી કરી મૂકી છે..ધર્મ પ્રત્યે જનુન રાખવાને બદલે લોકપ્રિય નેતા માં આસ્થા વધારે પડતી રાખીએ છીએ. મને તો એજ સમજાતું નથી કે સ્વતંત્ર ન્યુઝ પેપરો,ન્યુઝ મીડિયા ને નિયમિત ચાલુ સરકાર ના ગુણગાન કરવા મજબૂર થવું કેમ પડે છે? ..છેલ્લા ૨૦વર્ષમાં યુવા ભારતીય કેલિબર ધરવતા નાગરિકો નું વિદેશી સ્થળાંતર વધ્યું કેમ છે? આ બધા પ્રશ્નો એ 'પનોતી' શબ્દ માં ભાવુક થવા કરતા વધારે મહત્વ ના છે..અર્થ શાસ્ત્રી ચાણક્ય નું વાક્ય હતું કે 'જેનો રાજા વેપારી એની પ્રજા ભિખારી'..આ વાક્ય જન જન એ મનમાં ગળ થુથી ની જેમ ઉતારવાનો સંકલ્પ કરવો જરૂરી છે..આમ લોકોની જીવન વ્યવસ્થા મજબૂરી માં રહેતી હોય તો પ્રજા એ જ વિચારવું પડશે કે એને ચૂંટણી માં વોટ કોને કરવો?.. પનોતી એ માણસ ના અંદર ના વિચારો છે બાકી દુનિયા માં અન્ય દેશમાં રહેતા સેકડો લોકો ને કેમ નથી કશુંય નડતું? જીવન એ સુખી સંપન્ન કે દુઃખી એ હદ કરતા વધારે નબળા વિચારો ને આધીન છે.ધર્મ એ આસ્થા નું પ્રતિક છે ધર્મ ના લીધે જ માણસ નો જીવવાનો ધ્યેય નિશ્ચિત બને છે. આપણા પુરાણ,શાસ્ત્ર,વગેરે માં ક્યાંય એવું લખ્યું નથી કે માણસ ના જીવન ની સમસ્યા એ ગ્રહ,નક્ષત્ર વગેરે થી થાય છે ને દીકરો જ સ્વર્ગ નું દ્વાર મૃત સ્વજન ને દેખાડે છે..ભગવાન શ્રી કૃષ્ણ ના પત્ની સત્યભામા ને ભાઈ નહતા ને એના પિતાનું અકાળે મૃત્યુ થતાં પિતા ની ધાર્મિક વિધિ ભગવાન શ્રી કૃષ્ણ ના પુત્ર એ કરી હતી. ભગવાન એ કહ્યું છે ભાગવતજી માં કે પુત્રીનો પુત્ર પણ પોતાનો અંશ જ ગણાય છે..ભારત દેશ માં લોકોની અંધ શ્રધ્ધા અને ખાસ વ્યક્તિ ની 'અંધ ભક્તિ' જ એના જીવનની મોટા માં મોટી 'પનોતી'.. સમજશો તો સમજાઈ જશે ચૂંટણીઓ નું ચક્કર..



# રણબીરની રામાયણને મળ્યો 'રાવણ', સાઉથના સુપરસ્ટાર 'રોકી ભાઈ'ની એન્ટ્રી થઈ પાક્કી!

(એજન્સી) મુંબઈ | તા.23

ચાહકો નિતેશ તિવારી નિર્દેશિત ફિલ્મ રામાયણની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે. ફિલ્મની ઘોષણા થયા પછી તેની કાસ્ટ અને અન્ય માહિતી ધીમે ધીમે બહાર આવી રહી છે. અત્યાર સુધીમાં માત્ર રણબીર કપૂર અને સાઈ પલ્લવીના પાત્રોની પુષ્ટિ થઈ હતી. અને બીજા નામો પર માત્ર અનુમાન જ લગાવવામાં આવી રહ્યું હતું.હવે અન્ય એક અભિનેતાએ પોતાના પાત્રની પુષ્ટિ કરી છે. ઘણાં સમયથી સમાચાર આવી રહ્યા હતા કે સાઉથનો એક્ટર યશ આ ફિલ્મમાં રાવણનું પાત્ર ભજવી શકે છે. હવે અભિનેતાએ પણ આ વાતની પુષ્ટિ કરી દીધી છે, આ દરમિયાન તેણે KGFના ત્રીજા ભાગ વિશે પણ વાત કરી હતી. એક ઈન્ટરવ્યૂમાં યશે જણાવ્યું હતું કે, 'KGF 3 ચોક્કસપણે બનશે, 'હું વચન આપું છું. પરંતુ અત્યારે હું બે પ્રોજેક્ટ્સ 'ટોક્સિક' અને 'રામાયણ' પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યો છું. KGFના નિર્દેશક પ્રશાંત નીલ સાથે મારી ચર્ચા ચાલી રહી છે. પરંતુ સમય યોગ્ય હોવો જોઈએ. અમે તેના વિશે વાત કરતા રહીએ છીએ. અમારી પાસે એક શાનદાર આઈડિયા છે. અમારે તેના પર ધ્યાન કેન્દ્રિત કરવાની જરૂર છે. ફ્રેન્ચાઈઝી ત્રીજી ફિલ્મને ચાહકો માટે વધુ વિશેષ બનાવવા પર ધ્યાન કેન્દ્રિત કરી રહી છે. દર્શકોએ અમને ઘણું બધું આપ્યું છે. અમે એવી ફિલ્મ બનાવવા માંગીએ છીએ જેના પર તેઓ ગર્વ કરી શકે. રોકી ભાઈનું પાત્ર ખૂબ લોકપ્રિય બન્યું હતું.'

'રામાયણ' ફિલ્મમાં પોતાની ભૂમિકા વિશે વાત કરતાં યશે કહ્યું કે,' હું આ ફિલ્મને લઈને ખૂબ જ ઉત્સાહિત છે. પાત્રને એક પાત્રની જેમ ટ્રીટ કરવામાં આવે એ જરૂરી છે. જો આજે આવું નહીં થાય તો ફિલ્મ નહીં બને. આ પ્રકારના બજેટ સાથે ફિલ્મ બનાવવા માટે તમારે તે પ્રકારના કલાકારોને સાથે લાવવાની જરૂર છે.'આ ફિલ્મના અન્ય પાત્રોની વાત કરીએ તો રણબીર કપૂર 'રામ'ના અને સાઈ પલ્લવી 'માતા સીતા'ના રોલમાં જોવા મળશે. આ ફિલ્મમાં અભિનેતા સની દેઓલ 'હનુમાન'ના રોલમાં જોવા મળશે. આ સિવાય 'સુપર્ણખા'ના રોલ માટે કુબ્રા સેઠનું નામ અને 'કૈકેયી' માટે લારા દત્તાનું નામ સામે આવી રહ્યું છે. આ સિવાય રવિ દુબે 'લક્ષ્મણ'નું પાત્ર ભજવી શકે છે.

# બિગ બોસની વધુ એક જોડી વચ્ચે પ્રેમ પાંગર્યો, રિલેશન કર્યા કન્ફર્મ, અભિનેત્રીને પસંદ નથી બોયફ્રેન્ડનો ગુસ્સો

(એજન્સી) મુંબઈ | તા.23

'બિગ બોસ મરાઠી 5' ની સ્પર્ધક નિક્કી તંબોલી અને તેનો બોયફ્રેન્ડ અરબાઝ પટેલ અત્યારે એકબીજાને ડેટ કરી રહ્યાં છે. બંને બિગ બોસના ઘરમાં જ મળ્યા હતા. નિક્કી શો ની વિનર તો બની શકી નહીં પરંતુ લોકોના દિલને જીતી લીધા. નિક્કીએ બિગ બોસના ઘરનો અનુભવ જણાવ્યો અને તેના રિલેશનની શરૂઆત કેવી રીતે થઈ તે અંગે વાત કરી. આ સાથે જ અભિજીતને લઈને અરબાઝના ગુસ્સા વિશે પણ જણાવ્યું.નિક્કી તંબોલી અને અરબાઝ પટેલ બિગ બોસ મરાઠી 5 નો ભાગ રહી ચૂક્યા છે. બંનેએ શો ની અંદર ખૂબ સારું પ્રદર્શન કર્યું. હવે બંનેએ પોતાના રિલેશન પર મોહર લગાવી દીધી છે. તેમણે પોતાના સંબંધ વિશે વાત કરી છે અને જણાવ્યું કે તેઓ એકબીજાને પ્રેમ કરે છે. નિક્કીએ જણાવ્યું કે તે ખૂબ રિઝર્વ ટાઈપના માણસ છે દરમિયાન તેમણે શરૂઆતમાં પોતાનો પ્રેમ વ્યક્ત કર્યો નહીં. અરબાઝે જણાવ્યું કે 'મને ગુસ્સો બહુ આવે છે. જ્યારે ઘરની અંદર મને અભિજીત અને નિક્કીની વચ્ચે નિકટતા જોઈ તો હું ખૂબ ગુસ્સે થઈ ગયો હતો. હું એટલો ગુસ્સામાં હતો કે કંટ્રોલ જ કરી શક્યો નહીં અને ઘરની અંદર ખુરશી અને





કિંમતી સામાન તોડી દીધો.' નિક્કીએ જણાવ્યું કે 'હું આ વાતને લઈને એટલી ડરી ગઈ હતી કે આઘાતમાં જ જતી રહી હતી.'અરબાઝ પટેલે નિક્કીને લઈને પોતાની લાગણી વિશે વાત કરી અને જણાવ્યું કે 'જ્યારે મે અભિજીત અને નિક્કીની વચ્ચે નિકટતા જોઈ તો હું ખૂબ ગુસ્સે ભરાયો હતો. કોઈ પણ જો કોઈને પ્રેમ કરે છે તો તે પોતાના પ્રેમની પાસે કોઈ અન્ય પુરુષને સહન કરી શકતો નથી. તે મારી સાથે થયુ અને મે કાબૂ ગુમાવ્યો.'

# અનિલ કપૂરે પાનમસાલા એડની 10 કરોડની ઓફર નકારી

મુંબઈ : અનિલ કપૂરે પાન-મસાલાની વિજ્ઞાપન કરવાનો ઈનકાર કર્યો છે.અભિનેતાને આ માટે રૂપિયા ૧૦ કરોડનું મહેનતાણું મળવાનું હતું પરંતુ તેણે રૂપિયા કરતા લોકોના સ્વાસ્થ્યને મહત્વ આપીને સમાજ પ્રત્યેની પોતાની નિષ્ઠા નિભાવી છે. અહેવાલો અનુસાર અનિલ કપરને આ વિજ્ઞાપન કરવા માટે અઢળક રૂપિયા મળી રહ્યા હોવા છતાં તેણે પોતાના પ્રશંસકો અને દર્શકો પ્રત્યે પોતાની જવાબદારી નિભાવીને પબ્લિક હેલ્થને નુકસાન પહોંચાડે તેવા પ્રોડકટને સપોર્ટ કરવાનો ઈન્કાર કર્યો છે. અનિલ કપૂર પોતાના ચાહકોને ખોટો સંદેશો પહોંચાડવા માગતો નથી. તે જાણે છે કે, સેલિબ્રિટિઓના પ્રશંસકો પોતાના માનીતા કલાકારને અનુસરવાના પ્રયાસ કરતા હોય છે. તેથી જ અભિનેતાએ લોકોના સ્વાસ્થ્યને નુકસાન કરતા ખાદ્યપદાર્થોના વિજ્ઞાપનને કરવાનો ઈન્કાર કરી દીધો હોવાનું આ અહેવાલોમાં જણાવાયું છે.

# કિશોર કુમારની બાયોપિક માટે હવે આમિર ખાનને ઓફર

મુંબઈ : અનુરાગ બસુ સ્વ. અભિનેતા અને ગાયક કિશોર કુમારની બાયોપિક બનાવી રહ્યો છે. હવે આ ફિલ્મને લઈને રિપોર્ટ છે કે, અનુરાગ બસુએ કિશોર કુમારની બાયોપિક માટે આમિર ખાનનો સંપર્ક કર્યો છે. પહેલા એવા રિપોર્ટસ હતા કે ફિલ્મ નિર્માતા ભૂષણ કુમારે કિશોર કુમારની બાયોપિકમાં મુખ્ય ભૂમિકા માટે રણબીર કપૂરનો સંપર્ક કર્યો છે. પરંતુ હવે એક અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે, અનુરાગ બસુએ આમિર ખાનનો સંપર્ક કર્યો છે. અનુરાગ બસુ અને આમિર ખાન વચ્ચે એકથી વધુ બેઠકો પણ થઈ ચૂકી છે. આમિરને ફિલ્મની સ્ક્રિપ્ટ પસંદ પડી છે. આમિર પોતે પણ કિશોર કુમારનો ચાહક છે. જોકે, હજુ સુધી તેણે આ પ્રોજેક્ટ માટે આખરી સંમતિ આપી નથી. આમિર ખાને 'લાલ સિંહ ચઢ્ઢા' ફિલ્મની નિષ્ફળતા બાદ એક્ટિંગમાંથી બ્રેક લીધો હતો. પરંતુ હવે અભિનેતા બોલીવૂડમાં ફરી સક્રિય થયો છે . હાલમાં તેણે 'સિતારે ઝમીન પર'નું શૂટિંગ પૂર્ણ કર્યું છે. હવે તે 'ગઝની ટૂ' બનાવવાની પણ ફિરાકમાં છે.

# ...તો જાણીતી અભિનેત્રીને પસંદ નથી કરવાચોથ', કહ્યું - ભૂખ્યાં કેમ રહીએ? DDLJ પર કહી આ વાત

(એજન્સી) મુંબઈ | તા.23

બોલિવૂડ એક્ટ્રેસ કાજોલ હાલમાં પોતાની ફિલ્મ 'દો પત્તી'ના પ્રમોશનમાં વ્યસ્ત છે. હવે આ વચ્ચે અભિનેત્રીએ પોતાની આઈકોનિક ફિલ્મ 'દિલવાલે દુલ્હનિયા લે જાયેંગે' પર વાત કરી છે. કાજોલે શાહરૂખ ખાન સાથે ફિલ્મ 'દિલવાલે દુલ્હનિયા લે જાયેંગે'માં લીડ રોલ નિભાવ્યો હતો. 29 વર્ષ પહેલા રિલીઝ થયેલી આ આઈકોનિક ફિલ્મમાં તેના પાત્રનું નામ સિમરન હતું, જ્યારે શાહરૂખ ખાનનું નામ રાજ હતું. ભોલી અને સીધી-સાદી સિમરન ચાહકોની ફેવરિટ રહી છે. જોકે, હવે કાજોલે ખુલાસો કર્યો કે, હું સિમરનની ઘણી બધી બાબતોથી સહમત નથી. એક ઈન્ટરવ્યૂમાં કાજોલે કહ્યું કે, 'હું DDLJમાં રાજ અને સિમરનનું એક-બીજા માટે કરવાચોથનું વ્રત રાખવાથી ખાસ ખુશ નથી. હું સિમરનની ઘણી બધી બાબતોથી સહમત નથી.' તેના પર કાજોલ સાથે આવેલી કૃતિ સેનને કહ્યું કે, રાજે પણ સિમરન માટે કરવાચોથનું વ્રત રાખ્યું હતું.

તો કાજોલે જવાબ આપ્યો કે, હાં તો? મને એ નથી સમજાતું કે, લોકોએ પોતાને ભૂખ્યા કેમ રાખવા જોઈએ. ભૂખ્યાં કેમ રહીએ?અભિનેત્રીના પ્રોજેક્ટ્સની વાત કરીએ તો કાજોલ કૃતિ સેનન સાથે નેટફ્લિક્સની ફિલ્મ 'દો પત્તી'માં નજર આવશે. આ ફિલ્મ 25 ઓક્ટોબરના રોજ સ્ટ્રીમ થશે.



# હૃતિકની વૉર ટૂમાં શાહરુખ પણ પઠાણના રોલમાં દેખાશે

મુંબઈ : હૃતિક રોશન તથા કિયારા અડવાણીની ફિલ્મમાં શાહરુખ ખાનનો કેમિયો હોવાનું લગભગ નક્કી મનાય છે. શાહરુખ પોતાના 'પઠાણ' ફિલ્મના રોલમાં જ કેમિયોમાં દેખાશે.એક દાવા અનુસાર 'વોર ટૂ'ના પોસ્ટ ક્રેડિટમાં અભિનેતાની ઝલક સ્ક્રીન પર જોવા મળશે. આ પહેલાપણ શાહરૂખ ખાને સલમાન ખાનની સ્પાય થ્રીલર 'ટાઈગર ૩'માં પઠાણના લુકમાં કેમિયો કર્યો હતો. યશરાજ દ્વારા તેનું અલાયદું સ્પાય યુનિવર્સ રચવામાં આવી રહ્યું છે અને તેના



ભાગરુપે દરેક સ્પાય ફિલ્મનાં પાત્રો અન્ય સ્પાય ફિલ્મમાં દેખા દઈ રહ્યાં છે .'વોર ટૂ' ફિલ્મમાં હૃતિક રોશન અને કિયારા અડવાણી સાથે જુનિયર એનટીઆરની પણ ભૂમિકા છે.

# એક કમેન્ટથી મારું જીવન બદલાયું, મને ટોણો માર્યો...' નેશનલ ક્રશ ગણાતી સફળ અભિનેત્રીનો ઘટસ્ફોટ



(એજન્સી) મુંબઈ | તા.23

અભિનેત્રી તૃપ્તિ ડિમરીને આજે કોઈ પરિચયની જરૂર નથી, તે બોલિવૂડની પ્રતિભાશાળી અભિનેત્રીમાંથી એક છે. એક પછી એક સફળ ફિલ્મો આપીને તેણે પોતાની અભિનય ક્ષમતા અને ચાહકોમાં પોતાની સ્વીકૃતિ સાબિત કરી છે. હાલમાં અભિનેત્રી પોતાની ફિલ્મ સફરનો આનંદ માણી રહી છે. લૈલા મજનુ ફિલ્મથી કરિયરની શરૂઆત કરનારી તૃપ્તિએ કારકિર્દીના શરૂઆતના દિવસોનો ઉલ્લેખ કરતા કહ્યું કે, તે કેવી રીતે બોલિવૂડમાં મોટું નામ બનાવવા માટે મક્કમ હતી. આ દરમિયાન નેશનલ ક્રશ તૃપ્તિ ડિમરીએ એક ઘટસ્ફોટ કર્યો છે.તાજેતરના એક ઈન્ટરવ્યૂમાં તૃપ્તિ ડિમરીએ જણાવ્યું કે, કેવી રીતે એક કમેન્ટે મારામાં કંઈક કરવાનો જુસ્સો પેદા કર્યો. તેણે કહ્યું કે, 'કોઈએ મને ટોણો માર્યો અને કંઈક ખૂબ જ ખરાબ કહ્યું અને તે દિવસે મેં વિચાર્યું કે હું કંઈક કર્યા વિના શહેર છોડીશ નહીં. જ્યારે કોઈ ઈન્ડસ્ટ્રીમાં નવું હોય છે ત્યારે તે ઘણીવાર સાચા અને ખોટા વચ્ચેનો તફાવત પારખી નથી શકતું. આ કમેન્ટે મારામાં જુસ્સો પેદા કર્યો, જેના કારણે મેં મુંબઈમાં કંઈક મોટું કરવાનો સંકલ્પ લીધો.'મારી પાસે શ્વાસ લેવાનો, ખાવાનો કે સૂવાનો સમય નથીઆ વાતચીતમાં 30 વર્ષની તૃપ્તિએ ભારપૂર્વક જણાવ્યું કે, 'જે યોગ્ય છે અને એક વ્યક્તિ માટે કામ કરે છે તે અન્ય લોકો માટે જરૂરી નથી. તે દિવસોમાં ઘણી મૂંઝવણ અને અરાજકતા હતી. હજુ પણ ઘણી અંધાધૂંધી છે, પરંતુ હું તત્કાલીન પરિસ્થિતિ કરતા વર્તમાન પરિસ્થિતિને પસંદ કરું છું. હવે મારી પાસે શ્વાસ લેવાનો, ખાવાનો કે સૂવાનો સમય નથી.'

દરેક ઓડિશનમાં રિજેક્ટ કરવામાં આવતીફિલ્મ સફર દરમિયાન મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો તેનું ઉદાહરણ આપતા તૃપ્તિએ કહ્યું કે, 'એક સમયે એવા દિવસો હતા જ્યારે મારી પાસે કોઈ કામ ન હતું. મને દરેક ઓડિશનમાં રિજેક્ટ કરવામાં આવતી, જેના કારણે મને મારી પોતાની પ્રતિભા પર શંકા થઈ. ઘણી વખત એવો સમય આવ્યો કે જ્યારે મારે ન જવું જોઈતું હતું, પરંતુ કોઈક રીતે મેં જઈને રોલ મેળવ્યો.'તૃપ્તિએ વધુમાં કહ્યું કે, 'એવા પણ દિવસો હતા જ્યારે હું ઘરમાં વોલપેપર લગાવતી હતી કારણ કે મારી પાસે કંઈ કામ ન હતું. હું મારી જાતને કહેતી હતી કે એક સમય એવો આવશે કે જ્યારે મારી પાસે આવું કરવા માટેનો પણ સમય નહીં હોય, હું ખૂબ આભારી છું કે તે દિવસ આવ્યો.'

# 150 સુરક્ષા જવાનોના કાફલા સાથે સલમાનનું સિંઘમ અગેઈન માટે શૂટિંગ



મુંબઈ : બાબા સિદ્દિકીની હત્યાના પગલે 'સિંઘમ અગેઈન'માં કેમિયોનું શૂટિંગ રખડતાં અને 'સિંઘમ અગેઈન'ને સેન્સર સબમીટ કરવાની ડેટ વીતી જતાં આ ફિલ્મમાં સલમાન ખાનનો કેમિયો જ પડતો મૂકવામાં આવ્યો હોવાના અહેવાલો બાદ છેલ્લી ઘડીએ સલમાને જંગી બંદોબસ્ત સાથે આ કેમિયો માટે શૂટિંગ કરવાનું કબૂલ્યું હતું. આજે તે મુંબઈના એક ઉપનગરી વિસ્તારમાં ૩૦ પોલીસ જવાનો અને ૧૨૦ અન્ય સિક્યુરિટી જવાનોના વિશાળ કાફલા સાથે આ કેમિયોનું શૂટિંગ કરવા હાજર થયો હતો. સલમાનના શૂટિંગના સ્ટુડિયોના લોકેશન વિશે સંપૂર્ણ ગુપ્તતા જાળવવામાં આવી હતી. સેટ પરના ક્રૂ મેમ્બર્સને પણ સલમાનનું શૂટિંગ હોવાનું છેલ્લી ઘડીએ જણાવાયું હતું. તમામ ક્રૂ મેમ્બર્સને પોલીસ વેરિફિકેશન માટે તૈયાર રહેવા તથા શૂટિંગની વચ્ચે સેટ નહિ છોડવા સહિતનાં નિયંત્રણો માટે પણ તૈયાર રહેવા જણાવાયું હતું. મુંબઈ પોલીસે હાલ સલમાનને કોઈપણ શૂટિંગ ટાળવાની સલાહ આપી છે. આમ છતાં પણ સલમાન અગાઉ 'બિગ બોસ'ના શૂટિંગ માટે પણ હાજર થયો હતો. બાબા સિદ્દિકીની હત્યા થઈ તે જ અરસામાં સલમાનનું 'સિંઘમ અગેઈન'ના શૂટિંગનું શિડયૂલ ગોઠવાયું હતું. આ હત્યોને પગલે એ શિડયૂલ રખડી પડયું હતું. ફિલ્મ સેન્સર સબમીટ કરવાની ડેડલાઈન નજીક આવી જતાં હવે સલમાન શૂટિંગ નહીં કરી શકે તેમ સૌએ માની લીધું હતું. હવે સલમાનના શૂટિંગનો પાર્ટ સેન્સરને અલગથી સબમીટ કરાશે. ફિલ્મના અંતમાં સિંઘમ ચુલબુલ પાંડેને મળે છે તેવો આ કેમિયો છે. અજય દેવગણની મુખ્ય ભૂમિકા ધરાવતી ફિલ્મમાં કરીના કપૂર, અક્ષય કુમાર, રણવીર સિંહ તથા દીપિકા પાદુકોણ સહિતના કલાકારો છે.

**લગભગ રદ થઈ ગયેલો કેમિયો કરવા હાજર, 30 પોલીસ જવાનો અને 120 અન્ય સિક્યુરિટીનો સમાવેશ: સ્ટુડિયોનું લોકેશન ગુપ્ત રખાયું**

# ફેમસ સિંગર લગ્ન પહેલા થઈ પ્રેગ્નેન્ટ? ફોટો સોશિયલ મીડિયા પર થયો વાયરલ

(એજન્સી) મુંબઈ | તા.23

ડીપફેક ફોટા અને વીડિયોનો ટ્રેન્ડ વધી રહ્યો છે. તેમાં ઘણા ફેમસ સેલેબ્સના નામ સામે આવ્યા છે. આલિયા ભટ્ટથી લઈને રશ્મિકા મંદાના સુધી બધા ડીપફેકનો શિકાર બન્યા છે પરંતુ હવે 'ઈન્ડિયન આઈડલ 12'ની અરુણિતા કાંજીલાલ સાથે પણ કંઈક આવું જ થયું છે.ડીપફેક્સનો ભોગ બનેલી નવીનતમ સેલિબ્રિટી અરુણિતા કાંજીલાલ છે. સિંગરની પ્રેગ્નન્સીની ઘણી તસવીરો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ છે. અરુણિતાના ફોલોઅર્સનું માનવું હતું કે તે પ્રેગ્નેન્સીના સાતમા મહિનામાં છે પરંતુ આ સાચું નથી. અરુણિતાની પ્રેગ્નન્સી વિશે જે તસવીરો ફેલાવવામાં આવી રહી છે તે ફેક છે.અરુણિતા કાંજીલાલની ટીમે પોતાનું મૌન તોડ્યું છે અને તેના નિવેદનમાં આ દાવાઓનો જવાબ આપ્યો છે. અરુણિતાની ટીમે મીડિયાને જણાવ્યું કે આ તસવીરો સંપૂર્ણપણે બનાવટી છે. તેણે પુષ્ટિ કરી કે સિંગર પ્રેગ્નેન્ટ નથી અને આ વાતો માત્ર અફવા છે.ટીમે કહ્યું કે 'અમે ઓનલાઈન ફરતા ખોટા ફોટા અને અફવાઓથી વાકેફ છીએ. તે શરમજનક છે કે લોકો અરુણિતા વિશે આવી પાયાવિહોણી વાતો ફેલાવી રહ્યા છે. આ ચિત્રો સાચા નથી અને તેમની સાથે કોઈ સંબંધ નથી. અમે ફેન્સ અને મીડિયાને વિનંતી કરીએ છીએ કે તેઓ તેમની પ્રાઈવસીનો આદર કરે અને ખોટી માહિતી ફેલાવવાનું ટાળે.જ્યારે સિંગરની પ્રતિક્રિયા વિશે પૂછવામાં આવ્યું ત્યારે તેને કહ્યું કે અરુણિતા હંમેશા પ્રાઈવેટ પર્સન રહી છે અને તેના જીવનને લોકોની નજરથી દૂર રાખવાનું પસંદ કરે છે. અગાઉ પવનદીપ સાથેના તેના ફોટા વાયરલ થયા હતા, જેમાં તેમના લગ્નના ફોટા જોવા મળી રહ્યા છે. બંનેએ હંમેશા કહ્યું છે કે તેઓ માત્ર સારા મિત્રો છે, પરંતુ તેમના લગ્નની નકલી તસવીરો ઘણીવાર ઈન્ટરનેટ પર ફરતી રહે છે.'ઈન્ડિયન આઈડલ સીઝન 12' વિશે વાત કરીએ તો, આ શો આદિત્ય નારાયણ દ્વારા હોસ્ટ કરવામાં આવ્યો હતો, જ્યારે અનુ મલિક, સોનુ કક્કર અને હિમેશ રેશમિયા જજ હતા. અરુણિતાને તેના ગીત 'મેરા કુછ સામાન' માટે યાદ કરવામાં આવે છે, જે તેને તેના પિતાને સમર્પિત કર્યું હતું. તેના અવાજની ઘણીવાર શ્રેયા ઘોષાલ સાથે સરખામણી કરવામાં આવી છે. અરુણિતાએ ઉત્તરાખંડના પવનદીપ રાજન સાથે ઘણી વખત પરફોર્મ કર્યું છે. આ તસવીરો ડીપ ફેક છે અથવા એઆઈ દ્વારા બનાવવામાં આવી છે.

# શ્વેતા તિવારીએ કર્યા ત્રીજા લગ્ન? કરવા ચોથ પર કર્યું આ કામ

(એજન્સી) મુંબઈ | તા.23

ટીવી ઈન્ડસ્ટ્રી અને ભોજપુરી ફિલ્મોમાં પોતાની જોરદાર એક્ટિંગ અને ડાન્સનો જાદુ ફેલાવનાર એક્ટ્રેસ શ્વેતા તિવારીની સુંદરતાના વખાણ કરતા ફેન્સ ક્યારેય થાકતા નથી. 44 વર્ષની ઉંમરમાં પણ શ્વેતા તિવારી લોકોને પોતાના દિવાના બનાવી રહી છે.શ્વેતા તિવારીએ ફરી એકવાર સાબિત કરી દીધું છે કે સુંદરતાના મામલે તે કોઈપણ હિરોઈનને માત આપી શકે છે. તાજેતરમાં જ કરવા ચોથના અવસર પર શ્વેતા તિવારી જાંબલી રંગના લહેંગામાં જોવા મળી હતી.

શ્વેતા તિવારીનો આ લુક સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. જો લોકોનું માનીએ તો તે લહેંગામાં ધૂમ મચાવી રહી હતી. એક્ટ્રેસે તેના ઈન્સ્ટાગ્રામ પોસ્ટમાં અદભૂત જાંબલી રંગના લહેંગા પહેરેલા ઘણા ફોટા શેર કર્યા છે. તેના નવા ફોટામાં શ્વેતા તિવારીની ગ્લેમર સ્ટાઈલ સ્પષ્ટ રીતે જોવા મળી રહી છે.શ્વેતા તિવારીના જાંબલી રંગના લહેંગાને મોતી, ક્રિસ્ટલ અને સિક્વિન્સથી તૈયાર કરવામાં આવ્યો છે, જેમાં તેનો રોયલ લુક જોવા મળી રહ્યો હતો. આ સાથે શ્વેતાએ જોરદાર ભરતકામ કરેલું બ્લાઉઝ પસંદ કર્યું. બ્લાઉઝમાં સિલ્વર એમ્બ્રોઈડરી છે. ટ્રેડિશનલ લુકમાં પણ એક્ટ્રેસની બોલ્ડ ફેશન દરેકને પસંદ આવી રહી છે.

આ પહેલા કરવા ચોથના દિવસે શ્વેતા તિવારીએ પિંક સાડી પહેરીને ફોટો શેર કર્યો હતો. આ તસવીરો જોઈને લોકોએ એક્ટ્રેસને ઘણા અજીબ સવાલ પૂછ્યા. શ્વેતાને પૂછવામાં આવ્યું કે તેણે કોના માટે કરવા ચોથનું વ્રત રાખ્યું છે. ઘણા લોકો તેના ગુપ્ત ત્રીજા લગ્ન વિશે પણ વાત કરી રહ્યા હતા.શ્વેતા તિવારીના પહેલા 2 લગ્ન થયા છે. શ્વેતા તિવારી સોશિયલ મીડિયા પર ખૂબ જ એક્ટિવ છે.

# સંજુએ કહ્યું- હું T20 વર્લ્ડ કપની ફાઈનલ રમવાનો હતો




(એજન્સી) નવી દિલ્હી તા 23

ભારતીય વિકેટકીપર-બેટર સંજુ સેમસને તાજેતરમાં કહ્યું હતું કે તે નક્કી કરવામાં આવ્યું છે કે તે T20 વર્લ્ડ કપ 2024ની ફાઈનલમાં રમશે. પરંતુ ટૉસની 10 મિનિટ પહેલા રોહિત શર્માએ તેને કહ્યું કે તે ટીમની બહાર છે. સંજુએ વિમલ કુમારની યુટ્યુબ ચેનલ પર આપેલા ઈન્ટરવ્યૂમાં કહ્યું કે, હું આનાથી નિરાશ થયો હતો, પરંતુ રોહિત શર્માના સમજાવવાની રીતને કારણે હું સંમત થઈ ગયો અને તેના પ્રત્યે મારું સન્માન વધુ વધ્યું. સેમસન આ દિવસોમાં રણજી ટ્રોફીમાં કેરળ તરફથી રહ્યો છે. મને ફાઈનલની સવારે તૈયાર રહેવાનું કહેવામાં આવ્યું હતું તાજેતરમાં જ T-20માં પોતાની પ્રથમ સદી ફટકારનાર સંજુએ કહ્યું, 'મને ફાઈનલમાં સવારે બાર્બાડોસમાં રમવાની તક મળી રહી હતી. મને તૈયાર રહેવાનું કહેવામાં આવ્યું. હું તૈયાર હતો પરંતુ ટૉસ પહેલાં મને કહેવામાં આવ્યું હતું કે અમે કોઈપણ ફેરફાર કર્યા વિના જઈશું. હું આનાથી નિરાશ થયો. વોર્મ-અપ ચાલતું હતું ત્યારે રોહિત ભાઈ આવ્યા અને મને એક બાજુ લઈ ગયા અને મને સમજાવવા લાગ્યા કે હું આવો નિર્ણય કેમ લઈ રહ્યો છું. સંજુએ આગળ કહ્યું, તેણે મને સમજાવ્યું અને ખૂબ જ કેઝ્યુઅલ રીતે કહ્યું, 'સંજુ, તું સમજી ગયો?', મેં કહ્યું - હું બિલકુલ સમજી ગયો. ચાલો મેચ રમીએ, પછી જીત્યા પછી વાત કરીશું. આ પછી ભારતીય કેપ્ટને કહ્યું, ના તમે મને તમારા મનમાં ઘણું કહી રહ્યા છો. મને લાગે છે કે તમે ખુશ નથી. તમારા મનમાં કંઈક છે. સંજુએ કહ્યું, 'ના, ના રોહિત ભાઈ, એવું કંઈ નથી.' આ પછી અમારી વચ્ચે ફરી વાતચીત શરૂ થઈ અને તેમણે કહ્યું કે જો તમે મને ખેલાડી તરીકે પૂછો તો મારે રમવું પડશે.મારું બાળપણથી જ સપનું હતું કે ભારત માટે વર્લ્ડ કપ રમું: સેમસન સેમસને કહ્યું કે તેને માત્ર એક જ ની કપ્તાનીમાં વર્લ્ડ કપની ફાઈનલ રમી શક્યો નથી. પરંતુ તે ખુશ છે કે રોહિતે અન્ય ખેલાડીઓ પર ધ્યાન છોડી દીધું અને મેચ પહેલા તેને સમજાવ્યું, આ વાત તેના દિલને સ્પર્શી ગઈ. તેણે રોહિતને કહ્યું કે બાળપણથી જ મારું સપનું હતું કે ભારત માટે વર્લ્ડ કપ રમું. હું તમારા નિર્ણયનું સન્માન કરું છું.

# બ્રિટનના પૂર્વ વડાપ્રધાને કોહલીના વખાણ કર્યા

(એજન્સી) લંડન તા 23



બ્રિટનના પૂર્વ વડાપ્રધાન ડેવિડ કેમરૂને ભારતીય ક્રિકેટર વિરાટ કોહલીના વખાણ કર્યા છે. NDTV વર્લ્ડ સમિટમાં બોલતા કેમરૂને કહ્યું- હું વિરાટ કોહલીનો ફેન છું. તેમની લીડરશિપ ક્વોલિટી ઉત્તમ છે. ધ ઈન્ડિયા સેન્ચ્યુરીના આ સમિટમાં જ્યારે કેમરૂનને તેમના ફેવરિટ ક્રિકેટર વિશે સવાલ પૂછવામાં આવ્યો તો તેમણે કહ્યું- જ્યારે હું મોટો થઈ રહ્યો હતો ત્યારે મને ભારતના બિશન સિંહ બેદી ખૂબ જ ગમતા હતા. આ પછી મને રાહુલ દ્રવિડની બેટિંગ પણ ખૂબ જ ગમી. તેમણે ઈંગ્લેન્ડ સામે શાનદાર સદી ફટકારી હતી. મને તે સારી રીતે યાદ છે. મને તેમની બેટિંગ ગમી હતી. કેમરૂને કહ્યું કે જ્યારે તે મોટો થઈ રહ્યો હતો ત્યારે તેમને બિશન સિંહ બેદી અને પછી રાહુલ દ્રવિડ પસંદ હતા. કેમરૂને કહ્યું કે જ્યારે તે મોટો થઈ રહ્યો હતો ત્યારે તેમને બિશન સિંહ બેદી અને પછી રાહુલ દ્રવિડ પસંદ હતા. જે રીતે સ્ટોક્સ કેપ્ટન હતો, કોહલીએ પણ એવું જ કર્યું

કેમરૂને વિરાટ કોહલીને મહાન ખેલાડી ગણાવ્યો હતો. તેમણે કોહલી વિશે કહ્યું કે- તમે જોઈ શકો છો કે આ સમયે જે રીતે બેન સ્ટોક્સ અમારી (ઇંગ્લેન્ડ) ટીમની કેપ્ટનશિપ કરી રહ્યા છે, તે જ રીતે કોહલી પણ કેપ્ટનશિપ કરી રહ્યો હતો. આ બંનેએ મેદાન પર શાનદાર નેતૃત્વ દેખાડ્યું છે.વિરાટ કોહલી હાલમાં ભારત અને ન્યૂઝીલેન્ડ સાથેની સિરીઝમાં ભાગ લઈ રહ્યો છે. જ્યારે બેન સ્ટોક્સ પાકિસ્તાન સાથેની સિરીઝમાં કેમરૂને ભારતીય મૂળના બ્રિટિશ ખેલાડીઓ અંગે પણ પોતાના વિચારો વ્યક્ત કર્યા હતા.

# પંત અને ગિલ પુણે ટેસ્ટ માટે ઉપલબ્ધ રહેશે



(એજન્સી)પૂર્ણે તા 23

ભારતીય વિકેટકીપર-બેટર રિષભ પંત અને યુવા બેટર શુભમન ગિલ બંને ન્યૂઝીલેન્ડ સામેની બીજી ટેસ્ટ માટે ઉપલબ્ધ રહેશે. પંતને પહેલી ટેસ્ટના બીજા દિવસે ઘૂંટણમાં ઈજા થઈ હતી. ગિલ તેની ગરદનમાં જકડાઈ જવાની ફરિયાદ કરી રહ્યો હતો. તે પ્રથમ ટેસ્ટમાં રમ્યો ન હતો. ભારતના આસિસ્ટન્ટ કોચ રેયાન ટેન ડોશેટે મંગળવારે કહ્યું, રિષભ એકદમ ઠીક છે. મને લાગે છે કે રોહિત (શર્મા)એ બીજા દિવસે તેના વિશે વાત કરી હતી. તેને ઘૂંટણની હિલચાલમાં થોડી તકલીફ થઈ રહી હતી. પરંતુ, આશા છે કે તે પુણે ટેસ્ટમાં રમવા માટે ફિટ થઈ જશે. પંતને તે જ ઘૂંટણમાં ઈજા થઈ હતી જેની સર્જરી થઈ હતી પંતને બેંગલુરુમાં રમાયેલી શ્રેણીની પ્રથમ ટેસ્ટના બીજા દિવસે ઘૂંટણમાં ઈજા થઈ હતી, ત્યારબાદ તેણે મેદાન છોડી દીધું હતું. આ પછી ધ્રુવ જુરેલે કીપીંગ કર્યું હતું. જોકે પંત ઈજાગ્રસ્ત થયા બાદ રમ્યો નહોતો, પરંતુ તે ભારતની બીજી ઈનિંગમાં બેટિંગ કરવા મેદાનમાં આવ્યો હતો. તેણે 99 રનની ઈનિંગ રમી હતી. કાર અકસ્માત બાદ પંતને તે જ ઘૂંટણમાં ઈજા થઈ હતી જેના પર સર્જરી કરવામાં આવી હતી. બેંગલુરુ ટેસ્ટ બાદ ભારતીય કેપ્ટન રોહિત શર્માએ પંતની ઈજા અંગે કહ્યું કે, તેના ઘૂંટણની મોટી સર્જરી કરવામાં આવી છે. તે ક્યાં છે અને તે આપણા માટે શું છે તે વિશે આપણે થોડું ધ્યાન રાખવું મહત્વપૂર્ણ છે. જ્યારે તે બેટિંગ કરતો હતો ત્યારે તે મુક્તપણે દોડતો નહોતો. જ્યારે તમે કીપિંગ કરો છો, ત્યારે તમારે દરેક બોલ પર તમારા ઘૂંટણ સાથે ઉપર અને નીચે જવું પડશે.

# રાહુલની અત્યારે સાડાસાતી ચાલે છે!:LSG તેના કેપ્ટનનું પત્તું કાપી શકે છે




(એજન્સી) લખનઉ તા 23

એક ખેલાડી તરીકે તમારે સતત પરફોર્મન્સ આપવું પડતું હોય છે. એ પછી તમે એક ખેલાડી તરીકે રમો કે કેપ્ટન તરીકે. તમારી ટીમને રિઝલ્ટ જોઈએ છે. ક્રિકેટ એ એક ટીમ ગેમ છે અને તેમાં પણ જો પરફોર્મન્સ સારું ન હોઈ તો ભારત જેવા આટલા મોટા દેશમાં દરેક પ્લેયરનું પત્તું ગમે ત્યારે કપાઈ શકે છે. આવું જ અત્યારે કેએલ રાહુલ સાથે થઈ રહ્યું છે. એક તરફ એવા સમાચાર આવે છે કે કેએલ રાહુલને બીજી ટેસ્ટમાંથી પડતો મુકવામાં આવી શકે છે. તો બીજી તરફ હવે IPLને લગતા અહેવાલોમાં જણાવવામાં આવ્યું છે કે LSG તેને રિલીઝ કરી શકે છે. મતલબ કે મેગા ઓક્શનમાં લખનઉ સુપરજાયન્ટ્સ રાહુલને રિટન નહીં કરે. લખનઉ સુપર જાયન્ટ્સના એક અધિકારીએ કહ્યું છે કે અમારી રિટેન્શન લિસ્ટ હજુ તૈયાર થઈ નથી. અમે 29 ઓક્ટોબરે અમારી યાદી જાહેર કરીશું. જ્યાં સુધી સ્ટ્રાઈક રેટની વાત છે તો તેને કેપ્ટન બનાવતા પહેલા જ તેનો સ્ટ્રાઈક રેટ ખરાબ હતો. એક રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો છે કે ફ્રેન્ચાઈઝી રાહુલને રિલીઝ કરવા જઈ રહી છે. IPLનું મેગા ઓક્શન નવેમ્બર કે ડિસેમ્બરમાં થઈ શકે છે, જોકે ઓક્શનની તારીખ અને સ્થળ હજુ નક્કી કરવામાં આવ્યું નથી.

રિટેન્શનનો અર્થ એ છે કે જે ખેલાડીઓના નામ આ યાદીમાં રહેશે તેમને ઓક્શન કરવામાં આવશે નહીં. તે ફ્રેન્ચાઈઝીનો હિસ્સો બનવાનું ચાલુ રાખશે.

તો, મુંબઈ ઈન્ડિયન્સ IPLમાં ભારતીય કેપ્ટન રોહિત શર્મા, જસપ્રીત બુમરાહ, સૂર્યકુમાર યાદવ અને હાર્દિક પંડ્યાને રિટેન કરી શકે છે. ફ્રેન્ચાઈઝીના એક સૂત્રએ ભાસ્કરને જણાવ્યું હતું કે મેનેજમેન્ટ આ ચારને રિટેન રાખવાનું વિચારી રહ્યું છે.

IPL-2024નું મેગા ઓક્શન નવેમ્બર-ડિસેમ્બરમાં થઈ શકે છે. તેની ઈવેન્ટની તારીખ અને સ્થળ હજુ નક્કી કરવામાં આવ્યું નથી.

IPL-2024નું મેગા ઓક્શન નવેમ્બર-ડિસેમ્બરમાં થઈ શકે છે. તેની ઈવેન્ટની તારીખ અને સ્થળ હજુ નક્કી કરવામાં આવ્યું નથી. TOI, તેના અહેવાલમાં સૂત્રોને ટાંકીને દાવો કર્યો છે કે લખનઉ સુપર જાયન્ટ્સ ભારતીય બેટર કેએલ રાહુલને રિલીઝ કરવા જઈ રહી છે. ફાસ્ટ બોલર મયંક યાદવ, રવિ બિશ્નોઈ અને નિકોલસ પૂરનને રિટેન કરી શકે છે. LSGના સોર્સના આધારે, અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે ટીમના મેન્ટર ઝહીર ખાન અને કોચ જસ્ટિન લેંગરે કેએલ રાહુલના આંકડાઓનું એનાલિસિસ કર્યું છે. તે રમતની ગતિ સાથે મેળ ખાતો નથી.

ઈમ્પેક્ટ પ્લેયરના નિયમ સાથે સ્કોર વધુ થઈ રહ્યો છે. ટૉપ ઓર્ડરનો ટોચનો પ્લેયર રમવા માટે આટલો સમય લે તે પરવડી શકે નહીં. ફ્રેન્ચાઈઝીએ રાહુલ પર બોલી લગાવવાની વાતને નકારી નથી. છેલ્લી ત્રણ સિઝનમાં કેએલ રાહુલે 1410 રન બનાવ્યા છે અને તેનો સ્ટ્રાઈક રેટ 130.65 રહ્યો છે. રાહુલે 2022ની સિઝનમાં બે સદી ફટકારી હતી.

# કોમનવેલ્થ ગેમ્સમાં ભારતને નુકસાન

(એજન્સી) એડિનબર્ગ તા 23

2026માં ગ્લાસગોમાં યોજનારી કોમનવેલ્થ ગેમ્સમાંથી બેડમિન્ટન, શૂટિંગ, ક્રિકેટ, હોકી, સ્ક્વોશ, ટેબલ ટેનિસ, કુસ્તી, ટ્રાયથલોન અને તીરંદાજીને બાકાત રાખવામાં આવ્યા છે. ગ્લાસગો કોમનવેલ્થમાં માત્ર 10 ઈવેન્ટ થશે. જેમાં એથ્લેટિક્સ, સ્વિમિંગ, આર્ટિસ્ટિક જિમ્નેસ્ટિક્સ, ટ્રેક સાઈકલિંગ, નેટબોલ, વેઈટલિફ્ટિંગ, બોક્સિંગ, જુડો, બાઉલ્સ અને બાસ્કેટબોલનો સમાવેશ થાય છે. આ તમામ કાર્યક્રમો ચાર સ્થળોએ થશે. આ સિવાય પેરા ખેલાડીઓ માટે પણ ઈવેન્ટ્સ યોજાશે. અગાઉ આ કોમનવેલ્થ ગેમ્સ ઓસ્ટ્રેલિયામાં યોજાવાની હતી. ગયા વર્ષે ઓસ્ટ્રેલિયન સરકારે આ કાર્યક્રમનું આયોજન કરવાનો ઈનકાર કર્યો હતો. આ પછી ગ્લાસગો (સ્કોટલેન્ડ)માં ગેમ્સ યોજવાનું નક્કી કરવામાં આવ્યું.



બર્મિંગહામમાં 19 રમતો રમાઈ હતી છેલ્લી કોમનવેલ્થ ગેમ્સ (2022માં) ઈંગ્લેન્ડના બર્મિંગહામમાં યોજાઈ હતી. તેમાં 19 રમતોનો સમાવેશ થતો હતો. ભારતે અહીં 12 રમતોમાં મેડલ જીત્યા હતા. બર્મિંગહામ ગેમ્સમાં તીરંદાજી અને શૂટિંગનો સમાવેશ કરવામાં આવ્યો ન હતો.ભારતે કુસ્તીમાં કુલ 114 મેડલ જીત્યા છે. જેમાં 49 ગોલ્ડ, 39 સિલ્વર અને 26 બ્રોન્ઝનો સમાવેશ થાય છે. ભારતે મેન્સ હોકીમાં અત્યાર સુધીમાં 3 સિલ્વર અને 2 બ્રોન્ઝ મેડલ જીત્યા છે. મહિલા ટીમે ઈતિહાસ રચ્યો હતો અને 2002માં ગોલ્ડ જીત્યો હતો. મહિલા હોકી ટીમે કોમનવેલ્થમાં 3 મેડલ જીત્યા છે.

# લિસ્ટ-Aમાં ન્યૂઝીલેન્ડના બોવેસે સૌથી ઝડપી બેવડી સદી ફટકારી

(એજન્સી)ન્યૂઝીલેન્ડ તા 23

ન્યૂઝીલેન્ડનો બેટર ચેડ બોવેસ લિસ્ટ Aમાં સૌથી ઝડપી બેવડી સદી ફટકારનાર બેટર બની ગયો છે. ન્યૂઝીલેન્ડની ડોમેસ્ટિક ટુર્નામેન્ટ ફોર્ડ કપમાં કેન્ટરબરી કિંગ્સ તરફથી રમતા ચાડ બોવેસે ઓટાગો વોલ્ટ્સ સામેની મેચમાં 103 બોલમાં ડબલ સેન્ચુરી ફટકારી હતી. તેણે 110 બોલનો સામનો કર્યો અને 205 રન બનાવ્યા. તેની પહેલાં આ રેકોર્ડ ઓસ્ટ્રેલિયાના ટ્રેવિસ હેડ અને ભારતીય બેટર એન જગદીશનના નામે હતો. બંનેએ 114 બોલમાં ડબલ સેન્ચુરી ફટકારી છે. ફોર્ડ કપ ટુર્નામેન્ટમાં બીજીવાર બેવડી સદી ફટકારી ફોર્ડ કપ ટુર્નામેન્ટમાં બીજી વખત બેવડી સદી ફટકારી. ચૅડ બોવેસ પહેલાં, જેમી હાઉએ 2012-13માં સેન્ટ્રલ સ્ટેગ્સ માટે 222 રન બનાવ્યા હતા. સાઉથ આફ્રિકામાં જન્મેલા બોવેસે 2015માં ન્યૂઝીલેન્ડ જતા પહેલા પ્રોટીઝ અંડર-19 ટીમ સાથે તેની કારકિર્દીની શરૂઆત કરી હતી. તેણે 2012ના અંડર-19 વર્લ્ડ કપમાં સાઉથ આફ્રિકાની આગેવાની સંભાળી હતી અને તે ટુર્નામેન્ટમાં તે સૌથી વધુ રન બનાવનાર ખેલાડીઓમાંનો એક હતો.



## બોવેસે માત્ર 53 બોલમાં પોતાની સદી ફટકારી હતી

બોવેસે માત્ર 53 બોલમાં પોતાની સદી ફટકારી હતી. ટુર્નામેન્ટના ઈતિહાસમાં આ પાંચ સૌથી ઝડપી સદીઓમાંની એક છે. સૌથી ઝડપી સદીનો રેકોર્ડ ન્યૂઝીલેન્ડના પૂર્વ કેપ્ટન રોસ ટેલરના નામે છે. તેણે 2021/22માં સેન્ટ્રલ સ્ટેગ્સ માટે 49 બોલમાં સદી ફટકારી હતી.

# રિષભ પંતે કોહલીને પાછળ છોડી દીધો

(એજન્સી) પૂર્ણે તા 23

ટીમ ઈન્ડિયાના વિકેટકીપર બેટ્સમેન રિષભ પંતને પુણે ટેસ્ટ પહેલા એક સારા સમાચાર મળ્યા છે. આ ખેલાડીએ ICC ટેસ્ટ રેન્કિંગમાં વિરાટ કોહલીને પાછળ છોડી દીધો છે. આ ખેલાડી પર IPL સાથે જોડાયેલા મોટા સમાચાર પણ સામે આવ્યા છે. ટીમ ઈન્ડિયાનો વિકેટકીપર બેટ્સમેન રિષભ પંત ફરી એકવાર દમદાર ફોર્મમાં છે. બાંગ્લાદેશ સામે ટેસ્ટ સદી ફટકાર્યા બાદ હવે આ ખેલાડીએ ન્યુઝીલેન્ડ સામે પણ શાનદાર ઈનિંગ રમી છે. જો કે તે માત્ર એક રનથી સદી ચૂકી ગયો હતો, રિષભ પંતને 99 રન બનાવીને મોટો ફાયદો થયો હતો. પૂણે ટેસ્ટ પહેલા ICC રેન્કિંગ જાહેર કરવામાં આવ્યું છે જેમાં આ ખેલાડીએ વિરાટ કોહલીને પાછળ છોડી દીધો છે. બેટ્સમેનોની રેન્કિંગમાં રિષભ પંત છઠ્ઠા સ્થાને આવી ગયો છે. તે વિરાટ કોહલીથી બે સ્થાન ઉપર છે. વિરાટ કોહલી આઠમાં સ્થાને છે. ICC રેન્કિંગમાં ભારતનો સર્વશ્રેષ્ઠ ટેસ્ટ બેટ્સમેન યશસ્વી જયસ્વાલ છે, જે ચોથા સ્થાને છે.પંત વિશે વધુ એક મોટા સમાચાર સામે આવ્યા છે જે ખરેખર ચોંકાવનારા છે. IPL 2025ની હરાજી પહેલા રિટેન્શનની તારીખ નજીક આવી રહી છે અને તે પહેલા સમાચાર સામે આવી રહ્યા છે કે RCBની નજર રિષભ પંત પર છે.




# ન્યૂઝીલેન્ડે સેન્ટનરને ODI અને T-20 ટીમનો કેપ્ટન બનાવ્યો

(એજન્સી) ન્યૂઝીલેન્ડ તા 23

ન્યૂઝીલેન્ડે આવતા મહિને શ્રીલંકા સામે 3 ODI અને 2 T20 સિરીઝના પ્રવાસ માટે ટીમની જાહેરાત કરી છે. ટીમની આગેવાની મિચેલ સેન્ટનરને સોંપવામાં આવી છે. કિવી ટીમ ભારત સાથે ટેસ્ટ સિરીઝ રમ્યા બાદ શ્રીલંકાનો પ્રવાસ કરવાની છે. હાલમાં ન્યૂઝીલેન્ડની ટીમ ભારતના પ્રવાસે છે. અહીં કિવીઝે ત્રણ ટેસ્ટ મેચની સિરીઝ રમવાની પણ લીધી 15 જુલાઈ 1998ના રોજ ડ્યુનેડિન, ઓટાગોમાં જન્મેલા નાથન સ્મિથે અત્યાર સુધી ડોમેસ્ટિક ક્રિકેટમાં 3296 રન બનાવ્યા છે, જ્યારે 264 વિકેટ લીધી છે. તેણે 53 ફર્સ્ટ ક્લાસ, 46 લિસ્ટ A અને 60 T20 મેચ રમી છે. તેણે ફર્સ્ટ ક્લાસમાં 1919 રન, લિસ્ટ Aમાં 872 રન અને T-20માં 505 રન બનાવ્યા છે. જ્યારે તેણે ફર્સ્ટ ક્લાસમાં 144, લિસ્ટ Aમાં 55 અને T-20માં 65 વિકેટ લીધી છે. મિશેલ સેન્ટનર (કેપ્ટન), માઈકલ બ્રેસવેલ, માર્ક ચેપમેન, જોશ ક્લાર્કસન, જેકબ ડફી, લોકી ફર્ગ્યુસન, જેક ફોલ્કેસ, ડીન ફોક્સક્રોફ્ટ, મિશેલ હે, હેનરી નિકોલ્સ, ગ્લેન ફિલિપ્સ, ટિમ રોબિન્સન, નાથન સ્મિથ, ઈશ સોઢી, વિલ યંગ. નાથન સ્મિથને 2024માં ડોમેસ્ટિક અવોર્ડ મળ્યો હતો નાથન સ્મિથને આ વર્ષે માર્ચમાં ANZ ન્યૂઝીલેન્ડ ક્રિકેટ અવોર્ડ્સમાં ન્યૂઝીલેન્ડ ક્રિકેટના મેલ ડોમેસ્ટિક પ્લેયર ઓફ ધ યરનો ખિતાબ મળ્યો હતો.




## મિશેલે 19 ફર્સ્ટ ક્લાસ મેચ રમી છે

કેન્ટરબરીમાં 20 ઓગસ્ટ 2000ના રોજ જન્મેલા મિશેલ હેએ અત્યાર સુધીમાં 19 ફર્સ્ટ ક્લાસ, 20 લિસ્ટ A અને 28 T20 મેચ રમી છે. જેમાં તેણે ફર્સ્ટ ક્લાસમાં 1244 રન, વન-ડેમાં 410 રન અને T20માં 308 રન બનાવ્યા હતા. વિકેટ પાછળના તેના પ્રદર્શનની વાત કરીએ તો તેણે ફર્સ્ટ ક્લાસમાં 61, વન-ડેમાં 15 અને T20માં 15 કેચ પકડ્યા છે.

# ગંભીરે: પ્લેઇંગ-11 સોશિયલ મીડિયાથી નથી થતી

(એજન્સી) પુણે તા 23




ભારતીય કોચ ગૌતમ ગંભીરે કેએલ રાહુલનો બચાવ કર્યો છે અને કહ્યું છે કે ટીમના પ્લેઇંગ-11નો નિર્ણય સોશિયલ મીડિયાથી નથી થતો. તેથી સોશિયલ મીડિયા નિષ્ણાતો શું વિચારે છે તે મહત્વનું નથી. મેનેજમેન્ટ શું વિચારે છે તે મહત્વનું છે. તે સારી બેટિંગ કરી રહ્યો છે અને કાનપુરમાં (બાંગ્લાદેશ સામે મુશ્કેલ વિકેટ પર) સારી ઈનિંગ રમી છે. મુખ્ય કોચે એમ પણ કહ્યું કે મેનેજમેન્ટ કેએલ રાહુલનું સમર્થન કરશે. 24 ઓક્ટોબરથી પુણેમાં રમાનારી બીજી ટેસ્ટ પહેલા ગંભીર મીડિયા સાથે વાત કરી રહ્યો હતો. તેમને કેએલ રાહુલની પસંદગી અંગે પૂછવામાં આવ્યું હતું. રાહુલ બેંગલુરુ ટેસ્ટની 2 ઈનિંગ્સમાં માત્ર 12 રન જ બનાવી શક્યો હતો. તે પ્રથમ દાવમાં શૂન્ય પર આઉટ થયો હતો અને ભારતીય ટીમ તે મેચ 8 વિકેટથી હારી ગઈ હતી. આ પછી સોશિયલ મીડિયા પર કેએલ રાહુલની ટીકા થઈ રહી હતી. પંત એકદમ ઠીક, આવતીકાલે વિકેટકીપિંગ કરશે પંતની ફિટનેસ પર પૂછવામાં આવેલા સવાલ પર ગંભીરે કહ્યું કે તે (રિષભ પંત) એકદમ ઠીક છે, તે આવતીકાલે વિકેટકીપિંગ કરશે. બેંગલુરુ ટેસ્ટ દરમિયાન પંતને જમણા ઘૂંટણ પર બોલ વાગ્યો હતો, જેના કારણે તેણે મેદાન છોડવું પડ્યું હતું. પંતની જગ્યાએ ધ્રુવ જુરેલે વિકેટકીપિંગ કર્યું હતું.

ટીમ કોમ્બિનેશન પર ગંભીરે કહ્યું- ટેસ્ટ મેચ માટે પ્લેઇંગ-11 પસંદ કરવું હંમેશા મુશ્કેલ હોય છે. આમાં સ્પર્ધા હોય તો સારું.

જ્યારે ગિલ વિશે પૂછવામાં આવ્યું તો ગંભીરે કહ્યું- તે (શુભમન ગિલ) સારા ફોર્મમાં છે. અમે હજુ સુધી પ્લેઇંગ-11 નક્કી નથી કર્યું. ગિલ ઈજાના કારણે છેલ્લી મેચ રમી શક્યો ન હતો. વોશિંગ્ટન સુંદરની પસંદગી પર ગંભીરે કહ્યું- ન્યૂઝીલેન્ડમાં ઘણા લેફ્ટી છે. અમને કોઈ એવી વ્યક્તિની જરૂર હતી જે બોલને તેમનાથી દૂર રાખી શકે. અમે પ્લેઇંગ-11 નક્કી નથી કર્યું, પરંતુ તે એક સારો વિકલ્પ છે. ભારતીય ટીમ ન્યૂઝીલેન્ડ સામેની 3 ટેસ્ટ મેચની સિરીઝમાં 1-0થી પાછળ છે. 16 ઓક્ટોબરથી બેંગલુરુમાં રમાયેલી પ્રથમ મેચમાં ટીમને 8 વિકેટે હારનો સામનો કરવો પડ્યો હતો.

# લાઈવ મેચમાં ગોળીનો વરસાદ થતા 5 લોકોના મોત

(એજન્સી) જમૈકા તા 23

જમૈકામાં કિંગ્સ્ટનના રૉકફોર્ટ સ્થિત પ્લીઝેટ હાઈટ્સમાં એક ફુટબોલ મેચ દરમિયાન ગોળીબારની ઘટના બની હતી. આ ઘટનામાં 5 લોકોના મોતના સમાચાર સામે આવી રહ્યા છે. અનેક લોકો ઘાયલ પણ થયા છે. પોલીસે આ ઘટના બાદ આ વિસ્તારમાં 48 કલાકનું કર્ફ્યુ પણ લગાવી દીધું છે, ફુટબોલ જગત સાથે જોડાયેલી એક મોટી ઘટના સામે આવી રહી છે. જમૈકામાં એક ફ્રેન્ડલી ફુટબોલ મેચ દરમિયાન દિલને હચમચાવી નાખનારી ઘટના સામે આવી છે. મેદાનમાં અનેક વખત એવું જોવા મળે છે કે, ચાહકો ટીમને સપોર્ટ કરવા માટે આમને-સામે આવી જાય છે અને ટકકર થઈ જાય છે. પરંતુ કિંગ્સ્ટનના રોકફોર્ટ સ્થિત પ્લીઝેટ હાઈટ્સમાં એક ફુટબોલ મેચ દરમિયાન ગોળીનો વરસાદ થયો હતો. આ દરમિયાન 5 લોકોના ઘટના સ્થળે જ મોત થયા છે. અનેક લોકો ઘાયલ થયાના પણ સમાચાર સામે આવી રહ્યા છે. 21 ઓક્ટોબરના રોજ કિંગ્સનટના રોકફોર્ટ સ્થિત પ્લીઝેટ હાઈટ્સમાં એક ફુટબોલની મેચ દરમિયાન થયેલા હુમાલામાં 5 લોકોની ગોળી મારી હત્યા કરવામાં આવી છે.

# ભારતીય ટીમ ફરી ત્રણ સ્પિનરો સાથે મેદાનમાં ઉતરશે:ગિલ અથવા રાહુલને તક

(એજન્સી) પૂર્ણે તા 23

ભારત અને ન્યૂઝીલેન્ડ વચ્ચે ત્રણ ટેસ્ટ મેચની સિરીઝની બીજી મેચ આવતીકાલથી પુણેના મહારાષ્ટ્ર ક્રિકેટ એસોસિયેશન સ્ટેડિયમમાં શરૂ થશે. ભારતને પહેલી ટેસ્ટમાં 8 વિકેટે હારનો સામનો કરવો પડ્યો હતો. બીજી ટેસ્ટમાં પણ ભારતીય ટીમનું કોમ્બિનેશન પહેલી મેચ જેવું જ રહી શકે છે, પરંતુ આ વખતે કેટલાક નામ બદલાઈ શકે છે. ત્યાર બાદ ટીમ પાંચ બેટર્સ, એક વિકેટકીપર, ત્રણ સ્પિનરો અને બે ઝડપી બોલરો સાથે મેદાનમાં ઉતરશે. જોકે, પ્લેઇંગ-11 ફાઈનલ કરતા પહેલાં ટીમ મેનેજમેન્ટે ત્રણ સવાલોના જવાબ શોધવા પડશે. પહેલો સવાલ- શુભમન ગિલ કે કેએલ રાહુલ રમશે? ગિલ ઈજાના કારણે પ્રથમ ટેસ્ટ રમી શક્યો ન હતો. હવે તે ફિટ છે.



રાહુલ પ્રથમ ટેસ્ટમાં નિષ્ફળ રહ્યો હતો. બીજો પ્રશ્ન- રવિચંદ્રન અશ્વિન અને રવીન્દ્ર જાડેજા સાથે ત્રીજો સ્પિનર કુલદીપ યાદવ હશે કે અક્ષર પટેલ? પ્રથમ ટેસ્ટમાં કુલદીપ કંઈ ખાસ કરી શક્યો નહોતો. અક્ષરો આવશે તો બેટિંગ મજબૂત થશે. ત્રીજો સવાલ- સિરાજ કે આકાશદીપ બુમરાહ સાથે હશે? સિરાજ તેની જૂની લયમાં નથી. આકાશદીપ નવા બોલથી વિકેટ લઈ રહ્યો છે. બેટિંગ પણ કરી શકે છે. સરફરાઝે પોતાનું સ્થાન મજબૂત કર્યું.

## સંક્ષિપ્ત સમાચાર

### ઈરાન માટે જાસૂસી કરતા ઇઝરાયલના 7 લોકોની ધરપકડ

ઈઝરાયલની સરકાર સામે બંધકોની મુક્તિ માટે થઈ રહેલા પ્રદર્શન પર નજર રાખતો ઈઝરાયલનો સૈનિક. તસવીર મે 2024ની છે. ઈઝરાયલમાં ઈરાન માટે જાસૂસી કરવાના આરોપમાં ઈઝરાયલના 7 નાગરિકોની ધરપકડ કરવામાં આવી છે. ટાઈમ્સ ઓફ ઈઝરાયલ મુજબ, તેમના પર બે વર્ષ સુધી ઈરાન માટે જાસૂસી કરવાનો અને તેમના માટે ઘણા કામો કરવાનો આરોપ છે. ઈઝરાયલ પોલીસના પ્રવક્તાએ જણાવ્યું હતું કે આ સૌથી ગંભીર કેસોમાંનો એક છે. આ માટે તેમને મોતની સજા થઈ શકે છે. આ તમામ આરોપીઓ હૈફા અથવા ઉત્તર ઈઝરાયલના રહેવાસી છે. આમાં એક સૈનિક પણ સામેલ છે જે થોડા વર્ષો પહેલા સેનામાંથી ચાલ્યો ગયો હતો. આ સિવાય 16-17 વર્ષના બે સગીર પણ આરોપીઓમાં સામેલ છે. તેમની ઓળખ જાહેર કરવામાં આવી નથી.અધિકારીઓએ જણાવ્યું કે તેમણે બે વર્ષમાં લગભગ 600 મિશન પૂર્ણ કર્યા. તેમનું કહેવું છે કે આરોપીઓ પૈસાના લોભ માટે ઈરાન માટે ગુપ્ત માહિતી મેળવતા હતા. તેઓએ ઈરાનને ઈઝરાયેલના સૈન્ય મથકો અને પરમાણુ હથિયારો અને દારૂગોળાની માહિતી આપી છે. તેમના દ્વારા આપવામાં આવેલી માહિતીના આધારે ઈરાને ઈઝરાયલમાં પણ ઘણી જગ્યાએ હુમલા કર્યા હતા.

### એક પછી એક દુશ્મનને જહન્નમ પહોંચાડતું ઈઝરાયેલ

નસરાલ્લાહ બાદ ઈઝરાયેલની સેનાએ હવે હિઝબુલ્લાહના નંબર ટુ ગણાતા લીડર હાશેમ સફીદ્દીનની પણ હત્યા કરી હોવાની જાહેરાત કરી છે. આ જાહેરાત હાશેમ સફીદ્દીનના મોતના લગભગ ત્રણ સપ્તાહ બાદ કરવામાં આવી છે. અહેવાલ છે કે ગત 3-4 ઓક્ટોબરના રોજ બેરૂતમાં ઈઝરાયેલે કરેલા ભીષણ હુમલામાં હાશેમ સફીઉદ્દીનનું મૃત્યુ થયું છે. ઈઝરાયેલ ડિફેન્સ ફોર્સને વધુ એક મોટી સફળતા મળી છે. ઈઝરાયેલની સેનાએ દાવો કર્યો છે કે, શરૂઆતમાં બેરૂતમાં હવાઈ હુમલામાં માર્યો ગયો છે. હુમલાના 19 દિવસ બાદ ઈઝરાયેલે આ ખુલાસો કર્યો છે, હજુ સુધી હિઝબુલ્લા દ્વારા હાશેમ સફીદ્દીનના મોતના સમાચારની પુષ્ટિ કરવામાં આવી નથી.IDF દ્વારા જાહેર કરવામાં આવેલા નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે, "ગત 4 ઓક્ટોબરે બેરુતના દહિયા વિસ્તારમાં હિઝબુલ્લાના ગુપ્તચર મુખ્યાલયને નિશાન બનાવવામાં આવ્યું હતું. હવે એ વાતની પુષ્ટિ કરી શકાય છે કે, લગભગ ત્રણ અઠવાડિયા પહેલા થયેલા આ હુમલામાં હિઝબુલ્લાહની કાર્યકારી પરિષદના ચીફ હાશેમ સફીદ્દીન પણ માર્યા ગયા હતા." હાશેમ સફીદ્દીન અને હિઝબુલ્લાના ગુપ્તચર વડા અલી હુસૈન હાજીમા સહિત ઓછામાં ઓછા 10થી વધુ હિઝબુલ્લા કમાન્ડર માર્યા ગયા છે.

### વિશ્વના અર્થતંત્ર પર રાજ કરનાર યુએસ ડોલરને, જિનપિંગની મદદથી મોદી-પુતિનની જોડી નબળો પાડશે

હાલમાં સમગ્ર વિશ્વમાં એક દેશમાંથી બીજા દેશમાં આર્થિક વ્યવહાર કરવા માટે યુએસ ડોલરનું ચલણ સર્વસ્વીકૃત છે. જો કે અમેરિકાની કેટલીક નીતિઓને કારણે બ્રિક્સ દેશ હવે તેમનુ પોતાનું ચલણ અમલમાં લાવવા ગંભીર પ્રયાસ કરી રહ્યા છે. સંભવ છે કે, રશિયામાં યોજાનાર બ્રિક્સ દેશોની બેઠકમાં બ્રિક્સ ચલણ માટે નિર્ણય લેવાશે. BRICS સમૂહમાં મૂળભૂત રીતે બ્રાઝિલ, રશિયા, ભારત, ચીન અને દક્ષિણ આફ્રિકાનો સમાવેશ થાય છે. તેમાં કેટલાક અન્ય દેશોનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. જેમા ઈજિપ્ત, ઈથોપિયા, ઈરાન, સાઉદી અરેબિયા, સંયુક્ત આરબ અમીરાતનો સમાવેશ થાય છે. હવે આ તમામ દેશો મળીને, નવી કરન્સી વિશે વિચારી રહ્યા છે.રશિયાના કાઝાનમાં 22 થી 24 ઓક્ટોબર દરમિયાન યોજાનારી BRICS સમિટમાં આ મુદ્દા પર ચર્ચા થવાની પૂરેપુરી સંભાવના છે. જો નવા ચલણ પર સહમતિ સંધાય છે, તો તેના સભ્ય દેશો યુએસ ડોલરના બદલામાં આ નવા બ્રિક્સ ચલણમાં પરસ્પર આર્થિક વ્યવહાર કરાશે.

### ઈરાન પર હુમલા અંગેના અમેરિકન સિક્રેટ ડોક્યુમેન્ટ લીક...જાણો કેવી રીતે ઈઝરાયેલ કરશે હુમલો?


અમેરિકન ગુપ્તચર એજન્સીનો એક દસ્તાવેજ લીક થયો છે, જેમાં ઈઝરાયેલ હવે ઈરાન પર મોટા હુમલાની તૈયારી કરી રહ્યું હોવાનો ખુલાસો થયો છે. ઈરાન સામે બદલો લેવાની ઈઝરાયલની યોજનાઓ વિશે અત્યંત ગોપનીય માહિતી લીક થયાના સમાચાર બાદ હંગામો મચી ગયો છે. ઈઝરાયેલ હાલમાં મિડલ ઈસ્ટમાં ઘણા મોરચે યુદ્ધ લડી રહ્યું છે. ઈરાન દ્વારા 1 ઓક્ટોબરે ઈઝરાયેલ પર બેલેસ્ટિક મિસાઈલથી હુમલો કરવામાં આવ્યો ત્યારથી એવી અટકળો ચાલી રહી હતી કે ઈઝરાયેલ આર્મી હવે તેનો બદલો લેશે. ઈરાનના મિસાઈલ હુમલા બાદ તરત જ આઈડીએફ અને પીએમ બેન્જામિન નેતન્યાહુએ કહ્યું હતું કે ઈરાનને યોગ્ય સમયે યોગ્ય જવાબ આપવામાં આવશે અને એવું લાગે છે કે ઈઝરાયલે તેની તૈયારીઓ પણ શરૂ કરી દીધી છે.મીડિયા અહેવાલ અનુસાર, અમેરિકન ગુપ્તચર એજન્સીનો એક દસ્તાવેજ લીક થયો છે, જેમાં ઈઝરાયેલ હવે ઈરાન પર મોટા હુમલાની તૈયારી કરી રહ્યું હોવાનો ખુલાસો થયો છે.

## મસ્કની ઑફર-ચૂંટણી પહેલા વોટિંગ પર રોજ એક વ્યક્તિને રોજના 8 કરોડ રૂપિયા આપીશ

# યુએસ રાષ્ટ્રપતિ ચૂંટણી- 1.5 કરોડ લોકોનું એડવાન્સ વોટિંગ

(એજન્સી) વોશિંગ્ટન તા 23

અમેરિકામાં 6 નવેમ્બરે (ભારતીય સમય મુજબ) મતદાન થવાનું છે. આ પહેલા અમેરિકાના ઘણા ભાગોમાં વહેલું મતદાન ચાલી રહ્યું છે. ન્યૂયોર્ક ટાઈમ્સ અનુસાર મંગળવાર સુધી 1.5 કરોડથી વધુ અમેરિકનોએ પોતાનો મત આપ્યો છે. આ મતદાન 47 થી વધુ રાજ્યોમાં મેલ (પોસ્ટ) દ્વારા કરવામાં આવ્યું છે. ચૂંટણી પહેલા મતદાનની આ પ્રક્રિયાને એડવાન્સ પોલિંગ અથવા પ્રી-પોલ વોટિંગ કહેવામાં આવે છે. આ પહેલા પણ અમેરિકન ચૂંટણીમાં એડવાન્સ પોલિંગ થઈ ચૂક્યું છે. જો કે અગાઉની ચૂંટણીઓમાં પ્રિ-પોલ વોટિંગમાં ડેમોક્રેટનો દબદબો હતો, પરંતુ આ વખતે કેટલાક મોટા રાજ્યોમાં રિપબ્લિકન્સે લીડ લેવાનું શરૂ કર્યું છે. વાઈસ પ્રેસિડેન્ટ કમલા હેરિસ અને ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ, જેઓ રાષ્ટ્રપતિની રેસમાં છે, તેઓ પણ પ્રારંભિક મતદાન વલણોના આધારે ડેમોક્રેટ અને રિપબ્લિકન સમર્થકોને આકર્ષવાનો પ્રયાસ કરી રહ્યા છે જેથી તેમને મતદાન માટે મોકલી શકાય. અમેરિકી ચૂંટણીમાં ખુલ્લેઆમ ટ્રમ્પનું સમર્થન કરી રહેલા ઈલોન મસ્કે કહ્યું છે કે તેઓ રાષ્ટ્રપતિની ચૂંટણીની તારીખ સુધી દરરોજ કોઈ એક ચૂંટાયેલા મતદારને 1 મિલિયન ડોલર એટલે કે લગભગ 8.40 કરોડ રૂપિયા આપશે. રસપ્રદ વાત એ છે કે આ સ્કીમ માત્ર 7 સ્વિંગ રાજ્યો માટે જ લાગુ છે. ડોનાલ્ડ ટ્રમ્પ 5 ઓક્ટોબરે બટલર, પેન્સિલવેનિયામાં એક રેલીમાં પહોંચ્યા. અહીં જ તેના પર હુમલો થયો હતો. આ રેલીમાં વિશ્વના સૌથી ધનિક વ્યક્તિ ઈલોન મસ્ક પણ સામેલ થયા હતા. તેઓ આ ચૂંટણીમાં ટ્રમ્પને ખુલ્લેઆમ સમર્થન આપી રહ્યા છે.



### આ વખતે 70% લોકો ચૂંટણી પહેલા મતદાન કરી શકશે

1988 પહેલા માત્ર 6 રાજ્યો એવા હતા જ્યાં વહેલું મતદાન પ્રચલિત હતું. 1992થી ચૂંટણી પહેલા વહેલા મતદાનનું ચલણ વધ્યું છે. 1992ની ચૂંટણીમાં 7% લોકોએ મતદાન કર્યું હતું. NBC અનુસાર, આ વર્ષે ચૂંટણી પહેલા 14.5 મિલિયન લોકો મતદાન કરી શકે છે. તે લગભગ 70% છે.

### 2020માં કોરોનાના ડરને કારણે, 6.5 કરોડ લોકોએ પોસ્ટ દ્વારા મતદાન

અને 3.58 કરોડ લોકોએ ભીડથી બચવા વહેલા મતદાન કર્યું. આ આંકડો લગભગ 64.4% છે. તેવી જ રીતે, 2022 ની મધ્યવર્તી ચૂંટણીમાં, લગભગ 50% લોકોએ ચૂંટણી પહેલા મતદાન કર્યું હતું. આ વખતે પણ જેમ જેમ ચૂંટણીના દિવસો નજીક આવી રહ્યા છે તેમ તેમ આગોતરું મતદાન વધી રહ્યું છે. ન્યૂઝવીકના એક અહેવાલ અનુસાર, જ્યોર્જિયા અને નોર્થ કેરોલિના રાજ્યોમાં 15 ઓક્ટોબરે વહેલી મતદાન શરૂ થયું હતું. માત્ર એક જ દિવસમાં બંને જગ્યાએથી 7.5 લાખથી વધુ લોકોએ એકસાથે મતદાન કર્યું.

### કોરોનાને કારણે 2020માં ચૂંટણી પહેલા વધુ લોકોએ મતદાન કર્યું હતું

અમેરિકામાં એડવાન્સ વોટિંગ અલગ અલગ રીતે કરવામાં આવે છે. મોટાભાગના રાજ્યોમાં મેઈલ-ઈન વોટિંગની સુવિધા છે. આમાં લોકો પોસ્ટ દ્વારા વોટ કરે છે. ઘણા રાજ્યોમાં, મતદારો મતદાન કેન્દ્ર પર જઈને ચૂંટણી પહેલા પણ રૂબરૂ મતદાન કરી શકે છે. વિવિધ રાજ્યોમાં મતદાનની તારીખ અલગ અલગ હોઈ શકે છે. જેમ વર્જીનિયામાં 20 સપ્ટેમ્બરથી ચૂંટણી શરૂ થશે. વિસ્કોન્સિનમાં હજુ ચૂંટણી શરૂ થઈ નથી. તેઓ રાષ્ટ્રપતિની ચૂંટણીની તારીખ સુધી દરરોજ કોઈ એક ચૂંટાયેલા મતદારને 1 મિલિયન ડોલર એટલે કે લગભગ 8.40 કરોડ રૂપિયા આપશે. રસપ્રદ વાત એ છે કે આ સ્કીમ માત્ર 7 સ્વિંગ રાજ્યો માટે જ લાગુ છે.

### MIT ચૂંટણી ડેટા અને સાયન્સ લેબ મુજબ રહેશે

2020 માં લગભગ 60% ડેમોક્રેટ અને 32% રિપબ્લિકન મતદારોએ ટપાલ દ્વારા મતદાન કર્યું હતું. સ્વાભાવિક રીતે, બિડેનને છેલ્લી ચૂંટણીમાં પણ આનો ફાયદો થયો હતો, આ જ કારણ છે કે પૂર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ ઘણી વખત એડવાન્સ પોલિંગ વિરુદ્ધ નિવેદનો આપી ચૂક્યા છે. તેમનું કહેવું છે કે મેલ દ્વારા વોટિંગમાં છેતરપિંડી થઈ છે. આમ છતાં રિપબ્લિકન પાર્ટી આ ચૂંટણીમાં વહેલા મતદાન કરવા માટે મતદારોને જાગૃત કરી રહી છે. જેઓ રાષ્ટ્રપતિની રેસમાં છે, તેઓ પણ પ્રારંભિક મતદાન વલણોના આધારે ડેમોક્રેટ અને રિપબ્લિકન સમર્થકોને આકર્ષવાનો પ્રયાસ કરી રહ્યા છે જેથી તેમને મતદાન માટે મોકલી શકાય. અમેરિકી ચૂંટણીમાં ખુલ્લેઆમ ટ્રમ્પનું સમર્થન કરી રહેલા ઈલોન મસ્કે કહ્યું છે

# શું શેખ હસીના હજુ પણ બાંગ્લાદેશના વડાપ્રધાન છે? રાષ્ટ્રપતિ શહાબુદ્દીને કહ્યું- હસીનાનું રાજીનામું મળ્યું નથી

(એજન્સી) ઢાકા તા 23

પ્રદર્શનકારીઓ રાષ્ટ્રપતિ શહાબુદ્દીનના નિવેદનથી નારાજ હતા. તેઓ તેમના રાજીનામાની માંગ કરી રહ્યા હતા. (આ ફૂટેજ સોશિયલ મીડિયા પર વાયરલ થયા છે.) બાંગ્લાદેશમાં વડાપ્રધાન શેખ હસીનાને હટાવ્યા બાદ રાષ્ટ્રપતિ મોહમ્મદ શહાબુદ્દીનને હટાવવાની માંગણી તેજ થઈ છે. બાંગ્લાદેશી સમાચાર ડેલી સ્ટાર મુજબ રાજધાની ઢાકામાં રાષ્ટ્રપતિ ભવનની સામે હજારો લોકો ભેગા થયા હતા. તેઓ શેખ હસીનાના રાજીનામા અંગેના તેમના નિવેદનથી નારાજ હતા. રાષ્ટ્રપતિ શહાબુદ્દીને રવિવારે એક ઈન્ટરવ્યુમાં કહ્યું હતું- મેં હમણાં જ સાંભળ્યું કે શેખ હસીનાએ વડાપ્રધાન પદ પરથી રાજીનામું આપી દીધું છે. પરંતુ મારી પાસે તેમના રાજીનામા સંબંધિત કોઈ પુરાવા નથી. મેં તેમનું રાજીનામું મેળવવા માટે ઘણી વખત પ્રયાસ કર્યો હતો પરંતુ કદાચ તેમની પાસે તે માટે સમય નહોતો. પ્રદર્શનકારીઓએ કહ્યું કે રાષ્ટ્રપતિએ પદ પર રહેવાનો તેમનો નૈતિક અધિકાર ગુમાવ્યો છે. રાષ્ટ્રપતિએ 2 દિવસમાં પદ છોડી દેવું જોઈએ તેવી પ્રદર્શનકારીઓએ માંગ કરી હતી. પ્રદર્શનકારીઓએની ભીડ હિંસક બની ગયા બાદ પોલીસે તેમના પર લાઠીચાર્જ કર્યો અને ટીયર ગેસના સેલ છોડ્યા હતા.



નાસભાગમાં ઓછામાં ઓછા 5 લોકો ઘાયલ થયા છે. તેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. પોલીસે કહ્યું કે પ્રદર્શનકારીઓએ તેમના પર પથ્થરમારો શરૂ કર્યો, તેથી તેઓએ કડક કાર્યવાહી કરી. પ્રદર્શનકારીઓને શાંત કરવા વિદ્યાર્થી આંદોલનના આગેવાનો આવ્યા હતા. તેણે 2 દિવસનો સમય વધારવાની માંગ કરી છે. વિદ્યાર્થી નેતાએ કહ્યું- 2 દિવસમાં રાષ્ટ્રપતિને હટાવવામાં આવશે ઢાકા ટ્રિબ્યુન અનુસાર, રાષ્ટ્રપતિ શહાબુદ્દીનના નિવેદનથી ઉગ્ર બનતા વિરોધને જોતા આંદોલન સાથે જોડાયેલા બે નેતા હસનત અબ્દુલ્લા અને સરજીસ આલમ મંગળવારે રાત્રે પ્રદર્શનકારીઓ પાસે પહોંચ્યા હતા. તેમણે લોકોને ત્યાંથી ચાલ્યા જવાની અપીલ કરી હતી. વિદ્યાર્થી નેતાઓએ લોકોને વચન આપ્યું હતું કે બે દિવસમાં દેશમાં સત્તામાં મોટો ફેરફાર થશે.

વિદ્યાર્થી નેતા હસનતે કહ્યું કે તેઓ સેના પ્રમુખની હાજરીમાં રાજકીય પક્ષો સાથે વાત કરશે અને ગુરુવાર સુધીમાં નવા રાષ્ટ્રપતિને પસંદ કરશે. તેમણે કહ્યું કે જો ગુરુવાર સુધીમાં નવા રાષ્ટ્રપતિની પસંદગી કરવામાં નહીં આવે તો તે લોકો સાથે રસ્તા પર ઉતરશે.

શેખ હસીનાના આ ફૂટેજ 5 ઓગસ્ટના છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, તેમની પાસે દેશ છોડવા માટે 1 કલાકથી ઓછો સમય હતો.

રાષ્ટ્રપતિના આ નિવેદન બાદ હવે બાંગ્લાદેશમાં ચર્ચા તેજ થઈ ગઈ છે કે શું બંધારણીય રીતે શેખ હસીના હજુ પણ બાંગ્લાદેશના વડાપ્રધાન છે. શેખ હસીનાએ 5 ઓગસ્ટે બાંગ્લાદેશ છોડી દીધું હતું. તેઓ ભારત ભાગી ગયા હતા. થોડા દિવસો પછી, તેમના પુત્ર વાજિદ જોયે દાવો કર્યો હતો કે શેખ હસીના હજુ પણ બાંગ્લાદેશના વડાપ્રધાન છે.

બાંગ્લાદેશના બંધારણની કલમ 57 (A) મુજબ, જો વડાપ્રધાન કોઈપણ સમયે રાષ્ટ્રપતિને પોતાનું રાજીનામું સોંપીને રાજીનામું આપે છે, તો દેશમાં વડાપ્રધાનનું પદ ખાલી થશે.

# શું BRICSમાં પુતિન ભારત-ચીનના સંબંધો સુધારશે



(એજન્સી) કાઝાન તા 23

વિશ્વની સૌથી ઝડપી વિકાસશીલ અર્થવ્યવસ્થાઓના સમૂહ BRICSની 16મી સમિટ રશિયામાં યોજાઈ રહી છે. મોસ્કો નજીક આવેલા કઝાન શહેરમાં આયોજિત આ સમિટમાં રશિયા, ચીન, બ્રાઝિલ, દક્ષિણ આફ્રિકા સહિત 28 દેશોના વડાઓ ભાગ લઈ રહ્યા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે અહીં ભાષણ આપ્યું હતું યુરોપિયન યુનિયન (EU)ને પાછળ ધકેલીને BRICS વિશ્વનું ત્રીજું સૌથી શક્તિશાળી આર્થિક સંગઠન બની ગયું છે. ગ્લોબલ GDPમાં EU દેશોનો કુલ હિસ્સો 14% છે, જ્યારે BRICS દેશોનો હિસ્સો 27% છે. બ્રિક્સની પોતાની અલગ બેંક પણ છે, જે ન્યુ ડેવલપમેન્ટ બેંક તરીકે ઓળખાય છે. તેનું હેડક્વાર્ટર ચીનના શાંઘાઈમાં છે. તે સરકારી અથવા ખાનગી પ્રોજેક્ટ માટે સભ્ય દેશોને લોન આપે છે. 'રાઈઝિંગ ઈકોનોમી'ના કોન્સેપ્ટ પર બનેલા આ ગ્રુપમાં ગયા વર્ષ સુધી 5 દેશો બ્રાઝિલ, રશિયા, ચીન, ભારત અને દક્ષિણ આફ્રિકા સામેલ હતા. આ વર્ષે UAE, ઈરાન, ઈજીપ્ત અને ઈથિયોપિયા સભ્ય બનશે. ગયા વર્ષે 34 દેશો અને આ વર્ષે 40 દેશોએ સંગઠનમાં જોડાવાની ઈચ્છા વ્યક્ત કરી છે. આ સ્ટોરીમાં આપણે બ્રિક્સના મહત્વ અને શક્તિ વિશે જાણીશું. અમે સમજીશું કે શા માટે અમેરિકા અને પશ્ચિમી દેશો તેના પર નજર રાખી રહ્યા છે અને શા માટે ઘણા દેશો તેના સભ્ય બનવા માંગે છે જ્યારે પશ્ચિમી દેશો મંદીમાં હતા ત્યારે બ્રિક્સ દેશોએ ઝડપથી પ્રગતિ કરી હતી 2008-2009માં જ્યારે પશ્ચિમી દેશો આર્થિક સંકટમાંથી પસાર થઈ રહ્યા હતા. ત્યારે પણ બ્રિક્સ દેશોની અર્થવ્યવસ્થા ઝડપથી વધી રહી હતી. પહેલેથી જ ઉલ્લેખ કર્યો છે તેમ તેના સભ્ય દેશો વિશ્વની સૌથી ઝડપથી વિકસતી અર્થવ્યવસ્થા છે. હતી. તેના બાંધકામનો ખ્યાલ 'રાઈઝિંગ ઈકોનોમી' પર આધારિત હતો. આર્થિક કટોકટી પછી, તે સ્પષ્ટ થઈ ગયું છે કે બ્રિક્સ દેશોની અર્થવ્યવસ્થાઓમાં ઝડપથી વિકાસ કરવાની અને પશ્ચિમી દેશો સાથે સ્પર્ધા કરવાની હિંમત છે. અગાઉ, પશ્ચિમી દેશો વિશ્વની અર્થવ્યવસ્થાના 60% થી

### ત્રીજું સૌથી શક્તિશાળી આર્થિક સંગઠન બની ગયું

હાલમાં બ્રિક્સ યુરોપિયન યુનિયન (EU)ને પાછળ છોડીને વિશ્વનું ત્રીજું સૌથી શક્તિશાળી આર્થિક સંગઠન બની ગયું છે. EU દેશો વૈશ્વિક જીડીપીમાં 14% હિસ્સો ધરાવે છે, જ્યારે BRICS દેશોનો હિસ્સો 27% છે. આ ઉપરાંત બ્રિક્સની પોતાની અલગ બેંક પણ છે જે ન્યુ ડેવલપમેન્ટ બેંક તરીકે ઓળખાય છે. તેનું મુખ્ય મથક ચીનના શાંઘાઈમાં છે. આ બેંક સભ્ય દેશોને સરકારી અથવા ખાનગી પ્રોજેક્ટ માટે લોન આપવાનું કામ કરે છે. આ કારણે ગયા વર્ષે લગભગ 40 દેશોએ આ સંગઠનમાં સામેલ થવાની ઈચ્છા વ્યક્ત કરી હતી.

# સામાન ખરીદીને હથેળી સ્કેન કરીને કર્યું પેમેન્ટ:ચીનનો આ વીડિયો જોઈને લોકોએ કહ્યું- ચીન તો 2050માં જીવી રહ્યું છે

(એજન્સી) ચીન તા 23

ચીને ટેક્નોલોજીના સંદર્ભમાં વિશ્વને આશ્ચર્યચકિત કર્યું છે, ખાસ કરીને તેનું ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને પેમેન્ટ સિસ્ટમ તો ગજબની છે. ચીનની આવી ગજબની ટેક્નોલોજીની ઝલક સોશિયલ મીડિયા પર વારંવાર વાઈરલ થાય છે. આવો જ એક વીડિયો પાકિસ્તાની કન્ટેન્ટ ક્રિએટર રાણા હમઝા સૈફે ઈન્સ્ટાગ્રામ પર શેર કર્યો છે, જેણે ઈન્ટરનેટ પર ધૂમ મચાવી છે.

આ વીડિયોમાં પેમેન્ટ ટેક્નોલોજી બતાવવામાં આવી છે, જે સાબિત કરે છે કે ચીન ભવિષ્યમાં જીવી રહ્યું છે. માત્ર હથેળી દ્વારા જ પેમેન્ટ થઈ જાય છે આ વીડિયો જુઝોઉ શહેરમાં એક સ્થાનિક કરિયાણાની દુકાનમાં શૂટ કરવામાં આવ્યો હતો, જ્યાં સૈફ અને તેના મિત્રો ખરીદી માટે ગયા હતા. વીડિયોમાં એક મિત્રને 'પામ પેમેન્ટ સિસ્ટમ' દ્વારા પેમેન્ટ કરતો બતાવવામાં આવ્યો હતો, જેણે બધાને ચોંકાવી દીધા હતા. સૈફે સમજાવ્યું કે જો કોઈની હથેળી રજિસ્ટર્ડ



છે, તો તે ફક્ત તેની હથેળી સ્કેનર ઉપર લગાવીને પેમેન્ટ કરી શકે છે. સફળ ટ્રાન્ઝેક્શન પછી, કેટલાક મિત્રો આ નવી તકનીક પર વિશ્વાસ કરી શક્યા નહીં, જ્યારે અન્ય લોકોએ તેના માટે તાળીઓ પાડી. પોસ્ટના કેપ્શનમાં લખ્યું છે કે ચીન 2050માં જીવી રહ્યું છે. આ વીડિયો ઈન્સ્ટાગ્રામ પર ઝડપથી વાઈરલ થતા 9 મિલિયનથી વધારે વ્યૂઝ મેળવી લીધા છે. કમેન્ટ્સમાં લોકો પોતાની રિએક્શન આપી રહ્યા છે. એક યૂઝરે લખ્યું- આ તો ભવિષ્ય છે, વિશ્વાસ થઈ રહ્યો નથી કે તમે આ જોઈ રહ્યા છો. ત્યાં જ, કોઈએ કહ્યું- ચીન ટેક્નોલોજીમાં એક ડગલું આગળ રહે છે- શું શાનદાર સિસ્ટમ છે. અનેક યૂઝર્સે આ અંગે પોતાનાં મંતવ્યો જાહેર કરતા લખ્યું- જો આ ટેક્નોલોજી આખી દુનિયામાં ફેલાય, તો જીવન કેટલું સરળ થઈ જાય.

પહેલાં પણ આવું દૃશ્ય જોયું છે માત્ર સૈફનો વીડિયો જ નહીં પરંતુ અગાઉ RPG ગ્રુપના ચેરમેન હર્ષ ગોએન્કાએ પણ X પર આ જ ટેક્નિકનો વીડિયો શેર કર્યો હતો. તે વીડિયોમાં એક મહિલાએ બેઈજિંગ મેટ્રોમાં પોતાની હથેળીથી પેમેન્ટ કરવાનો પોતાનો અનુભવ વર્ણવ્યો હતો. તેણે કહ્યું - ચીનમાં રહીને, હું પહેલાંથી જ QR કોડ અને ચહેરો ઓળખવાની ટેક્નોલોજી જેવી કેશલેસ પેમેન્ટથી ટેવાયેલી છું, અને હવે હું કંઈપણ સ્પર્શ કર્યા વિના ફક્ત મારી હથેળીથી ચુકવણી કરી શકું છું.

## હેમબર્ગર ખાધા પછી 49 લોકો બીમાર પડ્યા, 10 રાજ્યો અસરગ્રસ્ત

# અમેરિકામાં મેકડોનાલ્ડ્સથી બેક્ટેરિયલ સંક્રમણ ફેલાયું, એકનું મોત

(એજન્સી) વોશિંગ્ટન તા 23

અમેરિકામાં મેકડોનાલ્ડના બર્ગરમાંથી બેક્ટેરિયલ ચેપ (ઇ. કોલી વાઈરસ) ફેલાયો છે. મેકડોનાલ્ડ્સ ક્વાર્ટર પાઉન્ડર હેમબર્ગર ખાધા પછી એક વ્યક્તિનું મૃત્યુ થયું. 49 લોકો બીમાર છે, જેમાંથી 10 હોસ્પિટલમાં દાખલ છે. યુએસ સેન્ટર્સ ફોર ડિસીઝ કંટ્રોલ એન્ડ પ્રિવેન્શન (CDC) અનુસાર, સપ્ટેમ્બરના અંતમાં શરૂ થયેલો આ E. coli વાઈરસ અત્યાર સુધીમાં 10 પશ્ચિમી રાજ્યોમાં ફેલાઈ ચૂક્યો છે, જેમાં મોટાભાગના કેસ કોલોરાડો અને નેબ્રાસ્કામાં નોંધાયા છે. મેકડોનાલ્ડ્સે ક્વાર્ટર પાઉન્ડર હેમબર્ગરમાંથી ઝીણી સમારેલી ડુંગળી અને બીફ પેટીસ કાઢી નાખી છે કારણ કે એક માણસ બર્ગર ખાધા પછી બીમાર પડ્યો હતો. હાલ તપાસ ચાલી રહી છે. કંપનીએ



કહ્યું- જે રેસ્ટોરન્ટમાં ફરિયાદ મળી હતી ત્યાં બર્ગર નથી મેકડોનાલ્ડ્સ (અમેરિકા)ના પ્રમુખ જો એર્લિંગરે એક વિડિયો સંદેશમાં કહ્યું કે, અમારા માટે ખાદ્ય સુરક્ષા અત્યંત મહત્ત્વની છે. બર્ગરની ફરિયાદો મળી હોય તેવા વિસ્તારોમાં રેસ્ટોરાંમાંથી ક્વાર્ટર પાઉન્ડર હેમબર્ગરને અસ્થાયી ધોરણે દૂર કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. તેમણે કહ્યું કે મોટાભાગના રાજ્યો પ્રભાવિત થયા નથી. કંપનીએ કબૂલ્યું હતું કે જે રેસ્ટોરન્ટ્સમાં ફરિયાદો મળી હતી, ત્યાં માત્ર એક કંપની તરફથી ડુંગળી સપ્લાય કરવામાં આવી રહી હતી. ઈ. કોલી બેક્ટેરિયા આપણા આંતરડામાં પણ જોવા મળે છે, કેટલીક જાતો જીવલેણ હોય છે

coli એક પ્રકારનું બેક્ટેરિયા છે જે તમારી પાચન તંત્રને સ્વસ્થ રાખવામાં પણ મદદ કરે છે. જો તમે દૂષિત ખોરાક ખાઓ અથવા પ્રદૂષિત પાણી પીતા હો તો કેટલાક તાણથી ઝાડા થઈ શકે છે. E. coli ની O157:H7 તાણ ગંભીર બીમારીનું કારણ બની શકે છે. 31 વર્ષ પહેલા એટલે કે 1993માં પણ વાઈરસને કારણે અનેક લોકોનાં મોત થયા હતા. ત્યારબાદ જેક ઈન જે રેસ્ટોરન્ટ્સમાં ફરિયાદો મળી હતી, ત્યાં માત્ર એક કંપની તરફથી ડુંગળી સપ્લાય કરવામાં આવી રહી હતી. ઈ. કોલી બેક્ટેરિયા આપણા આંતરડામાં પણ જોવા મળે છે, કેટલીક જાતો જીવલેણ હોય છે

ધ બોક્સ રેસ્ટોરન્ટમાં અન્ડરકુક કરેલ હેમબર્ગર ખાવાથી ચાર બાળકોનાં મોત થયા હતા. કારણ કે એક માણસ બર્ગર ખાધા પછી બીમાર પડ્યો હતો. હાલ તપાસ ચાલી રહી છે. કંપનીએ કહ્યું- જે રેસ્ટોરન્ટમાં ફરિયાદ મળી હતી ત્યાં બર્ગર નથી મેકડોનાલ્ડ્સ (અમેરિકા)ના પ્રમુખ જો એર્લિંગરે એક વિડિયો સંદેશમાં કહ્યું કે, અમારા માટે ખાદ્ય સુરક્ષા અત્યંત મહત્ત્વની છે.

## સંક્ષિપ્ત સમાચાર

### ભારતનું આઈટી હબ ગણાતા શહેરમાં સતત ત્રણ દિવસથી અવિરત વરસાદને પગલે 5ના મોત, 3 ગુમ

બેંગાલુરુ : બેંગાલુરુમાં અલગ અલગ વરસાદ આધારિત ઘટનાઓમાં પાંચ લોકોનાં મોત થયા છે. છેલ્લા ત્રણ દિવસથી પડી રહેલા ભારે વરસાદને કારણે અનેક રહેણાંક વિસ્તારો પાણીમાં ગરકાવ થઈ ગયા છે. માર્ગો પર પાણી ભરાઈ જતાં અનેક સ્થળોએ ટ્રાફિક જામના દ્રશ્યો જોવા મળી રહ્યાં છે. ભારે વરસાદને કારણે એક નિર્માણાધીન બહુમાળી બિલ્ડિંગ ધરાશયી થતાં ત્રણ મજૂરો દટાઈ જતાં મૃત્યુ પામ્યા છે. પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર કેનગેરી તળાવમાં ડૂબી જવાને કારણે બે બાળકોનાં મોત થયા છે. ધરાશયી થયેલી બિલ્ડિંગના કાટમાળમાંથી ૧૪ લોકોને બચાવવામાં આવ્યા છે. જો કે ત્રણ લોકો હજુ પણ લાપતા છે તેમ પોલીસે એક નિવેદનમાં જણાવ્યું છે. સત્તાવાળાઓએ વરસાદને ધ્યાનમાં રાખીને આવતીકાલે શાળાઓમાં રજા જાહેર કરી છે. જે વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા છે ત્યાંથી લોકોને સુરક્ષિત સ્થળે ખસેડવા માટે નેશનલ ડિઝાસ્ટર રિસપોન્સ ફોર્સ અને ડિઝાસ્ટર રિસપોન્સ ફોર્સની પાંચ ટીમોને કામે લગાડવામાં આવી છે. બેંગાલુરુના યેલાહાન્કા વિસ્તારમાં ૬ કલાકમાં ૬ ઈંચ વરસાદ પડયો હતો. આ પ્રસંગે નાયબ મુખ્યપ્રધાન ડી કે શિવકુમારે દિલ્હી અને દુબઈનું ઉદાહરણ આપ્યું હતું.

### હવાઈ મુસાફરો અને એરલાઇન્સ ટેન્શનમાં, વધુ 80 ફ્લાઈટને બોમ્બની ધમકી મળતાં 600 કરોડનું નુકસાન

નવી દિલ્હી : દેશમાં એક સપ્તાહ કરતાં વધુ સમયથી વીમાનોમાં બોમ્બની અફવાનો સિલસિલો મંગળવારે પણ ચાલુ રહ્યો હતો. છેલ્લા 24 કલાકમાં દેશમાં વધુ 80થી વધારે ડોમેસ્ટિક અને આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ્સને બોમ્બની ધમકી મળી હતી, જેને પગલે સુરક્ષા એજન્સીઓ દોડતી થઈ હતી તેમજ ફ્લાઈટ્સના ટાઈમિંગ અને રૂટમાં ફેરફાર કરવામાં આવતા હજારો પ્રવાસીઓ મુશ્કેલીમાં મુકાયા હતા. મંગળવારે એર ઈન્ડિયા, ઈન્ડિગો, આકાસા એર, વિસ્તારા જેવી એરલાઈન્સને ટાર્ગેટ કરાઈ હતી. આ સાથે બોમ્બની ધમકીઓના કારણે એરલાઈન્સને રૂ. 600 કરોડથી વધુનું નુકસાન થયું હોવાનું સૂત્રોએ જણાવ્યું છે.ડીજીસીએના સૂત્રોએ જણાવ્યું હતું કે, સોમવાર રાતથી મંગળવાર દરમ્યાન સ્થાનિક તેમજ આંતરરાષ્ટ્રીય ભારતીય એરલાઈન્સ દ્વારા સંચાલિત લગભગ 80થી વધુ ફ્લાઈટને બોમ્બની ધમકી મળતા વિક્ષેપ સર્જાયા હતા અને અનેક ઉડાણોના રૂટમાં ફેરફાર કરાયો હતો. મંગળવારે એર ઈન્ડિયા, ઈન્ડિગો, આકાસા એર અને વિસ્તારા જેવી એરલાઈન્સને ટાર્ગેટ કરાઈ હતી જેમાંથી કેટલીક ફ્લાઈટને સાઉદી અરબ અને કતાર તરફ વાળવામાં આવી હતી.

### દેશમાં 2023માં માર્ગ અકસ્માતની ઘટનાઓમાં રેકોર્ડ 1.73 લાખ લોકોનાં મોત, સૌથી વધુ આ રાજ્યમાં

નવી દિલ્હી : દેશમાં વર્ષ 2023માં માર્ગ અકસ્માતમાં મૃત્યુ પામનારાઓની સંખ્યા અંગે આશ્ચર્યજનક આંકડા સામે આવ્યા છે. રાજ્યો દ્વારા કેન્દ્ર સરકારને આપવામાં આવેલા આંકડાઓ અનુસાર 2023માં માર્ગ અકસ્માતમાં કુલ 1.73 લાખ લોકોનાં મોત થયા છે. જેનો અર્થ થાય છે કે દરરોજ સરેરાશ 474 લોકોનાં મોત થયા છે અથવા દર ત્રણ મિનિટે એક વ્યકિતનું મોત થયું છે. મીડિયાના અહેવાલ મુજબ આ સંખ્યામાં એક વર્ષમાં મૃત્યુ પામેલા લોકોની મહત્તમ સંખ્યા છે. સરકારે જ્યારથી સમસ્યાની ગંભીરતા અને દુર્ઘટનાની પાછળના કારણોની સમીક્ષા કરવા માટે રાષ્ટ્રીય સ્તરે માર્ગ અકસ્માતના આંકડાઓ એકત્ર કરવાનું શરૂ કર્યુ છે ત્યારથી 2023માં માર્ગ અકસ્માતમાં મૃત્યુ પામેલા લોકોની સંખ્યા અત્યાર સુધીની સૌથી વધુ છે. આંકડા પરથી એ પણ જાણવા મળે છે કે માર્ગ અકસ્માતમાં ઘાયલ થનારાઓની સંખ્યા પણ સતત વધી રહી છે. 2023માં માર્ગ અકસ્માતમાં 4.63 લાખ લોકો ઘાયલ થયા હતાં. જે 2022ની સરખામણીમાં 4 ટકા વધારે છે. માર્ગ પરિવહન મંત્રાલય દ્વારા પ્રકાશિત રિપોર્ટ અનુસાર 2022માં માર્ગ અકસ્માતમાં મૃત્યુ પામનારાઓની સંખ્યા 1.68 લાખ હતી. જ્યારે નેશનલ ક્રાઈમ રેકોર્ડ બ્યુરો (એનસીઆરબી) દ્વારા એકત્રિત આંકડાઓ અનુસાર અકસ્માતમાં મૃત્યુ પામનારા લોકોની સંખ્યા 1.71 લાખ હતી.

### ડિઝની ક્રૂઝ લાઈને એડવેન્ચર માટેની જગ્યાઓ અને અનુભવનો ખુલાસો કર્યો, 15 ડિસેમ્બર 2025ના રોજ ક્રૂઝ રવાના થશે

અમદાવાદ : જ્યારે ડિઝની એડવેન્ચર 15 ડિસેમ્બર, 2025 ના રોજ સિંગાપોરથી રવાના થશે, ત્યારે મહેમાનોને જાદુઈ ક્રૂઝ હોલિડેનો આનંદ મળસે, જે ડિઝનીના વાર્તા કહેવાના સમૃદ્ધ વારસાની ઉજવણી કરે છે. આ સાથે ડિઝની, પિક્સર અને માર્વેલના પ્રિય પાત્રોને જીવંત બનાવશે. દરિયામાં સૌથી જાદુઈ અને આરાદાયક વેકેશન માણવા માટે ડિઝની ક્રૂઝ લાઈનની પરંપરાને ચાલુ રાખતા ડિઝની એડવેન્ચર માટે કેટલાક ફિચર પહેલી વખત રજૂ કરવામાં આવશે, જેમાં એશિયાના મહેમાનો માટે ખાસ તૈયારકરવામાં આવેલા અનુભવનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. ડિઝની ક્રૂઝ લાઈન માટે દરિયામાં સૌપ્રથમ વખત ડિઝની એડવેન્ચર સાહસિક ઝોન હશે. આ એડવેન્ચર ઝોનમાં માર્વેલ યુનિવર્સની લાર્જર-ધેન-લાઈફ પર્સનાલિટીની ઉજવણી હશે. ત્રણ નવા ડિઝની આકર્ષણો હશે જેમાં દરિયામાં સૌથી લાંબી રોલરકોસ્ટર આયર્નસાઈકલ ટેસ્ટ રનનો સમાવેશ થાય છે. ક્રૂઝ પર મહેમાનો માત્ર આંતરરાષ્ટ્રીય મનપસંદ ભોજનની સાથે વિશ્વ-વિખ્યાત એશિયન ફૂડનો પણ આનંદ માણી શકશે. બ્રોડવે-સ્ટાઈલ મનોરંજન કાર્યક્રમ શો-સ્ટોપિંગ રહેશે. દરેક પ્રવાસી જૂથ અને કદ માટે નવું મ્યુઝિકલ રીમેમ્બર કાર્યક્રમ સંપૂર્ણપણે ડિઝની એડવેન્ચર દ્વારા ખાસ તૈયાર કરવામાં આવ્યો છે.

# વાયનાડ લોકસભા બેઠકની પેટાચૂંટણી : પ્રિયંકા ગાંધીનો રોડ શો, રાહુલ ગાંધી સાથે દિગ્ગજો હાજર

(એજન્સી) નવી દિલ્હી | તા 23

રાહુલ ગાંધીએ અમેઠી અને વાયનાડ એમ બે લોકસભા બેઠકોમાંથી વાયનાડની બેઠક ખાલી કર્યા બાદ હવે આ બેઠક પર પેટાચૂંટણી યોજાઈ રહી છે. જેને લઈને આ બેઠક ફરી હોટસીટ બની ગઈ છે. હવે આ બેઠક પર તેમની બહેન પ્રિયંકા ગાંધીએ કોંગ્રેસ વતી ઉમેદવારી નોંધાવવાની તૈયારી કરતાં આજે કોંગ્રેસ તરફથી રોડ શોનું આયોજન કરવામાં આવ્યું છે જેમાં રાહુલ ગાંધી, રોબર્ટ વાડરા સહિત અનેક દિગ્ગજોની હાજરી જોવા મળી. 2024ની લોકસભા ચૂંટણીમાં બંને બેઠકો પરથી જીત્યા બાદ રાહુલ ગાંધીએ અમેઠીને જાળવી રાખવાનો નિર્ણય કર્યો હતો. આ કારણે વાયનાડ સીટ ખાલી પડી અને ભાજપએ વાયનાડ લોકસભા પેટાચૂંટણી માટે પ્રિયંકા ગાંધી સામે નવ્યા હરિદાસને મેદાનમાં ઉતાર્યા. વ્યવસાયે



મિકેનિકલ એન્જિનિયર નવ્યાએ 2007માં બી.ટેક પૂર્ણ કર્યું. તેમની સોશિયલ મીડિયા પ્રોફાઈલ મુજબ, તે કોઝિકોડ કોર્પોરેશનમાં કાઉન્સિલર છે અને ભાજપ મહિલા મોરચાના રાજ્ય મહાસચિવ તરીકે પાર્ટી માટે કામ કરે છે.15 ઓક્ટોબરે ચૂંટણી પંચે 48 વિધાનસભા મતવિસ્તાર અને બે સંસદીય બેઠકો માટે પેટાચૂંટણીની જાહેરાત કરી હતી. મહારાષ્ટ્ર અને ઝારખંડ વિધાનસભા ચૂંટણીની સાથે આ પેટાચૂંટણીઓ બે તબક્કામાં યોજાવા જઈ રહી છે. પ્રથમ તબક્કા માટે 13 નવેમ્બરે મતદાન થશે, જેમાં કેરળની 47 વિધાનસભા સીટ અને વાયનાડ લોકસભા સીટનો સમાવેશ થાય છે.

### સુપ્રીમ કોર્ટે 8:1 ની બહુમતી સાથે ચુકાદાને બદલી નાખતાં આદેશ

# કેન્દ્ર સરકારને મોટો ઝટકો, સુપ્રીમ કોર્ટે દારૂ અંગે 34 વર્ષ જૂનો આદેશ પલટ્યો

(એજન્સી) નવી દિલ્હી | તા 23

દારૂ અંગે સુપ્રીમ કોર્ટે તેનો 34 વર્ષ જૂનો ચુકાદો પલટી નાખ્યો છે. આ આદેશ કેન્દ્ર સરકાર માટે એક મોટો ઝટકો માનવામાં આવી રહ્યો છે. માહિતી અનુસાર સુપ્રીમ કોર્ટે 8:1 ની બહુમતી સાથે 34 વર્ષ જૂના ચુકાદાને બદલી નાખતાં આદેશ આપ્યો છે કે, રાજ્ય સરકાર પાસે જ ઈન્ડસ્ટ્રીયલ આલ્કોહોલના નિર્માણ, ઉત્પાદન અને સપ્લાય પર નિયામક અધિકારો છે.

ચીફ જસ્ટિસ ઓફ ઈન્ડિયા ચંદ્રચૂડની અધ્યક્ષતા હેઠળ નવ જજની બેન્ચે સમર્થન આપ્યું છે કે, રાજ્યો આ પ્રકારના આલ્કોહોલમાંથી મોટાપાયે આવક મેળવી રહી છે. તેઓ જ ઈન્ડસ્ટ્રીયલ આલ્કોહોલ સહિત તમામ પ્રકારના દારૂ અને તેના રો મટિરિયલ પર ટેક્સ કંટ્રોલ અને અન્ય નિયંત્રણો લાદવાનો હક છે. માત્ર અમુક ચોક્કસ ઈન્ડસ્ટ્રી પર જ કેન્દ્ર હક દર્શાવી શકશે.સુપ્રીમ કોર્ટના આદેશમાં ઈન્ડસ્ટ્રીયલ આલ્કોહોલને બંધારણની 11મી યાદીની 8મી એન્ટ્રી અંતર્ગત બિનઝેરી દારૂની કેટેગરીમાં વ્યાખ્યાયિત કરવામાં આવ્યો છે. જેથી તેના ઉત્પાદન, ટેક્સ અને નિયંત્રણોનો અધિકાર રાજ્યોને આપવા મંજૂરી અપાઈ છે. સુપ્રીમ કોર્ટે જણાવ્યું કે, રાજ્યો પાસેથી ઈન્ડસ્ટ્રીયલ આલ્કોહોલ પર કાયદો ઘડવાની સત્તા છીનવી શકાય નહીં. નવ જજોની બેન્ચમાંથી એક જસ્ટિસ બીવી નાગરત્નાએ આ મામલે અસહમતિ દર્શાવી હતી કે, સંસદને ઈન્ડસ્ટ્રીયલ આલ્કોહોલનું નિયમન કરવાની સત્તા આપવામાં આવે, જ્યારે રાજ્યોને ઝેરી દારૂ અને પોટેબલ આલ્કોહોલ પર નિયંત્રણો આપવા જોઈએ.

34 વર્ષ પહેલાં સાત જજોની બંધારણીય બેન્ચે આ કેસમાં ઈન્ડસ્ટ્રીયલ આલ્કોહોલના ઉત્પાદન અને નિયમનની સત્તા કેન્દ્રને સોંપવા સહમતી દર્શાવી હતી. આ ચુકાદાને બદલી દેતાં કોર્ટની નવી બેન્ચે સ્પષ્ટતા કરી હતી કે, ઈન્ડસ્ટ્રીયલ આલ્કોહોલ પીવા માટે વપરાતો નથી. તેથી તેને બંધારણ મુજબ બિનઝેરી દારૂ કેટેગરીમાં વર્ગીકૃત કરવો જોઈએ.

## કાર સાથે પ્રોપર્ટી ડીલરને બાળી નાખ્યો, મિત્રો પર જ હત્યાનો આરોપ, ગ્રેટર નોઈડાની ડરામણી ઘટના

(એજન્સી) નવી દિલ્હી | તા 23

ઉત્તર પ્રદેશના ગ્રેટર નોઈડામાં પ્રોપર્ટી ડીલરને તેના મિત્રોએ જ જીવતો સળગાવી દીધો હતો. પરિવારજનોની ફરિયાદના આધારે પોલીસે બે આરોપીઓની અટકાયત કરી છે. તેમણે આ ગુનો લેવડ-દેવડના વિવાદને લઈને કર્યો હતો. હાલ તેની પૂછપરછ ચાલી રહી છે. આ ઘટના ગ્રેટર નોઈડાના દાદરી પોલીસ સ્ટેશન વિસ્તારમાં બની હતી. કોટ પુલ નાગલા પાસે ફોર્ચ્યુનર કારમાં ભીષણ આગ ફાટી નીકળી હતી. લોકોએ નજીક જઈને જોયું તો ખબર પડી કે કારમાં બેઠેલો યુવક પણ સળગી રહ્યો હતો. લોકોએ આગ પર કાબૂ મેળવવા અને યુવકને બહાર કાઢવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ આ પ્રયાસ નિષ્ફળ રહ્યો અને યુવક મૃત્યુ પામ્યો હતો. પોલીસે યુવકની ઓળખ ગાઝિયાબાદના રહેવાસી સંજય યાદવ તરીકે કરી છે. સંજય



પ્રોપર્ટી બ્રોકર હતો અને ગાઝિયાબાદના નેહરુ નગરમાં રહેતો હતો. તેમની ફોર્ચ્યુનર કાર રોડથી 100 મીટર દૂર પાર્ક કરેલી મળી આવી હતી. આથી તેની હત્યાની આશંકા છે. હાલ પોલીસ આ મામલે તપાસ કરી રહી છે.પરિવારજનોએ પોલીસને જણાવ્યું કે, સંજય યાદવનો કેટલાક મિત્રો સાથે ઘરેણાંને લઈને વિવાદ ચાલી રહ્યો હતો. તેણે જ સંજયને જીવતો સળગાવી દીધો હતો. પોલીસે કેસ નોંધીને સંજયના બે મિત્રોની અટકાયત કરીને પૂછપરછ શરૂ કરી છે. તેમણે કહ્યું કે નામ સામે આવ્યા બાદ અન્ય લોકો સામે પણ કાર્યવાહી કરવામાં આવશે.

## દિલ્હી-જયપુર હાઈવે પર ભયંકર અકસ્માત, બસ-ટ્રકની ટક્કરમાં 3નાં મોત, 10થી વધુ લોકો ઘાયલ

અલવર : રાજસ્થાનના અલવર જિલ્લામાં બુધવારે સવારે દિલ્હી-જયપુર નેશનલ હાઈવે-48 પર બસ અને ટ્રક વચ્ચે ભયંકર અકસ્માત સર્જાયો. જેમાં બે મહિલાઓ સહિત ત્રણ લોકોના મૃત્યુ થતાં ખળભળાટ મચી ગયો હતો. આ અકસ્માતમાં 10 લોકો ઘાયલ થયા હતા. જેમાંથી ઘણાની હાલત નાજુક છે એટલે મૃત્યુઆંક પણ વધી શકે છે.

માહિતી મુજબ દિલ્હી-જયપુર નેશનલ હાઈવે-48 પર કોટપુતલી પાસે બુધવારે સવારે એક સ્લીપર બસ દિલ્હીથી જયપુર જઈ રહી હતી ત્યારે આગળ જઈ રહેલા ટ્રક સાથે તેની ટક્કર થઈ ગઈ હતી. આ અકસ્માતમાં ત્રણ લોકોના ઘટનાસ્થળે જ મોત થયા હતા, જ્યારે 10 લોકો ગંભીર રીતે ઘાયલ થયા હતા. ઘાયલોની હાલત નાજુક હોવાથી તેમને કોટપુતલી જિલ્લા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા, જ્યાં તેમની સારવાર ચાલી રહી છે. અકસ્માત સમયે બસમાં લગભગ 46 મુસાફરો હાજર હતા.

# બાબા સિદ્દિકી હત્યાકાંડ મામલે પૂછપરછમાં નવો ખુલાસો, લોરેન્સ બિશ્નોઈના ભાઈના સંપર્કમાં હતા શૂટર્સ

■ ક્રાઈમ બ્રાન્ચે બાબા સિદ્દિકી હત્યાના મામલે અત્યાર સુધી 10 આરોપીની ધરપકડ

(એજન્સી) નવી દિલ્હી | તા 23

બાબા સિદ્દિકીની હત્યાના મામલે તપાસ કરી રહેલી મુંબઈ ક્રાઈમ બ્રાન્ચે ખુલાસો કર્યો છે કે, આ કેસમાં શૂટરની લોરેન્સ બિશ્નોઈના ભાઈ અનમોલ બિશ્નોઈ સાથેની લિંક મળી છે. ક્રાઈમ બ્રાન્ચ અનુસાર, આરોપીઓની પૂછપરછમાં જણકારી મળી કે, શૂટર લોરેન્સ બિશ્નોઈના ભાઈ સાથે સીધા સંપર્કમાં હતો. જોકે, પૂછપરછમાં હત્યાનું કારણ જાણી શકાયું નથી.



મુંબઈ ક્રાઈમ બ્રાન્ચને NCP નેતા બાબા સિદ્દિકીની હત્યાના મામલે તપાસ દરમિયાન પહેલીવાર લોરેન્સ બિશ્નોઈના ભાઈ અનમોલ બિશ્નોઈની શૂટર સાથે સીધી લિંક મળી ગઈ છે. મળતી માહિતી મુજબ, હત્યા કરનાર શંકાસ્પદ ત્રણ શૂટર્સે હત્યા પહેલાં એક ઈન્સ્ટન્ટ મેસેંજિંગ એપ (સ્નેપચેટ) દ્વારા જેલમાં બંધ ગેંગસ્ટર લોરેન્સ બિશ્નોઈના ભાઈ અનમોલ બિશ્નોઈ સાથે વાતચીત કરી હતી. અનમોલ બિશ્નોઈ પણ એક શૂટર અને સમગ્ર ઘટનાનું કાવતરૂં રચનાર પ્રવીણ લોનકરના સંપર્કમાં હતો. અનમોલ કેનેડા અને અમેરિકાના આરોપીઓના સંપર્કમાં હતો. ક્રાઈમ બ્રાન્ચ દ્વારા આરોપીઓ પાસેથી ચાર મોબાઈલ ફોન પણ જપ્ત કરવામાં આવ્યા છે. ક્રાઈમ બ્રાન્ચે બાબા સિદ્દિકી હત્યાના મામલે અત્યાર સુધી 10 આરોપીની ધરપકડ કરી છે.

જેમાં બે શૂટર અને હથિયાર સપ્લાયર પણ સામેલ છે. બાબા સિદ્દિકીની હત્યા મામલે શૂટર શિવકુમાર ગૌતમ અને પોલીસે જેને આરોપી જણાવ્યાં તેમાંથી ઘણાં હજુ ફરાર છે. આરોપી સ્નેપચેટ દ્વારા એકબીજાના સંપર્કમાં હતાં અને મેસેજના માધ્યમથી નિર્દેશ મળ્યા બાદ તેને તુરંત ડિલીટ કરી દેતા હતાં. ધરપકડ કરવામાં આવેલા આરોપીઓના સ્નેપચેટની ઝીણવટભરી તપાસ કરતાં જાણ થઈ કે, શૂટર અને પ્રવીણ લોનકર સીધા અનમોલ બિશ્નોઈના સંપર્કમાં હતાં.

આ મામલે હવે ક્રાઈમ બ્રાન્ચ જલ્દી જ સંબંધિત ધારાઓ જોડવાની તૈયારીમાં છે. તપાસ દરમિયાન ક્રાઈમ બ્રાન્ચને એવા ઘણાં સ્નેપચેટ એકાઉન્ટની જાણકારી મળી, જેની મદદથી આરોપીઓ એકબીજાના સંપર્કમાં રહેતા હતાં.

# સેવાગ્રામમાં બજાજ ફાઉન્ડેશન દ્વારા ધ્યાન અભિયાનની ચોથી આવૃત્તિનું સફળ આયોજન

મુંબઈ | તા 23

કમલનયન જમનાલાલ બજાજ ફાઉન્ડેશન અને વિશ્વ યુવા કેન્દ્ર, નવી દિલ્હીના સંયુક્ત ઉપક્રમે આયોજિત ધ્યાન અભિયાનની ચોથી આવૃત્તિ સેવાગ્રામના યાત્રી નિવાસ ખાતે સફળતાપૂર્વક સંપન્ન થઈ હતી. આ પાંચ દિવસીય રાષ્ટ્રીય એક્સપોઝર અને ક્ષમતા નિર્માણ કાર્યશાળામાં 14 રાજ્યોમાંથી 70 સામાજિક સંસ્થાઓના 100 થી વધુ પ્રતિનિધિઓએ ભાગ લીધો હતો. અભિયાનનો ઉદ્દેશ્ય નેતૃત્વ વિકાસ અને આત્મનિર્ભરતાને પ્રોત્સાહન આપવાનો હતો.



ઝુંબેશ કાર્યક્રમની શરૂઆત પરંપરાગત દીપ પ્રાગટ્ય અને ભારતના સાંસ્કૃતિક પ્રદર્શન સાથે થઈ હતી, જેમાં શ્રી કાલેએ રજૂઆત કરી હતી. વિશ્વ યુવક કેન્દ્રના સીઈઓ ઉદય શંકર સિંહે આ મહત્વપૂર્ણ પહેલના ઉદ્દેશ્યો પર પ્રકાશ પાડ્યો હતો. અગ્રણી મહેમાનોએ વિવિધ મુદ્દાઓ પર તેમના વિચારો રજૂ કર્યા. ભારત, પ્રમુખ, ગાંધી સેવા સંઘે ગાંધીવિચારોની પ્રાસંગિકતા પર વક્તવ્ય આપ્યું હતું. કે.કે. સિંઘ, વાઈસ ચાન્સેલર, મહાત્મા ગાંધી ઈન્ટરનેશનલ હિન્દી યુનિવર્સિટીએ સામાજિક સંસ્થાઓની ભૂમિકા વિશે પોતાના વિચારો વ્યક્ત કર્યા હતા. પદ્મશ્રી સુભાષ પાલેકરે પ્રાકૃતિક ખેતીની પ્રાસંગિકતા અને ગાંધીજીના ગ્રામીણ વિકાસના વિઝન વિશે માહિતી આપી હતી. બજાજ ફાઉન્ડેશનના પ્રાદેશિક પ્રબંધક મહેન્દ્ર ફતેહે ફાઉન્ડેશન હેઠળ વર્ધા જિલ્લામાં જળ સંસાધન વિકાસ અને કૃષિ ક્ષેત્રે થયેલ કાર્યોની વિસ્તૃત માહિતી આપી હતી. ત્રીજા દિવસે, ક્ષેત્રની મુલાકાત અને વ્યવહારુ અનુભવના ભાગરૂપે, સહભાગીઓએ ઘણી મહત્વપૂર્ણ સાઈટ્સની મુલાકાત લીધી. થંગાવેલ ડેટ પામ અને ડ્રેગન ફ્રૂટ ફાર્મમાં તેમણે આધુનિક કૃષિ તકનીકો અને ઉપજ વધારવાની પદ્ધતિઓ શીખી. રચના નેચરલ ફાર્મ ખાતે કુદરતી ખેતીની પદ્ધતિઓનું અવલોકન કર્યું. રિવર રિવાઈવલ અને ચેક ડેમ સાઈટ્સ પર ડિઝાઈન ફોર ચેન્જ પહેલ હેઠળ વિદ્યાર્થીઓ સાથે વાર્તાલાપ દ્વારા જળ સંરક્ષણ વિશેની માહિતી મેળવવામાં આવી હતી. સંજય ઘુમડે ફાર્મ ખાતે, 'સ્વ-નિર્ભર કુટુંબ' ખ્યાલ અને સ્માર્ટ માર્કેટિંગ વ્યૂહરચનાઓ પર ચર્ચા કરવામાં આવી હતી. સમાપન સમારોહમાં વર્ધાના પ્રાકૃતિક મધમાખી ઉછેર અને સંશોધન કેન્દ્રના ડો.ગોપાલ પાલીવાલે ગ્રામીણ જીવન અને રોજગારીની તકો અંગે માર્ગદર્શન આપ્યું હતું.

### સર્વે દર્શાવે છે કે 7% દીકરીઓ વસિયતનામા દ્વારા સમાન વારસો મેળવે છે

# સનફીસ્ટ મોમ્સ મેજિક તેની પહેલ 'વિલ ઓફ ચેન્જ' દ્વારા દેશભરની માતાઓને આમાં ફેરફાર કરવા પ્રેરિત કરે છે

મુંબઈ | તા 23

જો કે, વાસ્તવમાં ભારતમાં પુત્રીઓને પુત્રોની જેમ કુટુંબની મિલકતના વારસામાં સમાન અધિકાર છે તે સત્યથી દૂર છે. સનફીસ્ટ મોમ્સ મેજિક શો દ્વારા કરવામાં આવેલ સંશોધન દર્શાવે છે કે માત્ર 7% દીકરીઓને જ વસિયત દ્વારા સમાન વારસો મળે છે. ભારતીય પરિવારોમાં લાંબાસમયથી ચાલતી માન્યતા "બેટીયાં પરાયા ધન હોતી હૈં" (દીકરીઓ આખરે કોઈ બીજાની જવાબદારી છે) હજુ પણ ખૂબ પ્રચલિત છે. અલી હેરિસ શેર, ચીફ ઓપરેટિંગ ઓફિસર, બિસ્કીટ એન્ડ કેક્સ ક્લસ્ટર, ફૂડ્સ ડિવિઝન, ITC લિમિટેડ, એ આ અભિયાનના મહત્વ પર ભાર મૂકતા જણાવ્યું હતું કે, "ભારતમાં મોટી સંખ્યામાં માતાઓએ પોતાના માતા-પિતા દ્વારા વારસામાં અન્યાયી વર્તનનો સામનો કરવો પડ્યો છે, તે જ તે છે જેઓ હવે તેમની પુત્રીઓ માટે તેમના પોતાના પરિવારોમાં ખરેખર પરિવર્તન લાવી શકે છે. 'વિલ ઓફ ચેન્જ' ઝુંબેશ દ્વારા, અમે માતાઓને દીકરીઓ માટે સમાન વારસાના અધિકારો સુનિશ્ચિત કરવા અને પરિવર્તનની માતા બનવા માટે પ્રેરણા આપવાની આશા રાખીએ છીએ." સમયની સાથે, ભારતની માતાઓએ તેમના સંબંધિત વિવિધ મુદ્દાઓ પર સ્ટેન્ડ લેવા અને મજબૂત દૃષ્ટિકોણ રાખવા માટે તેમનો અવાજ શોધી કાઢ્યો છે. આઈટીસી સનફીસ્ટ મોમ્સ મેજિક, માતાઓને અસર કરતા કારણો લેવા માટે જાણીતી એક બ્રાન્ડ, તેના ભૂતકાળના અભિયાનો દ્વારા તેમને પ્રેરણા આપી રહી છે. બ્રાંડની નવીનતમ પહેલ 'વિલ ઓફ ચેન્જ' ઊંડે જડિત સામાજિક પૂર્વગ્રહ પર પ્રકાશ પાડે છે જે જુએ છે કે વારસાની બાબતોમાં દીકરીઓને અવગણવામાં આવી રહી છે, જે સમાનતા તરફ વળવાની હિમાયત કરે છે.




### મારપીટનો એક વીડિયો સોશિયલ મીડિયા પર વાઈરલ થઈ રહ્યો

# જામિયા યુનિવર્સિટીમાં ફરી હોબાળો, દિવાળીની ઉજવણી પર રોકથી મામલો બીચક્યો

(એજન્સી) નવી દિલ્હી | તા 23

જામિયા મિલિયા ઈસ્લામિયા યુનિવર્સિટીના પરિસરમાં મંગળવારે (22 ઓક્ટોબર) વિદ્યાર્થીઓના એક સમૂહની તરફથી દિવાળી કાર્યક્રમ દરમિયાન વિવાદ સર્જાયો હતો. કહેવામાં આવી રહ્યું છે કે, વિદ્યાર્થીઓએ પહેલાંથી સુનિશ્ચિત વિસ્તારમાં દીવા પ્રગટાવ્યા હતાં. આ દરમિયાન રંગોળી હરિફાઈનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. આયોજન કરનાર વિદ્યાર્થીઓનો આરોપ છે કે, આ દરમિયાન બીજા પક્ષના લોકો આવ્યા અને રંગોળી ભૂંસી નાંખી તેમજ દીવા પણ ઓલવી દીધા. ત્યારબાદ જામિયા પરિસરમાં હંગામો શરૂ થઈ ગયો. દિવાળી કાર્યક્રમમાં કથિત અડચણ ઊભી કર્યા બાદ થયેલો હંગામો આશરે અડધો કલાક સુધી ચાલ્યો. આ દરમિયાન બંને પક્ષના લોકો વચ્ચે જોરદાર મારપીટ પણ થઈ. આ મારપીટનો એક વીડિયો સોશિયલ મીડિયા પર વાઈરલ થઈ રહ્યો છે. ઘટનાની સૂચના પોલીસને કરવામાં આવી હતી. પોલીસને જાણ થતાં જ તે ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. જોકે, પોલીસ પહોંચે તે પહેલાં જ બંને પક્ષના વિદ્યાર્થીઓ ત્યાંથી જતા રહ્યાં હતાં. જેથી પોલીસ ઈજાગ્રસ્ત વિદ્યાર્થીઓની એમએલસી અને ફરિયાદની રાહ જુએ છે. પોલીસ સૂત્ર પાસેથી મળતી માહિતી મુજબ, આગળની કાર્યવાહી કરવામાં આવશે. મંગળવારે વિદ્યાર્થીઓના એક વર્ગની તરફથી જામિયા મિલિયા ઈસ્લામિયા વિશ્વવિદ્યાલયના પરિસરમાં રંગોળીની હરિફાઈ અને દીપોત્સવ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. સાંજે આશરે 7:30 વાગ્યાથી આ કાર્યક્રમ શરૂ થયો હતો. જે દરિયાન આ સમગ્ર તઘટના બની હતી. આયોજકોનો આરોપ છે કે, દિવાળી કાર્યક્રમમાં આયોજન સ્થળથી પસાર થઈ રહેલાં વિદ્યાર્થીના એક વર્ગે પહેલાં રંગોળી ભૂંસી નાંખી બાદમાં દીવા ઓલવી દીધાં. ત્યારબાદ કાર્યક્રમમાં અડચણ ઊભી કરનાર બીજા વર્ગના વિદ્યાર્થીઓએ ત્યાં મઝહબી નારા લગાવવાના શરૂ કરી દીધાં. આયોજકોએ જ્યારે તેનો વિરોધ કર્યો તો નારા લગાવી રહેલાં વિદ્યાર્થીઓ સાથેનો વિવાદ મારપીટમાં ફેરવાઈ ગયો. ત્યારબાદ બંને પક્ષ વચ્ચે વિવાદ વધી ગયો અને ઝઘડો વધી ગયો. મારપીટમાં ઘણાં લોકો ઘાયલ થયાં હતાં. આ ઘટના વિશે એબીવીપીના એક પદાધિકારીએ જણાવ્યું કે, આ ખૂબ જ શાંતિપૂર્ણ માનવામાં આવતો કાર્યક્રમ હતો. તે એબીવીપીના રાષ્ટ્રીય કલા મંચ તરફથી આયોજિત કરવામાં આવ્યો હતો. જેમાં દીવા પ્રગટાવવામાં આવ્યા હતાં પરંતુ અમુક લોકોએ આપત્તિજનક ભાષાનો પ્રયોગ કર્યો.

**પશ્ચિમ રેલવે - અમદાવાદ ડિવિઝન**

**ઈલેક્ટ્રિકલ કાર્ય**

**ઇ-ટેન્ડર-નોટિસ નંબર : Sr.DEE/ADI/47 (24-25) તારીખ- 21.10.2024 ટેન્ડર નંબર :** EL-50-1-ADI-T-62-2024-25 **કામનું નામ :** સાબરમતી ખાતે રમતગમતની સુવિધા વધારવા અને અમદાવાદ રેલવે સ્ટેશન પર આઉટ ટુ આઉટ FOB રિપેર કરવા સંબંધિત ઇલેક્ટ્રિકલ કાર્ય. **અંદાજિત કિંમત :** ₹1,05,18,292/- **અર્નેસ્ટ મની :** ₹2,02,600/- **ટેન્ડર ફોર્મ જમા કરવાની છેલ્લી તારીખ અને સમય :** 19.11.2024 ના 15:00 કલાક સુધી. **ટેન્ડર ફોર્મ ખોલવાની તારીખ અને સમય :** 19.11.2024 ના 15:30 કલાકે. **ઓફિસ સરનામું :** સિનીયર વિભાગીય વિધુત ઇન્જીનિયર. ડી.આર.એમ. ઓફિસ, ચામુંડા બ્રિજ પાસે, જી.સી.એસ. હોસ્પિટલની સામે, નરોડા રોડ, અમદુપુરા, અમદાવાદ- 382345 **વેબ સાઈટ સરનામું :** www.ireps.gov.in 211

અમને લાઇક કરો: facebook.com/WesternRly

**પશ્ચિમ રેલવે – અમદાવાદ ડિવિઝન**

**ડિઝલ એન્જીન માટે વાર્ષિક જાળવણી કોન્ટ્રાક્ટ**

**ઈ-ટેન્ડર નોટીસ નં.** સિની.ડીઈઈ/ટીઆર/એડીઆઈ/07 (2024-25) તા.17-10-2024. **અનું. નં.1 ટેન્ડર નં.** ટીઆરડી-એડીઆઈ-ટી-04-2024-25 **કામનું નામઃ** અમદાવાદ ડિવિઝનના ટીઆરડી યુનિટ માટે 8-વ્હિલર ટાવર વેગન્સના ડિઝલ એન્જીનનો 02 વર્ષ માટે સર્વગ્રાહિ વાર્ષિક જાળવણી કોન્ટ્રાક્ટ (એએમસી). **અંદાજીત પડતરઃ** ₹ 4,68,63,886/- **અર્નેસ્ટ મનીઃ** ₹ 3,84,300/- **ટેન્ડર જમા કરવાની અને ખુલવાની તારીખ અને સમયઃ** તા.14-11-2024 ના 15:00 કલાકે તે પછી નહિં અને તા.14-11-2024 ના 15:30 કલાકે ટેન્ડર ખોલાશે. **ઓફીસનું સરનામું અને વેબસાઈટ વિગતઃ** સિની. ડિવિઝનલ ઈલેક્ટ્રિકલ એન્જીનીયર, ડી.આર.એમ. ઓફીસ (પ.રે.), ચામુંડા બ્રિજ પાસે, જી.સી.એસ. હોસ્પિટલની સામે, નરોડા રોડ, અમદુપુરા, અમદાવાદ-382345. **વેબસાઈટઃ** www.ireps.gov.in ADI-208

અમને ફોલો કરો: twitter.com/WesternRly

**પશ્ચિમ રેલવે – અમદાવાદ ડિવિઝન**

**પાર્સલ સ્પેસ લિઝીંગ પર આપવા માટે ઈ-હરાજી**

ઉપરોક્ત સંદર્ભમાં, અમદાવાદ ડિવિઝન થી શરૂ થતી પેસેન્જર લઈ જતી ટ્રેનોમાં,નીચે મુજબના આઈઆરઈપીએસ વેબસાઈટ પર પહેલે થી પ્રકાશિત કરવામાં આવેલ, કેટલોગ માટે પાર્સલ સ્પેસ લિઝીંગ પર આપવાની ઈ-હરાજી માટે બીડ્સ આમંત્રિત કરવામાં આવે છે. વિગતો નીચે મુજબ આપવામાં આવેલ છે.

| કેટલોગ નં. | કોન્ટ્રાક્ટનો પ્રકાર | કેટેગરી | ઈ-હરાજી ની તારીખ અને સમય |
|---|---|---|---|
| ADI-Lease-25-24 | પાર્સલ | પાર્સલ - SLR | લોટ માટે ઈ-હરાજી તા.04-11-2024 ના 10:00 કલાક થી શરૂ થશે. |

નોંધ : પ્રસ્તાવિત બિડર્સને IREPS વેબસાઈટ (www.ireps.gov.in) પર ઈ-હરાજી લીઝિંગ મોડ્યૂલની મુલાકાત લેવા વિનંતી કરવામાં આવે છે. લોટ વાઈઝ વિગતો ત્યાં દર્શાવિલા કેટલોગ નંબર હેઠળ ઉપલબ્ધ છે. પ્રારંભિક કૂલિંગ ઑફ પિરિયડ 30 મિનિટ છે. સફળ લોટ બંધ થવાનું મધ્યાંતર 10 મિનિટ છે. લોટ-વાઈઝ બંધ થવાનો સમય આઈઆરઈપીએસ ના ઈ-હરાજી મોડ્યૂલ માં જોઈ શકાશે. ADI-209

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly

સિટી એક્સપ્રેસ

THURSDAY 24 OCTOBER-2024

AHMEDABAD

## આનંદો : પડતર દિવસે સરકારી કર્મચારીઓને રજા

રાજ્ય સરકારે દિવાળી અને બેસતા વર્ષ વચ્ચે આવતા પડતર દિવસે રજા જાહેર કરી છે. આ વખતે 31 ઓક્ટોબરે ગુરુવારે દિવાળી છે અને 2 નવેમ્બરે બેસતું વર્ષ છે, જ્યારે 1 નવેમ્બરે શુક્રવારે પડતર દિવસ છે. સરકારી કચેરીઓમાં દિવાળી (ગુરુવાર) અને બેસતા વર્ષ (શનિવાર) રજા હતી. હવે પડતર દિવસે (શુક્રવારે) રજા જાહેર કરાતાં ગુરુવારથી રવિવાર સુધી મિની વેકેશન જેવો માહોલ જામશે.9 નવેમ્બરે બીજા શનિવારે ઓફિસ ચાલુ રહેશે.

## ગુજરાતીઓ ગરમી સહન કરવા તૈયાર રહો

ગુજરાત રાજ્યમાં ચોમાસા એ વિદાય લીધી બાદ પણ કમોસમી વરસાદે માજા મૂકી હતી, જેને કારણે દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના જિલ્લાઓમાં ગાજવીજ સાથે ભારે વરસાદ વરસ્યો હતો. પરંતુ હવે આગામી સાત દિવસ દરમિયાન ગુજરાત રાજ્યનું વાતાવરણ શુષ્ક રહેવાની શક્યતાઓ છે. હવામાન વિભાગ દ્વારા હજુ આગામી પાંચથી સાત દિવસ દરમિયાન ગુજરાત રાજ્યભરના વિવિધ શહેરોના મહત્તમ તાપમાનમાં ત્રણ ડિગ્રી સુધીનો વધારો થવાની શક્યતા વ્યક્ત કરી છે. જ્યારે લઘુત્તમ તાપમાન યથાવત રહેવાની સંભાવના છે.



## ગુજરાતમાં ફૂડ વિભાગની ટીમ દ્વારા ઠેર-ઠેર દરોડા

# ગુજરાતમાં પનીર બાદ 'નકલી ઘી'ની ફેક્ટરી ઝડપાઈ

## ફૂડ વિભાગે 118 ઘીના ડબ્બા કર્યા સીઝ



માહિતી બ્યુરો | પાલનપુર

દિવાળીના તહેવારના ગણતરીના દિવસોમાં બાકી છે, ત્યારે ગુજરાતમાં ફૂડ વિભાગની ટીમ દ્વારા ઠેર-ઠેર દરોડા પાડીને બનાવટી વસ્તુઓ જપ્ત કરીને કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી છે, ત્યારે મહેસાણા જિલ્લાના કડી તાલુકામાંથી એક મહિનામાં બીજી વાર શંકાસ્પદ ઘી ઝડપાયું છે. જ્યારે થોડા દિવસ પહેલા પણ મહેસાણાની ક્રિષ્ના અને નમન ડેરીમાંથી શંકાસ્પદ 800 કિ.લો. પનીર જપ્ત કરાયું હતું.

### 10 લાખ કિંમતનું શંકાસ્પદ ઘી જપ્ત

કડીની બુડાસણ GIDCમાં આવેલી એક ફેક્ટરીમાં નકલી-ભેળસેળવાળું ઘી બનાવવામાં આવતું હોવાની ફૂડ વિભાગની બાતમી મળતા પોલીસ સાથે રાખીને દરોડા પાડવામાં આવ્યાં. જેમાં આશરે 10 લાખ કિંમતનું 2500 કિ.લો. શંકાસ્પદ 118 ઘીના ડબ્બા જપ્ત કરવામાં આવ્યાં. ફૂડ વિભાગે શંકાસ્પદ ઘીના સેમ્પલ લઈને પરીક્ષણ માટે લેબમાં મોકલ્યા છે. જ્યારે શંકાસ્પદ ઘીનો રિપોર્ટ સામે આવ્યા બાદ આગળની કાર્યવાહી હાથ ધરાશે.

## એક જ પરિવારના બે બાળકોના તળાવમાં ડૂબી જવાથી મોત, ગ્રામજનોમાં છવાઈ શોકની લાગણી

(એજન્સી) કચ્છ | તા.23

કચ્છના માંડવીમાંથી એક દુઃખદ ઘટના સામે આવી છે. મારવાડા પરિવારના બે બાળકો ભેંસ ચરાવવા ગયા હતાં, જ્યાં આકસ્મિક રીતે બંને બાળકોનું તળાવમાં ડૂબી જવાથી મોત નિપજ્યું હતું. સ્થાનિકોનો આરોપ છે કે, રેતી ચોરવા આવેલાં લોકોએ ખાડો કર્યો હતો જેમાં પડી જવાથી બંને બાળકો તળાવમાંથી બહાર ન નીકળી શક્યાં અને તળાવમાં જ મૃત્યુ પામ્યાં.



### શું હતી સમગ્ર ઘટના?

માંડવીના ન્યૂ મારવાડા વાસમાં રહેતાં બે બાળકો માંડવી-નલિયા રોડ પર ભેંસ ચરાવવા ગયા હતાં. જોકે, ત્યાં આકસ્મિક રીતે બંને બાળકો તળાવમાં ડૂબી ગયા હતાં. સાંજે ભેંસ ઘરે પહોંચી ગઈ પરંતુ બાળકો ઘરે ન આવતાં પરિવારજનોને ચિંતા થવા લાગી. ભેંસોને બાંધીને પરિવાર તેમજ ગ્રામજનો બાળકોને શોધવા નીકળ્યા હતાં. ત્યારે તેમને તળાવના કિનારે બાળકોના ચંપલ અને લાકડી મળી આવી હતી.

### એક જ પરિવારના બે બાળકોના મોત

તળાવના કિનારે બાળકના ચંપલ દેખાતા પરિવારજનોએ તાત્કાલિક તરવૈયા અને ફાયર બ્રિગેડને બોલાવી બાળકોની શોધ કરવાનું શરૂ કર્યું હતું. લાંબી શોધખોળ બાદ તળાવમીંથી બંને બાળકોની લાશ મળી આવતા સૌ કોઈ સ્તબ્ધ થઈ ગયા હતાં. મૃતક બાળકોનીસ ઓળખ 12 વર્ષનો હીરજી મારવાડા અને 10 વર્ષના ઓકેશ મારવાડા તરીકે થઈ છે. બંને પિતરાઈ ભાઈઓ છે. પોતાના 10 વર્ષના બાળકના મૃત્યુની ખબરથી પિતા મનજીભાઈ બેભાન થઈ ગયા હતાં. આ સાથે એક જ પરિવારના બે બાળકોની મોતથી આખા ગામમાં શોકની લાગણી છવાઈ ગઈ હતી.

## ગુજરાતમાંથી પસાર થતી પશ્ચિમ રેલવેની આ ટ્રેન રદ

માહિતી અનુસાર 23 થી 26 ઓક્ટોબર વચ્ચે વાવાઝોડાની ભીષણ અસરને જોતાં 197 ટ્રેન રદ કરવાનો નિર્ણય કરાયો છે, ત્યારે પશ્ચિમ રેલવે પ્રમાણે, દાના વાવાઝોડાના અસરને ધ્યાનમાં રાખીને પુરી-ગાંધીધામ વચ્ચે દોડતી ટ્રેનને 26 ઑક્ટોબરના રોજ રદ કરવાનો નિર્ણય કરાયો છે.પશ્ચિમ રેલવે વિભાગ તરફથી મળતી માહિતી પ્રમાણે, ચક્રવાત દાનાને પગલે ગુજરાતથી પૂર્વિય તટ વિસ્તારમાં જતી ટ્રેનના મુસાફરોની સલામતી અને સુરક્ષાને ધ્યાનમાં રાખીને પૂરી-ગાંધીધામ એક્સપ્રેસ (ટ્રેન નંબર- 22974) ટ્રેન આગામી 26 ઑક્ટોબર 2024ના રોજ રદ કરવાનો રેલવે વિભાગ નિર્ણય કર્યો છે. આ ટ્રેનના સમય અને સ્ટોપેજ સંબંધિત જરૂર જાણકારી રેલવેની ઓફિશિયલ વેબસાઈટ www.enquiry.indianrail.gov.in મળી રહેશે.

### રાજ્ય સરકારે ખેડૂતોને થયેલા પાક નુકસાની મામલે

# ખેડૂતો માટે રાજ્ય સરકારે મોટા રાહત પેકેજની કરી જાહેરાત

**રાજ્ય સરકારે ખેડૂતોને થયેલા પાક નુકસાની મામલે મોટા રાહત પેકેજની જાહેરાત કરી છે. રાજ્ય સરકારે 1419.62 કરોડના રાહત પેકેજની જાહેરાત કરી છે. રાજ્યના 6 હજારથી વધુ ગામોના ખેડૂતોને મોટી રાહત મળશે. 20 જિલ્લાના 136 તાલુકાના ખેડૂતોને લાભ મળશે.**

(એજન્સી) ગાંધીનગર | તા.23

આ વર્ષે રાજ્યમાં મેઘરાજા મન મુકીને વરસ્યા હતા અને તેના કારણે રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં ખેડૂતોના પાકને મોટા પ્રમાણમાં નુકસાન પહોંચ્યું હતું અને ખેડૂતોના તૈયાર પાક વરસાદી પાણીમાં ધોવાઈ ગયા હતા અને ખેડૂતોને તૈયાર થયેલો કોળીયો છીનવાઈ ગયો હતો. ત્યારબાદ અનેક વખત ખેડૂતોએ સરકારને સહાય ચૂકવવા માટે રજૂઆત કરી હતી અને આખરે રાજ્ય સરકારે દિવાળી પહેલા ખેડૂતો માટે રાહત પેકેજની જાહેરાત કરી છે અને ખેડૂતોની દિવાળી સુધારી દીધી છે.



### પેકેજમાં રાજ્યના 7 લાખથી વધુ ખેડૂતોનો સમાવેશ

આ પેકેજમાં 7 લાખથી વધુ ખેડૂતોને આવરી લેવાયા છે. 1419.62 કરોડના રાહત પેકેજની જાહેરાત કરવામાં આવી છે. SDRFના નિયમ ઉપરાંત વધુ સહાય અપાશે. પેકેજમાં 136 તાલુકાના 6812 ગામને આવરી લેવાયા છે. 1097 કરોડ SDRF ફંડમાંથી અપાશે. પેકેજમાં રાજ્યના 7 લાખથી વધુ ખેડૂતોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

### અનેક વખત રાજ્ય સરકારને રજૂઆત કરવામાં આવી

ઉલ્લેખનીય છે કે અનેક ધારાસભ્યો અને સંસદ સભ્યો પણ પાક નુકસાની મામલે ખેડૂતોની વ્હારે આવ્યા હતા અને ખેડૂતોને તાત્કાલિક વળતર ચૂકવવામાં આવે તે અંગે કૃષિ મંત્રી અને રાજ્યના મુખ્યપ્રધાન ભૂપેન્દ્ર પટેલને પણ પત્ર લખીને રજૂઆત કરવામાં આવી હતી. ખેડૂતો સહાય સંદર્ભે કૃષિમંત્રી રાઘવજી પટેલે નિવેદન આપતા કહ્યું કે જમીન ધોવાણ સંદર્ભે સર્વે કરી સહાય ચૂકવાશે. ગુજરાત સરકારે નુકસાન પર મેમોરેન્ડમ કેન્દ્રને સોંપ્યું છે. રોડ રસ્તા, કૃષિ સહિત વિવિધ નુકસાની માટે મેમોરેન્ડમ સોંપવામાં આવ્યું છે. 9 હજાર કરોડની નુકસાનીનું મેમોરેન્ડમ કેન્દ્રને સોંપાયું છે. 33 ટકા કરતા વધુ વિસ્તારમાં નુકસાનીનું અનુમાન છે.

### અમદાવાદ નકલી કોર્ટ કેસ

## કોર્ટે નકલી જજ મોરિસ ક્રિશ્ચિયનના 11 દિવસના રિમાન્ડ કર્યા મંજૂર

અમદાવાદ :કરોડોની જમીન પચાવી પાડવા ઊભી કરાઈ નકલી કોર્ટ અને બની બેઠેલા જજ મોરીસ સેમ્યુઅલ ક્રિશ્ચિનનો કેસ હાલ ચર્ચામાં છે, ત્યારે સમગ્ર મામલે નકલી લવાદ મોરિસને કોર્ટમાં રજૂ કરવામાં આવ્યો હતો. જેમાં કોર્ટે નકલી જજના 11 દિવસના રિમાન્ડ મંજૂર કર્યા છે.

### નકલી જજના રિમાન્ડ મંજૂર

આરોપી કથિત એડવોકેટ મોરિસ સેમ્યુઅલ ક્રિશ્ચયને અમદાવાદમાં બૉગસ આર્બિટ્રેશન ઉભુ કરીને બાકાયદા કોર્ટ, જજ અને વકીલ, ક્લાર્ક, બેલીફ રાખી પાલડી ખાતેની સરકારી જમીનનો હુકમ કરતો હતો. આ કેસમાં અમદાવાદમાંથી પકડાયેલા નકલી જજ મોરિસ ક્રિશ્ચિયનના, કોર્ટે આગામી 3 નવેમ્બર સુધીના રિમાન્ડ મંજૂર કર્યા છે.

